# સંશોધન સારસંગ્રહ
(વર્ષ ૨૦૦૪-૨૦૦૫)

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૧ | પારાધી<br>(કચ્છ જિલ્લામાં વસવાટ કરતી પારાધી જાતિ તપાસ) | ૧ થી ૩ |
| ૨ | ઢેબરિયા કોળી જાતિ તપાસ | ૪ થી ૧૨ |
| ૩ | હળપતિ-તલાવિયા, આવાસ યોજના મૂલ્યાંકન અભ્યાસ | ૧૩ થી ૨૮ |
| ૪ | માનવ વિકાસ : ગુજરાતના આદિવાસી અને બિનઆદિવાસી ક્ષેત્રને અનુલક્ષી | ૨૯ થી ૩૧ |
| ૫ | જંગલ ગૌણપેદાશ એકત્રિકરણની આદિવાસી જીવનસ્તર પર અસર અને તેના મળતા ભાવો મૂલ્યાંકન અભ્યાસ | ૩૨ થી ૬૨ |
| ૬ | શિક્ષિત બેરોજગાર આદિવાસી યુવાનોનો અભ્યાસ | ૬૩ થી ૬૮ |
| ૭ | 'રાજ્યમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિના બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા' મૂલ્યાંકન અભ્યાસ | ૬૯ થી ૭૮ |
| ૮ | ગુજરાતની એક ચર્ચીત અનુસૂચિત જનજાતિ - હળપતિ-તલાવિયા | ૭૯ થી ૯૩ |

# પારાધી

## (કચ્છ જિલ્લામાં વસવાટ કરતી પારાધી જાતિ તપાસ)

જસવંતસિંહ રાઠોડ
રવીન્દ્ર પંચોળી

ગુજરાત રાજયના આદિજાતિ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક અન્ય ૨૦૦૩/૨૦/જી/ઓ.આઈ/૨૩/ચ તા.૫-૯-૦૩ના કચ્છમાં વસવાટ કરતી ત્રણ આદિજાતિઓને આદિજાતિમાંથી દૂર કરવામાં આવી હતી. આ પગલાં સામેના વિરોધને લઈ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નક્કી કર્યું અને સૂચવ્યું કે પારાધી જાતિનો અભ્યાસ તાકીદે કરી ઉપરોક્ત પગલાં વિશે સ્પષ્ટ અભિપ્રાય આપવો. આ અનુસંધાને કચ્છ જિલ્લામાં વસવાટ કરતા પારાધી જાતિનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં પારાધી જાતિનો ભૌગોલિક વિસ્તાર તથા તેઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી તેમના સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પાસાંઓનો ઊંડાણથી અભ્યાસ કરી તેઓની પૂર્વની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિનો ચિતાર આપવામાં આવેલ છે. આ જાતિને પછાતતાના આધાર પર આદિજાતિમાં સ્થાન આપવામાં આવેલ તે ધ્યાનમાં રાખી, વર્તમાન સમયમાં તેઓના જીવન વ્યાપનના આર્થિક પાસાંને સવિશેષ મહત્વ આપવામાં આવેલ છે. વર્તમાન સમયમાં પારાધી વસવાટ વધારે છે તેવા અબડાસા તાલુકાના ૧૪ ગામ, માંડવી તાલુકાના ૧૯ અને ભૂજ તાલુકાના ૧૧ ગામોની મુલાકાત લઈ સમગ્ર વિગતો એકઠી કરવામાં આવી છે. માહિતી એકત્રિત કરવા માટે લક્ષીત જૂથોની મુલાકાત, સમાજના આગેવાનો અને બુઝર્ગોની મુલાકાત લેવામાં આવી હતી. ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ સમાજની ઉત્પત્તિકથા, રીતરિવાજો, ધાર્મિક ઉત્સવો વગેરેની માહિતી એકઠી કરાય છે.

આ જાતિને કચ્છમાં વિસ્તાર પ્રમાણે જુદા-જુદા નામે ઓળખવામાં આવે છે. જેમાં વાગડમાં ભીલ, અંજાર, મુંદ્રામાં પારાધી, ભૂજ-નખત્રાણામાં જોગી, અબડાસા માતાના મઢ વિસ્તારમાં જાગરીયા તરીકે ઓળખવામાં આવે છે. ઉપરોક્ત બધા જ વિસ્તારો વચ્ચે સામાજિક સંબંધો ગાઢ જોવા મળે છે અને બધા પોતાને ભીલ - પારાધી, જાગરીયા-પારાધી, કે જોગી-પારાધી તરીકે ઓળખાવે છે. આ બધાના ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો વિસ્તૃત રીતે અહેવાલમાં દર્શાવ્યા છે.

આ સિવાય ઐતિહાસિક પૃષ્ઠભૂમિરૂપે પારાધી સમાજના આર્થિક, સામાજિક વિકાસ માટે આઝાદી બાદ સરકાર અને હરિજન સેવક સંઘ દ્વારા તેમનામાં જાગૃતિ આવે તેમજ તેમના સામાજિક વિકાસના હેતુસર ૧૯૫૫થી ૧૯૫૬-૫૭ સુધી રચવામાં આવેલ જ્ઞાતિ સંગઠનોની વિગત મેળવાય છે. ઉપરાંત વિસ્તાર પ્રમાણે કોઈ જાતિગત ભેદ તો નથી ? તે માટે પુરાવા રૂપે જાતિના દાખલા, લગ્નની કંકોત્રી,

જાતિ મંડળો દ્વારા કરવામાં આવેલ જાગૃતિના અને વિકાસના કામોની વિગત મેળવવામાં આવી છે.

ઉપરોક્ત સમગ્રલક્ષી અભ્યાસ કરી તારવવામાં આવેલ તારણો/અભિપ્રાયો અત્રે દર્શાવેલ છે.

(૧) પારાધી જાતિની લગભગ ૩૦ થી ૪૦ હજારની વસતિ કચ્છમાં હોવાનો અંદાજ છે.

(૨) આ જાતિ જોગી-જાગરિયા અને પારાધી જુદા જુદા વિસ્તાર પ્રમાણે ત્રણે નામથી કચ્છમાં ઓળખાય છે.

(૩) તેઓનો મુખ્ય વ્યવસાય છુટક મજુરીના કામો છે. ઈંઢોણી, સુપડા, સાવરણી બનાવવી જેવા પરંપરાગત કાર્યો ઉપરાંત ગ્રામ્ય પ્રદેશમાં ખેતી મજૂરી, કડીયાકામ, પથ્થર તોડવા મુખ્ય આર્થિક ઉપાર્જનના કાર્યો જોવા મળે છે.

(૪) ખેતીની જમીન ખૂબ ઓછા કુટુંબો પાસે છે.

(૫) સરકારી કે ખરાબાની જમીન પર અન્ય પછાત વર્ગોની સાથે ગામ બહાર રહેતા જોવા મળે છે. ઘરમાં પ્રાથમિક સુવિધાઓની તદ્દન ઊણપ વર્તાય છે.

(૬) માતાના મઢમાં ડાકલાં વગાડવાનું કાર્ય કરતા હોઈ માતાના જાગરીયા તરીકે જાણીતા છે.

(૭) હિન્દુ ધર્મ પાળે છે, દરેક હિન્દુ તહેવારો અને પરંપરાગત વિધિવિધાનો કરતા જોવા મળે છે, આર્થિક નિર્બળતાને કારણે મોટી ઉજવણીઓ નથી થતી.

(૮) અનુ.જનજાતિ હોવાના લાભો ખૂબ ઓછા કુટુંબોને મળેલ છે. મકાન સહાય અને શહેરી વિસ્તારમાં નહીંવત વાહન સહાય જોવા મળી હતી.

(૯) શિક્ષણનું પ્રમાણ નહીંવત છે, એસ.એસ.સી. ભણેલાની સંખ્યા પણ જુજ છે. યુવક-યુવતી કામલાયક થાય કે તરત આર્થિક ઉપાર્જનમાં જોડાવું પડે તેવી નબળી આર્થિક પરિસ્થિતિ જોવા મળે છે.

**અભિપ્રાય :**

કચ્છમાં વસવાટ કરતા પારાધી એ ભીલનીજ એક પેટા જાતિ છે. ઐતિહાસિક હકીકતો દર્શાવે છે કે શિકાર અને જંગલ પેદાશ પર આ જાતિ પોતાનું જીવન ચલાવતી હતી. સમય જતાં જંગલો પાંખા થતા જંગલ આધારિત પેદાશો અને શિકાર મળવાનો બંધ થતા આ જાતિ ઝાડુ, ઈંઢોણી, સુપડા જેવી વસ્તુઓ બનાવવાના વ્યવસાય તરફ વળેલી, સમગ્ર કુટુંબનું ગુજરાન કરી શકે તેવો સક્ષમ આ વ્યવસાય ન હોઈ છૂટક અને કૃષિમજૂર તરીકે આજે કામ કરી રહ્યા છે. આદિજાતિમાં તેઓને લેવા પાછળનું કારણ કચ્છની ભૌગોલિક દુર્ગમતા અને આ જાતિની પોતાની આર્થિક પછાતતા હતી જે આજે પણ ખાસ સુધરેલી નથી. સરકારે તેઓએ અનુસૂચિત જનજાતિમાં મુકેલ હોવા છતાં ગત સમયમાં તેઓને પૂરતા પ્રમાણમાં લાભ મળેલ નથી અને તેઓને આર્થિક સક્ષમ બનાવવાનું ધ્યેય હજુ સુધી પ્રાપ્ત થઈ શક્યુ નથી જે તેઓને આદિજાતિમાં હજુ રાખવા માટેનું પાયાનું કારણ અમારા મતે છે.

પારાધી જાતિ માટે અભ્યાસ માટે ક્ષેત્રકાર્ય કરી તેઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક સ્થિતિ અને ભૌગોલિક વસવાટ પ્રદેશ પ્રત્યક્ષ જોયા બાદ, સ્થાનિક પ્રશાસનના અધિકારીશ્રીઓ, પારાધી જાતિના આગેવાનો તેમજ અન્ય સમાજ-જાતિના સભ્યો સાથે ચર્ચા કરતા, અમો સ્પષ્ટ અભિપ્રાય ઉપર આવીએ છીએ કે પારાધીજાતિને આર્થિક પછાતતાના માપદંડને ધ્યાનમાં રાખી અનુસૂચિત જનજાતિમાં મૂકવા જોઈએ. આ ઉપરાંત તેઓના વિકાસ માટે ખાસ પગલાં લેવા જોઈએ.

(૧) શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આ માટે આશ્રમ શાળાની વ્યવસ્થા ઉપયોગી નીવડી શકે. અન્ય શાળાઓમાં સ્કોલરશીપ, પુસ્તક, ગણવેશની યોજનાનો વધારે અસરકારક અમલ થવો જોઈએ.

(૨) કચ્છ સંકલિત આદિજાતિ વિસ્તારમાં ન આવતો હોઈ છુટાછવાયા વસતા આદિજાતિને યોગ્ય લાભો નથી મળ્યા. આદિજાતિની વસાહતોને રસ્તા, વિજળી, પાણી, એપ્રોચરોડની અને આર્થિક ઉન્નતિની કુટુંબલક્ષી યોજનાઓના લાભો આપવાથી જીવનધોરણ ઉંચુ લાવી શકાય.

(૩) કચ્છની અંદર સરકારી, અર્ધસરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તેમજ પ્રાયવેટ કંપની બધી જ જગ્યાઓમાં કચ્છના આદિવાસીઓને ભરતીમાં અગ્રિમતા આપવી જોઈએ.

# ઢેબરિયા કોળી જાતિ તપાસ

શ્રી ભીખાભાઈ પટેલ

**પ્રસ્તાવના**

વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને ક્વાંટ તથા પાવીજેતપુર તાલુકાઓમાં ઢેબરિયા કોળી તરીકે ઓળખાતી જાતિ દ્વારા અનુ.જનજાતિના ખોટા જાતિ પ્રમાણપત્રો મેળવીને અનુ.જનજાતિના આર્થિક/શૈક્ષણિક/રાજકીય અને નોકરીઓમાં અનામતના લાભો મેળવતા હોવાની રાજ્ય સરકારને થયેલ રજુઆતના સંદર્ભે તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) વડોદરા પાસેથી તપાસ અહેવાલ પત્ર નં.આવિ/તાસં/૦/૯૧૫/૦૨/૧૪૧૮ થી ૧૪૧૯ તા.૨૦-૧૨-૨૦૦૨થી મંગાવેલ હતો તે અન્વયે તકેદારી અધિકારીના પત્ર નં.૨૦/૧૦/૨૦૦૩ના પત્રથી સરકારશ્રીમાં પ્રાથમિક તપાસ અહેવાલ રજુ કરવામાં આવેલ હતો. જેના ઊંડાણ પૂર્વકના અભ્યાસના અંતે ઉક્ત અહેવાલની વિગતો જોતાં ૪૦ કેસોમાં ખોટા અનુ.જનજાતિના ઈસમોનો સમાવેશ થતો હોઈ તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) વડોદરાના અહેવાલ મુજબ **'ઢેબરિયા કોળી"** જાતિના ઈસમોની ખરાઈ અત્રે એક કમિટિની રચના કરવામાં આવેલ જેમાં (૧) નિયામકશ્રી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂ.વિ. અમદાવાદ (૨) પ્રાંત અધિકારીશ્રી છોટાઉદેપુર જી. વડોદરા અને (૩) તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) વડોદરા દ્વારા સંયુક્ત તપાસ કરી "ઢેબરિયા કોળી" જાતિનો પ્રસ્તુત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

પ્રસ્તુત તપાસ અહેવાલ સરકારશ્રીએ નિમેલ કમિટિ દ્વારા તટસ્થ અને નિષ્પક્ષ રીતે રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં તપાસના વિસ્તારના પ્રાથમિક શાળાના અને માધ્યમિક શાળાના આચાર્યશ્રીએ જે તે ગામોના તલાટી કમ મંત્રીશ્રીઓ અને બંને તાલુકાના મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ઉપસ્થિતિમાં માહિતી એકત્રિત કરીને આ સાથેની વિગતો રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. જેના વિસ્તૃત અભ્યાસ પરથી "ઢેબરિયા કોળી"નો સ્પષ્ટ અભિપ્રાય મેળવી શકાય છે.

- પ્રાંત અધિકારીશ્રી, છોટાઉદેપુર
- તકેદારી અધિકારીશ્રી (આ.વિ.), વડોદરા.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદના માર્ગદર્શન હેઠળ સમગ્ર અહેવાલ પ્રસ્તુત કરેલ છે.

(૧) ભારતના બંધારણની કલમ-૩૪૨(૧)ની, જોગવાઈ અનુસાર તા.૬-૯-૧૯૫૦ના પ્રેસિડેન્સીયલ ઓર્ડર નં. SRO/510 થી ગુજરાત રાજ્યની અનુ.જનજાતિની પ્રથમ યાદી બહાર પાડવામાં આવેલ હતી. જેના અનુ.નં.૨૦ પર રાઠવા શબ્દનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તા.૨૯-૧૦-૧૯૫૬ના અનુ.જાતિ/અનુ.જનજાતિ મોડીફીકેશન એથી SRO/2477 A થી સુધારા થવા પામેલ છે.

(૩) તા.૨૦-૯-૧૯૭૬નો એમેન્ડમેન્ટ એક્ટ-૧૯૫૬થી ૨૯ જાતિઓ અનુ.જનજાતિમાં ગણવામાં આવેલ છે.

(૪) વડોદરા જિલ્લામાં નીચે મુજબના ટ્રાયબલ સબ પ્લાનના મહત્તમ અનુ.જનજાતિની વસ્તીવાળા તાલુકા આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઠરાવ નંબર તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| (૧) | છોટાઉદેપુર મુળ તાલુકો પરંતુ વિભાજન થતાં ક્વાંટ નવો ઉમેરાયો નસવાડી | ભારત સરકારના તા.૩૧-૧૨-૭૭ના ઓર્ડર નં.૧૦૯થી | |
| (૨) | પાવીજેતપુર | ગુજરાત સરકારના ટીએસપી/૨૦૮૮/૧૨૦૫ તા.૧૪-૪-૮૯ | |

માન.કમિશનરશ્રીના આદિજાતિ વિકાસ, ગુ.રા.ગાંધીનગરના તા.૨૧-૧-૨૦૦૪ના પત્ર નં.આવિ/તાસનં/૯૧૫/૦૪થી નીચે દર્શાવ્યા મુજબના અધિકારીશ્રીઓને "ઢેબરિયા કોળી" જાતિના લોકોએ રાઠવા જાતિના ખોટા પ્રમાણપત્રોના આધારે સરકારશ્રીના અનુ.જનજાતિના લાભો કાયદેસર મેળવેલ હોવાની તપાસના સંદર્ભે નિમણુંક કરવામાં આવેલ છે.

(૧) નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૨) પ્રાતં અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ.વડોદરા.

(૩) તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ, વડોદરા.

જે અન્વયે તા.૪/૫/૬/૫/૨૦૦૪ના રોજ સબંધિત વિસ્તારના તલાટી કમ મંત્રીશ્રી અને આચાર્યશ્રીઓની સંયુક્ત મીટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં મામલતદારશ્રી, પાવીજેતપુર, ક્વાંટ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી, પાવીજેતપુર તથા ક્વાંટ ઉપસ્થિત રહેલ હતા. જેમાં નિષ્પક્ષ તપાસ અને ચર્ચાના અંતે સબ સમિતિ નીચેના તારણો પર આવેલ છે.

(૧) ઢેબરિયા કોળીની વસ્તી ધરાવતા ગામો ક્વાંટ તેમજ છોટાઉદેપુર તાલુકાઓમાં આવેલાં છે.

(૨) ભારત સરકારની વસતી ગણતરી ૧૯૬૧ થી ૨૦૦૧ સુધી તપાસના ગામોની વર્ષવાર અનુ.જનજાતિની વસ્તી તથા તેમાં થયેલ વધારો અને તફાવત આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબનો છે.

## તપાસ હેઠળના ગામોમાં (જેતપુર પાવી) અનુ.જનજાતિની વસ્તી

| અ.નં. | ગામ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ |
|---|---|---|---|---|---|---|
| ૧. | હરિપુરા | -<br>- | ૯૬<br>- | ૩૭૪<br>(૨૮૯.૫૮) | ૪૪૫ | ૪૬૫<br>(૪૭૧) |
| ૨. | કુરસણ | -<br>- | ૨૬૩<br>- | ૧૪૨૩<br>(૪૪૧.૦૬) | ૧૪૫૦ | ૧૮૧૫<br>(૧૯૬૧) |
| ૩. | રાજપુર(ભી) | ૧૨૧<br>- | ૧૫૩<br>(૨૬.૪૫) | ૯૫૭<br>(૫૨૫.૪૯) | ૧૦૮૫ | ૧૧૮૯<br>(૧૧૮૦) |
| ૪. | આંબાઝરી | ૪૦<br>- | ૧૦૭<br>(૧૬૭.૫૦) | ૫૫૯<br>(૪૨૨.૪૩) | ૫૯૪ | ૭૦૩<br>(૭૦૫) |
| ૫. | કરાલી | ૨૭૦<br>- | ૩૪૦<br>(૨૫.૯૩) | ૧૭૬૧<br>(૪૧૭.૯૪) | ૨૧૦૫ | ૨૨૧૨<br>(૨૫૫૦) |
| ૬. | સજવા | ૪૬૩<br>- | ૫૮૫<br>(૨૬.૩૫) | ૨૧૬૬<br>(૨૭૦.૨૫) | ૨૫૮૭ | ૨૮૩૮<br>(૨૮૯૪) |
| ૭. | કલારાણી | ૧૧૩<br>- | ૩૫૭<br>૨૧૫.૯૩) | ૧૪૬૪<br>(૩૧૦.૦૮) | ૧૬૦૩ | ૧૬૮૨<br>(૨૦૬૩) |
| ૮. | મોરાડુંગરી | ૨૪૭<br>- | ૨૯૫<br>(૧૯.૪૩) | ૩૬૭<br>(૨૪.૪૧) | ૧૨૫૩ | ૧૧૪૨<br>(૧૪૭૩) |
| ૯. | ભીડોલ | ૫૮<br>- | ૨૬૯<br>(૩૬૩.૭૯) | ૯૯૫<br>(૨૬૯.૮૮) | ૧૨૧૪ | ૨૯૪<br>(૧૨૮૭) |
| ૧૦. | સાલોજ | ૬૨<br>- | ૨૨૨<br>(૨૫૮.૦૬) | ૧૦૬૦<br>(૩૭૭.૪૭) | ૧૧૬૦ | ૧૨૩૩<br>(૧૨૩૯) |
| ૧૧. | ટીબરવા | ૩૪૪<br>- | ૬૦૪<br>(૭૫.૫૮) | ૮૦૬<br>(૩૩.૪૪) | ૧૧૮૭ | ૯૩૭<br>(૧૩૮૧) |
| ૧૨. | ડેરીયા | ૨૯૧<br>- | -<br>- | -<br>- | -<br>- | ૮૬૨<br>(૮૬૯) |

- કૌંસમાં દર્શાવેલ આંકડા કુલ વસતિના છે, જયારે પોઈન્ટમાં દર્શાવેલ આંકડા આદિવાસી વસતિના છે તેમના કૌંસના ટકાવારીના આંકડા એક દાયકાનો વૃદ્ધિ દર બતાવે છે.

## તપાસ હેઠળના ગામોમાં (તા.ક્વાંટ)ની આદિવાસી વસ્તી

| અ.નં. | ગામ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ધનપુર | ૧૬૭ | ૧૯૬ (૧૭.૩૬) | ૮૦૦ (૩૦૮.૧૬) | ૮૧૨ | ૩૫૪ |
| ૨. | મંકોડી | ૭૫૮ | ૧૩૭૧ (૮૦.૮૭) | ૧૬૪૩ (૧૯.૮૪) | ૧૮૪૫ | ૨૨૧૨ |
| ૩. | ચાવરીયા(મા) (માણાવાંટ) | ૧૦૪ | ૧૩૨ (૨૬.૯૨) | ૧૪૦૦ (૯૬૦.૬૧) | ૧૫૮૯ | ૧૭૨૦ |
| ૪. | પાનવડ | ૫૪૫ | ૧૭૦૫ (૨૧૨.૮૪) | ૨૦૯૫ (૨૨.૮૭) | ૨૪૨૧ | ૨૫૯૯ |
| ૫. | મોટાવાંટા | ૧૦૩ | ૬૯૧ (૫૭૦.૮૭) | ૪૮૯ (-૪૧.૩૧) | ૧૦૪૧ | ૯૮૦ |
| ૬. | ખાટીયાવાંટ | ૪૩૪ | ૭૨૩ (૬૬.૫૯) | ૧૪૪૫ (૯૯.૮૬) | ૧૫૮૩ | ૧૮૨૫ |
| ૭. | ખેરકા | ૫૭૯ | ૮૫૧ (૪૬.૯૮) | ૧૦૯૪ (૨૮.૫૫) | ૧૨૯૧ | ૧૪૭૭ |
| ૮. | બળદગામ | ૧૩૮ | ૧૯૧ (૩૮.૪૧) | ૬૧૨ (૨૨૦.૪૨) | ૬૬૬ | ૭૮૨ |
| ૯. | કરજવાંટ | ૫૨૨ | ૬૩૦ (૨૦.૯૬) | ૧૧૮૪ (૮૭.૯૪) | ૧૩૮૬ | ૧૫૨૪ |
| ૧૦. | બગલીયા | ૨૩૪ | ૩૬૬ (૫૬.૪૧) | ૫૦૫ (૩૭.૯૭) | ૧૦૦૯ | ૧૦૭૦ |
| ૧૧. | મોટીટોકરી | ૪૩૩ | ૭૯૩ (૮૩.૪૧) | ૯૮૨ (૨૩.૮૩) | ૧૧૬૯ | ૧૪૨૨ |
| ૧૨. | ઝરોઈ | ૫૯ | - | - | - | ૫૮૫ |

- કૌંસમાં દર્શાવેલ આંકડા ૧૯૬૧-૭૧ અને ૭૧-૮૧નો વસ્તીવૃદ્ધિ (આદિવાસી) દર્શાવેલ છે.
- આદિવાસી વસતિવૃદ્ધિ દર ૯૧-૦૧માં સરેરાશ વાર્ષિક  ૨.૧૪% છે.

ભારતના બંધારણની કલમ ૩૪૨(૧) મુજબની જોગવાઈ અનુસાર અનુ.જનજાતિની મહત્તમ વસ્તી ધરાવતા વિસ્તારને સુચિત એરીયા જાહેર કરવાની સત્તા ભારતના રાષ્ટ્રપતિને છે, કે જયારે સંસદ તેની બહાલી આપે છે. પરંતુ ગુજરાત રાજયના પરિપત્ર નં.ટીએપી/૨૦૮૮/૧૨૦૫ તા.૧૪/૦૪/૮૯ જેતપુરપાવી તાલુકાને ટી.એસ.પી.તરીકે જાહેર કરવામાં આવેલ છે. ખરેખર આ સત્તા કેન્દ્ર સરકારને પહોચે છે. કારણ કે તે "સંઘયાદી" નો વિષય છે.

આમ સમગ્ર પ્રકરણનો અભ્યાસ કરતાં છોટાઉદેપુર ક્વાંટના ૧૨ ગામો અને જેતપુર તાલુકાના ૧૨ ગામો મળીને કુલ ૨૪ ગામોમાં ઢેબરિયા કોળી આવેલ છે.

**જેતપુર પાવી તાલુકાના ૧૨ ગામો :**

| | | |
|---|---|---|
| (૧) કરાલી | (૫) કલારાણી | (૯) સાજોલ |
| (૨) મોરા ડુંગરી | (૬) રાજપુર | (૧૦) આંબાપુરી |
| (૩) કરસણ | (૭) ભીડોલી | (૧૧) સજવા |
| (૪) હરિપુરા | (૮) થરોલીયા | (૧૨) ડેરીયા |

**છોટાઉદેપુર / ક્વાંટના ૧૨ ગામો :**

| | | |
|---|---|---|
| (૧) પાનવડ | (૫) કરજવાંટ | (૯) મંકોડી |
| (૨) ચાવરીયા | (૬) મોટી ટોકરી | (૧૦) મોટાવાંટા |
| (૩) માણાવાંટ | (૭) બળદગામ | (૧૧) ખેરકા |
| (૪) ધનપુર | (૮) ખાટીયાવાંટ | (૧૨) ઝેરોઈ |

ઉક્ત ૨૪ ગામોના ઢેબરિયા કોળી તરીકે ઓળખાવતા ઈસમોને અનુ જનજાતિના પ્રમાણપત્રો મેળવેલ છે. તથા આદિવાસી ઢેબરિયા કોળી તરીકે ઓળખાવતા હોવાનું જણાઈ આવેલ છે અને ૨૪ ગામોનું સામાજિક રીતરિવાજોનું સ્વતંત્ર બંધારણ પણ નક્કી કરવામાં આવેલ છે. તેમના લગ્ન સંબંધો પણ ૨૪ ગામો પૂરતા મર્યાદિત જોવા મળે છે.

"ઢેબરિયા કોળી" જાતિ અન્વયે માન.ચીફ જસ્ટીસ શ્રી એ.આર. બક્ષી સાહેબના અધ્યક્ષપણા હેઠળ નિમાયેલ સમિતિ કે જે "બક્ષી કમિશન" તરીકે ઓળખવામાં આવે છે. જેમના તપાસ અહેવાલને આધીન રહીને ગુજરાત સરકારે ૧-૪-૧૯૭૮ના ઠરાવ નં.બી.સી.આર./૧૦૭૮/૧૩૭૩૪થી બક્ષીપંચની ૮૨ જાતિઓની યાદી જાહેર કરેલ હતી જેમાં ક્રમ નં.૩૯ પર "ઢેબરિયા કોળી" જાતિનો ઉલ્લેખ કરેલ છે.

"ઢેબરિયા કોળી" આદિવાસી તરીકેના કેટલાક લાભોથી પ્રેરાઈને દા.ત. (૧) શૈક્ષણિક લાભો (૨) નોકરીમાં અનામતના અને રોસ્ટરના લાભો (૩) રાજકીય અનામત અને (૪) ઓછા વ્યાજની લોનો અને સહાયથી પ્રેરાઈને પણ રાઠવા બન્યા હોય તેમ લાગે છે.

સ્થાનિક કેટલાક ગામોની મુલાકાત લેતાં જોઈ શકાય છે કે મૂળ અનુ.જનજાતિના રાઠવા અને ઢેબરિયા કોળીના વસવાટ રહેણીકરણી, પહેરવેશ, સામાજિક રીતરિવાજોમાં પણ ભિન્નતા જોઈ શકાય છે. જાણવા મળ્યા મુજબ "ઢેબરિયા કોળી" લોકો રાઠવાના પ્રસંગમાં જમતા પણ નથી "ઢેરબિયા કોળી" જાતિના ઈસમોએ રસોઈ બનાવી હોય તો તે જમે છે. અહેવાલમાં વિગતવાર રજૂઆત કરેલ છે.

**વૃત્તિ :**

અહીના અસલ આદિવાસી લડાયક મીજાજના અને સ્વમાની જોવા મળ્યા છે. સાથે સાથે મંત્ર-તંત્ર, ભુત ભરાડીમાં માનવા વાળા પણ જોવા મળ્યા છે તથા સાથે સાથે અમારા ધ્યાને આવેલ છે કે આદિવાસી રાઠવા ઝનુની અને ઘાતકી (પશુ પક્ષીની હિંસા અને શિકાર)ના શોખીન હોવાનું ધ્યાને આવેલ છે. જયારે "ઢેબરિયા કોળી"માં આ વૃત્તિ મામૂર જોવા મળે છે.

આ સાથે "ઢેબરિયા કોળી" હોવાના સચોટ પૂરાવા રૂપે મેળવેલ માહિતીના આધારે પણ પુરવાર થાય છે કે તેઓ મૂળ ઢેબરિયા કોળી જ છે, રાઠવા નથી.

તપાસના ગામોમાં વસતા કહેવાતા રાઠવાઓની વિગતો જુદી જુદી શાળાઓના જનરલ રજિસ્ટર નંબર ઉપરથી રજિસ્ટર નં. નામ, જાતિ અને ગામોની માહિતી પરથી તેમજ તેમની જન્મ તારીખ અને હાઈસ્કૂલમાં દાખલ તારીખ ઉપરથી તેમની મૂળજાતિનો પદાફાર્શ થાય જે આ સાથેના નં.૧ થી ૧૦ સુધીના પત્રકોમાં દર્શાવેલ વિગતો ઉપરથી જોઈ શકાય છે.

(૧) ખાટીયાવાંટ હાઈસ્કૂલ તા.ક્વાંટના જનરલ રજિસ્ટર પરની નોંધ કે જેમાં "ઢેબરિયા કોળી" નો ઉલ્લેખ છે.

(૨) પાનવડ હાઈસ્કૂલના જનરલ રજિસ્ટર નંબર ૧ થી ૧૦૬૨ (૧૯૬૦ થી ૧૯૭૮)ની નોંધ

(૩) શ્રી ક્વાંટ ઈંગ્લીશ સ્કૂલ ક્વાંટ તા. છોટાઉદેપુર માધ્યમિક વિભાગ નં.૧ અને ૨ ના જી.આર.નં.૪૧૪ થી ૧૩૩૯માં ઉલ્લેખ કરાયેલ અનુ.નં.પ્રમાણે "ઢેબરિયા કોળી" નામ ધરાવતા ગામોનો ઉલ્લેખ છે.

ઉપરોક્ત સ્કૂલો સિવાય પણ કેટલીક શાળાઓના જૂના ૧૯૫૦ થી ૧૯૬૦ના રજિસ્ટર ઉપરથી મૂળ જાતિનો ખ્યાલ આવી શકે છે. સાથે સાથે તા.૪-૫-૬/૫ના રોજ લીધેલ મુલાકાત દરમ્યાન મેળવેલ માહિતી મુજબ તલાટી કમ મંત્રીશ્રીઓએ પૂરા પાડેલ ૭/૧૨ અને ૮અ તેમજ નમૂનાના પત્રક નં.૬ ઉપરથી પણ જોઈ શકાય છે. આ ખોટા લાભો લીધેલ મૂળ રાઠવા નહિ પણ "ઢેબરિયા કોળી" જ છે. તેના માટેના અહીં અનુ.નં.૧માં દર્શાવેલ પ્રાથમિક શાળાઓના કેટલાક પ્રમાણપત્રની નકલ નં.ર.૧ થી ર.૭ તલાટી-કમ મંત્રીશ્રીઓ દ્વારા આપવામાં આવેલ નમૂના નં.

૮અ અને ૭/૧૨ની નકલ પરથી પણ ખાસ ફલીત થાય છે કે આ લોકો મૂળ કોળી "ઢેબરિયા કોળી" જાતિના જ છે. આના માટે વધુ સુસંગત એવા નં.૩માં દર્શાવેલ પેઢીનામાની વિગતો પરથી પણ ચોક્કસ ખ્યાલ આવે છે. કે ખરેખર શું તથ્ય છે. તેની વિગત જોઈ શકાય છે. આ સાથે

(૪) ૩૦/૬/૭૦નો પત્ર જિલ્લા સમાજ કલ્યાણ શાખા વડોદરા

(૫) જાતિ ફેરફારના પુરાવાના દાખલા પાનવડ કે જેમાં મૂળ જાતિ સાથે ચેક-ચાક કરીને જિલ્લા શિક્ષણાધિકારીના પત્રથી ફેરફાર કર્યા તેની વિગતો જોઈ શકાય છે.

(૬) પ્રાથમિક શાળા મંકોડીના જનરલ રજિસ્ટ્રમાં દર્શાવેલ "ઢેબરિયા કોળી" અંગેના પુરાવા જે હાલમાં રાઠવા લખાવે છે. જેમાં મુખ્ય જાતિ કઈ છે. તે દ્રષ્ટિગોચર થાય છે. જેમાં મૂળ પત્રકોમાં ચેડાં કરી જાતિ બદલેલી પણ જોઈ શકાય છે.

(૭) નં.૭માં "ઢેબરિયા કોળી" દર્શાવતા મોજે ધનપુર શ્રેષ્ઠ શાળા તો ક્વાંટના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સામાન્ય માહિતી પરથી પણ સ્પષ્ટ તરી આવે છે કે તપાસના ગામોમાં મૂળ રાઠવા નહિ પણ "ઢેબરિયા કોળી"ની જ વસ્તી હતી અને આજે પણ તે તેમની મૂળ સંસ્કૃતિ સાથે જોઈ શકાય છે.

(૮) તા.૪-૫-૬/૫/૦૪ના રોજ હાજર રહેલ શિક્ષકો અને તલાટી કમ મંત્રીશ્રીઓની યાદી કે જેઓએ જરૂરી માહિતી સાથે હાજર રહી "ઢેબરિયા કોળી"ની વિગતો પૂરી પાડી છે. તેમની યાદી પણ અહીં સામેલ કરવામાં આવી છે.

(૯) "ઢેબરિયા કોળી"ને રાઠવા જાતિનું ખોટું પ્રમાણપત્રના આધારે સરકારી લાભો જે ૪૦ વ્યક્તિઓએ લીધા છે તેની ખરાઈના તેમના પ્રાથમિક શાળાના રેવન્યુ રેકર્ડના આધારે જાતિ પેટાજાતિની ટૂંકી વિગત દર્શાવતા પત્રકમાં પણ સ્પષ્ટ જોઈ શકાય છે કે મૂળ આ લોકો રાઠવા નહિ પણ "ઢેબરિયા કોળી" છે. જેની વિગત સીધી ૧.૧ થી ૧.૫ સુધીના પત્રકમાં વિગતો જોઈ શકાય છે.

(૧) આમ આ સાથેની સમગ્ર વિગતો જોતાં અને પ્રત્યક્ષ મુલાકાત વખતે મેળવેલ માહિતીથી તમામ ઈસમોની જાતિની ખરાઈ અંગેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પાસેથી શાળાના જનરલ રજિસ્ટર તપાસીને તેની નોંધ અહીં મૂકી છે સાથે સાથે તલાટી કમ મંત્રીશ્રીઓ દ્વારા સાંપડેલ માહિતીના આધારે ૭/૧૨ અને ૮-અના દાખલા પણ રજૂ કર્યા જેમાંથી સ્વયંસ્પષ્ટ થાય છે કે આ સાથે દર્શાવેલ ૨૨ ગામોના તમામ ઈસમોએ ૧૯૭૨થી ૧૯૭૬ના ગાળા દરમ્યાન જાતિ "ઢેબરિયા કોળી"ને બદલે રાઠવા લખાવી છે અને તેના આધારે એલ.સી.મેળવીને ખોટા દાખલા મેળવીને મૂળ રાઠવાઓના હક્કો પર તરાપ મારી છે જે હકીકત છે.

(૨) આ સાથેના કેટલાક દાખલાઓ એવા છે કે જેમાં પિતા "ઢેબરિયા કોળી" હોય અને પુત્ર રાઠવા હોય તે પણ ક્રોસમાં ચકાસવાથી જોવા મળેલ છે.

(૩) "ઢેબરિયા કોળી" એ વર્ષોથી પૂર્વપટ્ટીમાં વસતા મૂળ રાઠવાઓ સાથે રહેતા આવ્યા છે. જેઓએ રાઠવાઓને મળતા શિક્ષણના અનામતના અને સહાયના કેટલાક લાભોથી પ્રેરાઈને અમો પણ આ વિસ્તારના જ વતની છીએ તો અમને કેમ આ લાભ ન મળે ? એવા ભ્રામક ખ્યાલથી ૧૯૭૨થી ૧૯૭૬ના ગાળામાં કેટલાક કહેવાતા નેતાઓ અને બુદ્ધિશાળી ઈસમોને ઈસારે આ જાતિમાં ફેરફાર કરવા અંગે પ્રેરાયા છે જે એક ષડયંત્ર તરીકે જોઈ શકાય છે.

(૪) આ સાથેના ૪૦ ઈસમોના તેમના નામ સામે પ્રાથમિક શાળા, હાઈસ્કૂલના જનરલ રજિસ્ટર અને તેમના મૂળ ૭/૧૨ અને ૮અના ઉતારામાં દર્શાવેલ અટક પણ ચાડી ખાય છે કે મૂળ આ લોકો રાઠવા નહીં પણ "ઢેબરિયા કોળી" જ છે.

(૫) પ્રસ્તુત તપાસને અંતે માત્ર એક સૂચન એ પણ કરવાનું મન થાય છે કે આ તપાસ તે અંતે તેના અહેવાલ અને પુરાવાના આધારે કમિશનરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા કોઈ ચોક્કસ પરિપત્ર બહાર પાડીને મૂળ આદિવાસીઓના હક્કો પર તરાપ મારનાર ભળતા ઈસમોને નશ્યત કરવા સારૂં. તાત્કાલિક પરિપત્ર દ્વારા ખોટા દાખલા ન અપાય તે અંગે પરિપત્ર કરવો જરૂરી નહિ પણ હાલના તબક્કે અનિવાર્ય છે.

સાથે સાથે આ સમિતિ નીચે મુજબ ભલામણ કરે છે.

(૧) પ્રથમ દ્રષ્ટિએ જયારે અનુ.જનજાતિના લાભો અન્ય જાતિ ખોટા પ્રમાણપત્રો દ્વારા મેળવતી હોય ત્યારે જાતિના પ્રમાણપત્રો આપવા બાબતે ઉચ્ચકક્ષાએથી વિગતવાર ગાઈડ લાઈન (માર્ગ દર્શક સિદ્ધાંતો) તાત્કાલિક બહાર પાડવા જોઈએ અને અમલીકરણ અધિકારીશ્રીઓને ચુસ્તપણે પાલન કરવા જણાવવું જોઈએ.

(૨) જ્યાં સુધી આ તપાસનો નિર્ણય ન લેવાય ત્યાં સુધી આવી ભળતી જાતિઓને જાતિ પ્રમાણપત્રો આપવાનું સ્થગિત રાખવું જોઈએ.

(૩) ખોટા પ્રમાણપત્રો દ્વારા અનુ.જનજાતિના લાભો મેળવેલ હોય તેવા કસુર ઈસમો સામે સખત કાનૂની પગલાં ભરવાં જોઈએ.

પ્રસ્તુત અહેવાલમાં માત્ર ૪૦ વ્યક્તિઓના આદિવાસી અંગેના ખોટા પ્રમાણપત્રોને આધારે મેળવેલ લાભની સંદર્ભમાં ચકાસણી છે પરંતુ જો હજુ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, ક્વાંટ અને પાવીજેતપુર (જૂના જબુગામ) તાલુકાને લક્ષમાં લઈ ખરેખર રાઠ પ્રદેશનો વિસ્તાર છે કે જ્યાં મૂળ રાઠવા

વસે છે તથા મૂળ રાઠવાના ગામોનો વિસ્તાર એસ.એ./એસ.ટી.ના અનુસંધાને જો તપાસ કરવી હોય તો તેના માટે એક અલગ કમિટિની રચના કરી, વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરી આ વિસ્તારના રાઠવા અને "ઢેબરિયા કોળી"ની કેટલીક વિશેષ માહિતી પણ મળી શકે તેમ છે. અને આવા બીજા અનેક કિસ્સા બહાર આવે તેમ છે. ઉપરાંત આ વિસ્તારના માત્ર "ઢેબરિયા કોળી" જાતિની તપાસ કરવામાં આવેલ છે. પણ કોળી સમાજ ઘણો વિસ્તૃત છે તેની ઘણી પેટા જાતિઓ પણ છે અને ઊંડાણ પૂર્વકની તપાસના અંતે ઘણી મોટી સંખ્યામાં કોળી જાતિના ઈસમો "રાઠવા" જાતિના લાભો મેળવતા હોવાની શક્યતા નિવારી શકાય તેમ નથી.

# હળપતિ-તલાવિયા, આવાસ યોજના મૂલ્યાંકન અભ્યાસ

**સારદોહન :** ચંદ્રકાન્ત એસ. પટેલ

ગુજરાત રાજયમાં ૨૫ આદિવાસી જાતિઓ વધારે, ઓછી વસતિ સાથે વસે છે. હળપતિ વધુ વસતિ, આશરે પાંચ લાખ કરતાંય વધુ એવી ગુજરાતની આદિવાસી વસતિમાં બીજા નંબરે મહદ્અંશે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ અને વડોદરા જિલ્લાઓના વિસ્તારોમાં વસે છે. જે દક્ષિણ ગુજરાતના મેદાની વિસ્તારોમાં સવર્ણ જાતિઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારો અને નાના કસબાઓમાં મોટે ભાગે વિશેષ સંખ્યામાં વસે છે. તેમના વિશે બહુ ઓછું સાહિત્ય લેખિત સ્વરૂપે છે છતાં આર્થિક પરિસ્થિતિ (હાળીપ્રથા)ને કારણે ઘણીવાર ચર્ચાસ્પદ રહી છે. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં ૮.૮૭ ટકાની વસતિ સાથે બીજા સ્થાને છે.

આ અભ્યાસ દ્વારા આવાસ યોજનાના પાસાંઓને આવરી અને રચનાતંત્રને સમજવા પ્રયાસ કર્યો છે. હળપતિ જાતિની રહેઠાણની પરિસ્થિતિનો ખ્યાલ સમજવા પ્રયાસ કર્યો છે.વિકાસથી વંચિત રહેલા અને અત્યંત નિમ્ન કક્ષાની ગરીબી વેઠતા આ સમૂદાય માટે આવાસ યોજનાનો સઘન વિકાસ કાર્યક્રમ ૧૯૮૪થી અમલી બનાવ્યો પછી ઘણો સમય વિત્યો હોઈ આ આવાસ યોજનાની વધુ સફળતા માટેનો સમયાંતરે મૂલ્યાંકનનો આ પ્રયાસ છે.

અભ્યાસથી આયોજિત યોજનાઓ કાર્યક્રમોના ઘડતર અને અમલમાં સુધારા વધારા માટે તારણો અને સુઝાવો કદાચ મળી રહે તે હેતુથી આ અભ્યાસ કરાયો છે. યોજનાઓના અમલનો હેતુલક્ષી તેમજ પ્રકાશલણક્ષી અભ્યાસ.

(૧) આ જાતિમાં વિકાસની પ્રક્રિયા અતિ મંદ ગતિએ હોઈ તે અણવિકસીત જાતિ સમૂદાયોની જેમ જીવન વ્યતિત કરે છે. તેઓનાં વિકાસની પ્રક્રિયામાં આડે આવતા પરિબળો જાણી તેના સંદર્ભે પગલાં લેવાય અને તેના વિકાસની ખૂટતી કડીઓ ઉમેરાય તો જ આવા અવિકસીત સમૂદાય-વિકાસની પ્રક્રિયા ચાલુ રહે.

(૨) જંગલ ડુંગરાળ પવર્તીય વિસ્તારથી દૂર સપાટ સમૃધ્ધ વિસ્તારમાં હોવા છતાં કયા કારણોસર ઘર વસવાટથી વંચિત રહેલા છે.

(૩) તેઓ સવર્ણ સમૂદાયો વચ્ચે વસતા હોવા છતાં બીજા સમૂદાયો કરતાં વસવાટી વ્યવસ્થા કયા કારણોસર સાવ ખરાબ જગ્યાએ બહુ ખરાબ હાલતમાં ધરાવે છે.

(૪) આટલી મોટી વસતિ સંખ્યા ધરાવતો વિશાળ જાતિ સમૂદાય હોવા છતાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત રહી જઈને કયા કારણોસર છેક છેવાડે કંગાળ દશામાં ગામથી બહાર વસી ગયો.

(૫) તેમનામાં પ્રવર્તતી વંશપરંપરાથી ચાલી આવતી હાથીપ્રથાને કારણે તો વસવાટી પોતાના ઘરોથી વંચિત રહ્યો નહિ હોય તે ?

(૬) તેઓમાં જમીન અંગેની સ્થિતિ, શૈક્ષણિક બાબતોની તેઓની નિરસતા તેમની હાલતી પરિસ્થિતિ અંગે કેટલી જવાબદાર હશે.

(૭) તેમનામાં વસવાટી આયોજિત તેમજ વસવાટી બિન આયોજિત પરિસ્થિતિ કેવીક છે ? સાથે સાથે આયોજિત અને બિનઆયોજિત પરિબળો દ્વારા તેમનામાં કેવા આંતર બાહ્ય પરિવર્તનો છે.

(૮) આવાસ યોજના હેઠળ આવરેલા અને વંચિત બન્નેની સ્થિતિ કેવી છે. બન્નેના આવાસ યોજના અંગેના સારા, ખરાબ અભિપ્રાયો.

(૯) સંશોધકો, અભ્યાસીઓ અને જાતિ સાથે સંકળાયેલાઓ અને આ જાતિને અભ્યાસથી ખ્યાલ આવશે કે ખરેખર શું છે.

**સંશોધન પ્રવિધિઓ :**

વિષય અનુસંધાને વસવાટી તેમજ તેમની સામાન્ય કૌટુંબિક માહિતીના એકત્રિકરણ માટે હળપતિ-તલાવિયા જાતિ જે વિસ્તારોમાં વસવાટ કરે છે અને જેમણે માટે વસવાટી આવાસો ફાળવવામાં આવ્યા છે. તેવા કુટુંબોની માહિતી મેળવવા માટે કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધનની માહિતી માટે સંખ્યાધિક પાસાઓની સાથે સાથે ગુણાત્મક પાસાઓનો મહતવ આપવામાં આવ્યું હતું. તેની સાથે સંલગ્ન આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક માહિતી એકત્રીત કરવા માટે જુદી જુદી પ્રવિધિઓ ઉપયોગમાં લેવાઈ હતી. જેમાં નિરીક્ષણથી કેટલીક માહિતી ભેગી કરાઈ હતી. કેટલીક માહિતી મુલાકાત લઈને કેટલીક વ્યક્તિઓ પાસે મેળવી હતી.

જેટલા કુટુંબોની રૂબરૂ જાત મુલાકાત લઈને તેમની કૌટુંબિક તેમજ ભૌતિક સાધન સામગ્રીની વિગતો મેળવી હતી. પ્રથામિક માહિતી માટે ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. આવાસ યોજનાની શરૂઆતથી હાલની સુધીની હળપતિ-તલાવિયા ગૃહનિર્માણ યોજના હેઠળ બાંધેલ આવાસોની વિગતો ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ-ગાંધીનગરની મેળવીને ઉપયોગ લીધી હતી. અભ્યાસ માટે આવરેલ કુટુંબોની વસવાટી સ્થિતિ જાણવા ગામોમાં જઈને દરેક કુટુંબો પાસેથી વિગતો પ્રાપ્ત કરી હતી.

આવાસ યોજનાના લાભો, મુશ્કેલીઓ, ઉપાયો અને તે અંગેના વિકાસના સૂચનોની વિગતોની કેટલીક માહિતી હળપતિ-તલાવિયા સમાજમાંથી તેમજ તેમના સમાજના આગેવાનો, શિક્ષિત અનુભવી વ્યક્તિઓ અને લાગતા વળગતા યોજના સાથે સંકળાયેલા અધિકારીગણ પાસેથી મેળવી પ્રસ્તુત કરી છે. ક્ષેત્રકાર્ય દ્વારા જે જોતા, જાણવા મળ્યું તે પરથી પણ અહીં કેટલીક તેમની મુશ્કેલીઓ, ઉપાયો અને વિકાસ અંગેની વિગતો મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

**વિસ્તાર અને કુટુંબ પસંદગી :**

હળપતિ-તલાવિયા દક્ષિણ ગુજરાતની એક મહત્વની વધુ વસતિ સંખ્યા ધરાવતી ચર્ચાયેલી, જાણીતી અને આગવી ભાત ધરાવતી અનુસૂચિત જનજાતિ છે. તેની મોટાભાગની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને સુરત જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, પલસાણા, ઓલપાડ, વાલોડ, મહુવા, માંડવી વગેરે તાલુકાઓમાં વસેલી છે. વલસાડ જિલ્લાના વલસાડ, ચીખલી, પારડી, ઉંમરગામ, ધરમપુર તાલુકાઓમાં અને નવસારી જિલ્લાના નવસારી, ગણદેવી તાલુકાઓમાં વસેલી છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, વાગરા, આમોદ, જંબુસર તાલુકાઓમાં થોડીઘણી વસે છે. વડોદરા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં આચ્છી વસતિ વસે છે. સુરત જિલ્લામાં ૪૪.૭૨ ટકા જેટલી સૌથી વધુ વસતિ તેઓની છે. એ પછી વલસાડ-નવસારી જિલ્લામાં ૪૧.૧૦ ટકા જેટલી વસતિ વસે છે. દક્ષિણ ગુજરાતના આ વિસ્તારોમાં હળપતિ-તલાવિયા જાતિની વસતિ સૌથી વધુ પ્રમાણમાં પથરાયેલી છે.

તપાસ માટે એટલે જ તો આ વિસ્તારોને પસંદ કરીને તેમાંથી તેમની વસતિ ધરાવતા ચાર વિસ્તારો સુરત, ભરૂચ, વલસાડ અને નવસારી જિલ્લાના ૧૬ તાલુકાઓના કુલ ૧૭ ગામોના કુલ ૧૧૦ જેટલા લાભાર્થી કુટુંબોને આવરીલેવાયા હતા. ઉપરોક્ત તપાસ વિસ્તારમાંથી સુરત જિલ્લાના છ તાલુકાઓમાંથી માંડવી તાલુકાના એરઠમાંથી ૫ લાભાર્થી કુટુંબો, બારડોલી તાલુકાના વાંકાનેરમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, વાલોડ તાલુકાના વાલોડમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, ઓલપાડ તાલુકાના સાયણમાંથી ૫ લાભાર્થી કુટુંબો, ચોર્યાસી તાલુકાના કોસાડમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, કામરેજ તાલુકાના ઉભેળમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો મળીને કુલ ૫૦ જેટલા લાભાર્થી કુટુંબોને આવરી લઈ તપાસ માટે મુલાકાત લીધી હતી. એ રીતે ભરૂચ જિલ્લાના છ તાલુકાઓમાંથી વાગરા તાલુકાના વછનાદમાંથી ૪ કુટુંબો, આમોદ તાલુકાના સરભાણમાંથી બે કુટુંબો, જંબુસર તાલુકાના મગણાદમાંથી ૪ કુટુંબો, ભરૂચ તાલુકાના ત્રાલસીમાંથી ૪ કુટુંબો, અંકલેશ્વર તાલુકાના સજોદમાંથી બે ૨ કુટુંબો, હાંસોટ તાલુકાના શેરામાંથી ૪ કુટુંબને લાભાર્થી હોય તપાસ માટે મુલાકાત લીધી હતી. વલસાડ જિલ્લાના બે તાલુકાઓમાંથી વલસાડ તાલુકાના ફણસવાડામાંથી ૧૦ કુટુંબો, ધરમપુર તાલુકાના ધરમપુરમાંથી ૬ કુટુંબો અને તે જ તાલુકાના સેંગવામાંથી ૪ લાભાર્થી કુટુંબોને તપાસ માટે આવરી લીધા હતા. નવસારી જિલ્લાના બે તાલુકાઓમાંથી નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલીમાંથી ૧૦ કુટુંબો, ચીખલી તાલુકાના ઘેજ માંથી ૧૦ લાભાર્થી કુટુંબોને તપાસ માટે આવરી લેવાયા હતા.

**આવાસ યોજના મૂલ્યાંકન અભ્યાસમાં આવરેલ વિસ્તાર-ગામો :**

અભ્યાસમાં ૧૯૮૪થી અમલી સુરત, વલસાડ, ભરૂચ, નવસારી અને વડોદરા જિલ્લાના તાલુકાઓ અને તેમાંથી હળપતિ જાતિની વસતિ ધરાવતા ગામો જેમાં આવાસ યોજનાના મકાનો બનાવ્યા છે તે સમાવીને કુટુંબો લેવામાં આવ્યા હતા. જે તે વર્ષ દરમ્યાન બનાવેલા આવાસોની વિગતો સમાવી હતી.

**યોજનાની રૂપરેખા :**

આવાસ યોજનાની શરૂઆતથી ૧૯૮૪ થી ૨૦૦૩ સુધી વસવાટી સ્થિતિ તેના લાભોનું માળખું અને આંતરિક વ્યવસ્થા જે જોવા, જાણવા મળી હતી તેની વિગતો- ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા મળી હતી તે મૂકી છે. તેમાં યોજનાની રૂપરેખા અને અંદાજિત થયેલા ખર્ચાઓ અને મકાનોની વિસ્તારવાર સંખ્યા છે.

**આવાસ યોજના ગામોના આવરેલ કુટુંબોનો પરિચય :**

યોજનાના આવરેલ વિસ્તારવાર કુલ ૧૧૦ કુટુંબો જે ૧૭ જેટલા ગામોમાંથી રૂબરૂ મુલાકાત લઈને તેમની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ મૂકવામાં આવ્યો છે. મકાનની આંતરિક સુવિધાઓ, કુટુંબના સભ્યોનું વયજૂથ, સભ્યસંખ્યા અને વૈવાહિક દરજ્જાની સ્થિતિ જે હતી તે મૂકી છે. આર્થિક પાસામાં જાણવા મળેલા જુદા જુદા વ્યવસાયો, તેમાંથી જાણવા મળેલી આવક અને ખર્ચની વિગતો મૂકી છે. તેમની દેવા વિષયક સ્થિતિ અને તેમની સ્થાવર મિલકતો અને મળેલા મકાનોની યોજનાની લાભોની વિગતો પ્રકરણમાં સમાવી છે.

**હળપતિઓ ઐતિહાસિક, ભૌતિક :**

ગુજરાત રાજયના જુદા જુદા ઓગણીસ જિલ્લાઓમાં આદિવાસી હળપતિ-તલાવિયા જાતિનીવસતિ આવેલી છે. તેમની કુલ વસતિ ૧૯૯૧ પ્રમાણે ૫,૪૬,૫૬૭ની એટલે કુલ આદિવાસી વસતિના ૮.૮૭ ટકાની છે. તેમની મોટાભાગની વસતિ સુરત ૪૪.૭૨ ટકા, વલસાડ ૪૧.૧૦ ટકા, ભરૂચ ૧૦.૨૬ ટકા અને વડોદરા ૩.૬૦ ટકાના વિસ્તારોમાં છે. તેમની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં ૮૩.૦૬ ટકા જેટલા મોટા પ્રમાણમાં વસે છે. માત્ર ૧૬.૯૪ ટકા વસતિ જ શહેરી વિસ્તારોમાં વસે છે.

હળપતિ જાતિ આઝાદી બાદ પ્રચલિત બનેલો શબ્દ છે. તેઓમાં તલાવિયા, રાઠોડ વગેરે નામો લેખ્ય વાળી અટકો છે. આઝાદી પહેલાં તેઓ દુબળા તરીકે પ્રચલિત હતા. પી.જી. શાહના પુસ્તક ગુજરાતના દૂબળાઓમાં દૂબળા શબ્દનો અર્થ દુર્બલ, શરીરે નબળા અને એ શબ્દથી એમ સૂચવાય છે કે લોકો ગરીબાઈ અને ગુલામીથી દબાયેલા છે. ડૉ. રાધા કૃષ્ણ રાવના મત મુજબ "દૂબળાઓ" બીજા લોકો કરતાં નબળા નથી. સંસ્કૃતમાં "દુર્બળ" શબ્દનો અર્થ નબળો કે માય કાંગલો છે. અત્યારે આ જાતિને હળપતિ-તલાવિયાના માનવાચક શબ્દથી સ્વીકારાય છે.

તલાવિયા શબ્દ સંદર્ભે પી.જી. શાહ પોતાના પુસ્તક "ગુજરાતના દૂબળાઓ" ૧૯૬૬માં આ જાતિના મૂળ વિશે આપેલી કેટલીક દંતકથાઓમાં પાન નં.૯ ઉપર ત્રીજી(૩) કિવદંતીમાં કેટલાક દૂબળાઓ તલાવિયા રાઠોડ તરીકે કેમ ઓળખાયા તે દર્શાવ્યું છે કે પરશુરામે પૃથ્વી નક્ષત્ર કરવા માંડી ત્યારે રાઠોડ-ક્ષત્રિયોની આ જાતિએ એનાથી બચવા એક યુક્તિ અજમાવી. એક દિવસ રાઠોડ લોકો એમના નાયક

સાથે તળાવને કાંઠે બેઠા હતા. એવામાં પરશુરામ એમની ફરસી હાથમાં લઈ ત્યાં આવી પહોચ્યા. એમને લાગ્યું કે હવે આપણું આવી બન્યું. પરશુરામે જયારે પુછયુ કે તમે કોણ છો ? ત્યારે નાયકે જવાબ આપ્યો કે અમે રાઠોડ નથી તલાવિયા છીએ અને આ તળાવને કાંઠે રહીએ છીએ. ત્યારથી તેઓ તળાવિયા ઉર્ફે તલાવી રાઠોડ કહેવાયા. આ દંતકથા તેમને રજપૂત ઠરાવે છે. બીજું તલાવિયા તેમની જાતિમાં સૌથી ઉંચા છે એમ દર્શાવે છે.

આ જાતિના બીજા બે અભિપ્રાય છે કે તે આળસુ હોવા છતાં ભરોસાપાત્ર હોય છે.

**હળપતિઓનું વતન :**

હળપતિઓ દરિયા માર્ગે આવ્યા હોવા જોઈએ. એવું અનુમાન એ ઉપરથી થાય કે તેઓના દિવાસાના તહેવારના રીતરિવાજો અને માન્યતાઓ જ તેમને દરિયાપારના હશે એમ બતાવે છે. તેઓ ઢીંગલા-ઢીંગલીને પરણાવી નદીમાં મૂકી દરિયા પારના સાસરે વળાવે છે. તે પરથી તેમને દરિયાપારના દેશ સાથે સંબંધ હશે એમ થાય છે.

તેમની રક્ત પરીક્ષા પરથી તેઓ નીગ્રોના લોહી સાથે સંબંધ ધરાવે છે. તેથી તેઓ બીજા દેશના વતની હશે એમ પણ કેટલાક વિદ્વાનો માને છે.

**હળપતિઓની પેટા જાતિઓ :**

હળપતિઓમાં અનેક પેટા જાતિઓ જોવા મળે છે. આ પેટાજાતિઓમાં લાલા, વલસાડિયા, બારનિયા, ચોરિયા, દમણી, હારવિયા, ઈસરિયા, ખારચા, ખોડિયા ઉર્ફે સરાવિયા, સિપરિયા, તલાવિયા, ઉખટિયા, ઉમરિયા, વસાવા ઉર્ફે વસાવડા અને વહોરા આ બધામાં તળાવિયા, વહોટિયા અને ખારચા સૌથી મહત્વના ગણાય છે. તેઓમાંના ઘણા ખરા પોતાનામાં રાજપૂત લોહી હોવાનો દાવો કરે છે. એ બધામાંના મોટા ભાગના તળાવિયા રાઠોડ તરીકે કહેવાડાવે છે. તેમનામાં બીજો ભેદ ચોખલિયા અને વટોળિયા એવો છે. ચોખલિયા એટલે ચોખ્ખા. તેઓ હિંદુ ખેડૂતો સાથે રહે છે અને વટોલિયા એટલે વટલાયેલા. તેઓ પારસીઓ અને મુસલમાનોને ઘેર હાળી તરીકે રહે છે.

**હળપતિ/હાળીઓનો ઈતિહાસ :**

દક્ષિણ ગુજરાતનો ઈતિહાસ સુરત શહેરના ઈતિહાસ સાથે જ મુખ્યતઃ જોડાયેલો છે. ઈ.સ.૧૫૭૩માં અકબરે સુરત જીત્યુ તે વખતથી પોર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ કોઠીઓ અહી સ્થપાવા માંડી હતી. સુરતના અંદરના ગામડામાં સુરતના હાકેમોની સત્તા પહોંચતી ન હતી. જમીન મહેસુલ ઉઘરાવવા માટે સ્થાનિક વગદાર લોકોની નિમણૂક કરવામાં આવતી. આ લોકો દેસાઈ કહેવાતા (તેઓ ઘણે ભાગે અનાવિલ જ્ઞાતિના હતા.) સુરતમાં જમીન મહેસુલનો ઠરાવેલો ભાગ પહોંચાડવા પૂરતા જ આ લોકો તે કેન્દ્ર સત્તાને માનતા. બાકી એલોકો સ્વતંત્ર જ હતા. એમના પાસે પોતાની માલિકીની જમીન પણ ઘણી થઈ ગઈ હતી. એ લોકો ઘણા હાળીઓ રાખતા એવા અભિલેખિય પુરાવા મળે છે.

આગળ યાન બ્રેમન પોતાના પુસ્તક પટ્રોનેજ એન્ડ એકસપ્લોઈટેશન સમાશ્રય અને શોષણ ૧૯૭૪માં સુરતની આસપાસ હાકેમો/દેસાઈઓ ઘણા હાળીઓ રાખતા. એવા અભિલેખીય પુરાવા છે એમ બતાવી આગળ હળપતિઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ માટે તેમને ઈ.સ. ૧૮૬૪માં મુંબઈ થી સુરતની રેલ્વે ચાલુ થઈ ત્યારે દૂબળાઓ પણ કલ્યાણના ઈટવાડામાં કે વસઈ તરફ મીઠાના અગરોમાં જતા થયા. ખેતીના મુખ્ય પાકો શેરડી, કપાસના વેપારો સ્થાનિક વેપારીઓના હાથમાં રહ્યા. લોકોની આર્થિક સ્થિતિ બીજા વિશ્વયુધ્ધ સુધી નબળી રહી. ત્યારે પછી જ વેપાર ઉદ્યોગ અને ખેતીમાં વિકાસ થયો. સુરત, નવસારી, બીલીમોરા, વલસાડ જેવા શહેરોમાં નાના મોટા ઉદ્યોગ સ્થપાયા. દૂબળાઓને ત્યાં કામ મળવા લાગ્યું. આમ તે વખતે હળપતિઓનો ભૌગોલિક,ઐતિહાસિક ઈતિહાસ દૂબળા શબ્દ સંદર્ભે તેમને બતાવ્યો છે.

**ઘર-રહેઠાણ :**

કોઈ પણ જાતિ સમૂદાયમાં પરિવર્તન આવે છે, ત્યારે તે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં વિશેષ ઝડપથી આવે છે. હળપતિ-તલાવિયાઓના ઘર સામાનય રીતે કાચા અને એક માળના ઝૂંપડા હોય છે. માટીની દિવાલોવાળા, ઘાસના છાજવાળા કે નળિયા-પતરાંની છાજવાળા હોય છે. તેમાં પરિવર્તન આવતાં કંઈક અંશે જેવો શિક્ષણને કારણે કે એ સિવાય નાની નોકરીમાં જોડાયા છે. તેઓના અને રાજય સરકાર દ્વારા આયોજિત વસાહતી ઘરો ધરાવે છે. તેવાના ઘરો વ્યવસ્થિત, સ્વચ્છ, દેશી વિલાયતી નળિયાવાળા કે સિમેન્ટના પતરાવાળા, ઈંટોની દિવાલવાળા એકાદ બે બારી કે બારણાવાળા કંઈક અંશે હવાઉજાસવાળા અને કવચિત વધુ સારી આર્થિક સ્થિતિ કોઈ કોઈ કિસ્સાઓમાં હોય તો રાચરચીલાથી સજજ પાકા મકાનો પણ છે. તેમ છતાં સમગ્ર રીતે જોઈએ તો તેઓના ઘરો મહદ્અંશે માટીની દિવાલોવાળા, ઘાસ કે નળિયાથી છાજેલા તદન કાચા સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઘરો છૂટાછવાયા ઝૂમખામાં,ક્યાંક હરોળમાં તો ક્યાંક ઉંચી નીચી જગ્યાએ વાંકાચૂકા બાંધેલા ગામની બહાર ખરાબામાં વસેલા જોવા મળે છે. ઘર માટેની જગ્યા પણ બહુ પહોળી કેલાંબી પણ ભાગ્યે જોવા મળે છે. મોટાભાગના ઘરોમાં જગ્યાના અભાવે સંકડાશ અનુભવાયતી જોવા મળે છે. ઝૂંપડામાં બે ખંડ પાડી દે છે. જેમાં અંદરના ભાગે મા-બાપ અને બહારના ભાગે છોકરાં સૂવે. જો એમની પાસે મરઘાં કે ઢોરઢાંખર હોય તો તેનો સમાવેશ પણ ઝૂપડાને એક ખૂણે કે બહાર કરે છે. સંકળાશને લીધે કોઈ મહેમાન આવી પડે તો સમાવવાનું ઘણું મુશ્કેલ બને છે.

હળપતિ-તલાવિયાના ઘરોનો કેટલાકને માત્ર એક જ બારણું જોવા મળે છે. કેટલાકને જગ્યાને હોય તો આગળ પાછળ બારીબારણા જોવા પણ મળે છે. નવી વસાહતોમાં આગળ પાછળ બારણા અને જગ્યા હોય તો આગળ ઓસરી અને બાજુમાં ઢોરઢાંખર બાંધી રાખે છે. આગળ જગ્યા હોય તો માટીનો ઓટલો બંધાવી દે છે. ઘરના ખૂણાવાળી જગ્યાએ નાના ખેતીના સાધનો મૂકી રાખે છે. સાથે સાથે ઘરવખરીના સાધનો (ટોપલા-ટોપલી, ઘંટી, કપડાની પેટી, ચીમની-ફાણસ કે અન્ય) પણ ખૂણે મૂકી રાખે છે.

હળપતિ-તલાવિયાઓના રહેઠાણ ઘર જે જોવા મળે છે તેમાં (૧) ઝૂંપડા માટી અને ઘાસના છાજવાળા) (૨) કાચા ભીંતોના દેશી-વિલાયતી નળિયાવાળા (૩) પાકા મકાન જેમાં પતરા સીમેન્ટના, વિલાયતી નળિયા કે ધાબુ ધરાવતા હોય. અભ્યાસ હેઠળના ઘરોની સ્થિતિ જોવા મળી હતી તે આ મુજબ હતી.

**તારણો, સમસ્યાઓ અને સૂચનો :**

આદિવાસી જાતિઓની સામાજિક-આર્થિક, શૈક્ષણિક સ્થિતિ એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં સારા એવા પ્રમાણમાં ભિન્ન છે. તેથી એક સમાન ધોરણ તમામ માટે શક્ય નથી. આદિવાસી વિસ્તારોનું પછાતપણું તથા આદિવાસી વિસ્તારો અને રાજ્યના અન્ય વિસ્તારોની વિકાસ કક્ષા વચ્ચે વધુ મોટા અંતરને કારણે આદિવાસી વિસ્તારના વિકાસનો વેગ ઝડપી બનાવવા તેમજ આદિવાસી જાતિઓના આર્થિક વિકાસની ગતિ વધારવા અને તેમને તમામ પ્રકારના શોષણમાંથી મુક્ત કરે તેવા ખાસ કાર્યક્રમોનો અમલ કરવા અને તે માટે પગલાં લેવાનું જરૂરી હતું. આદિવાસી સમાજજીવનના લગભગ તમામ ક્ષેત્રોમાં પડોશી બિનઆદિજાતિ કરતાં હજીય ઘણો પછાત છે. ઉપરાંત આદિવાસીઓના વિવિધ જૂથો વચ્ચે અંતર ઘટાડવા માટે પણ પગલાં લેવા જરૂરી છે.

આદિવાસી વિસ્તાર અને આદિવાસીઓના મુખ્ય અવરોધો (૧) પૂર્વ જરૂરિયાતોનો નબળો વિકાસ (૨) હાલ અપૂરતા પ્રમાણમાં હાથ ધરાવાતી અપૂરતી વિકસિત આર્થિક પ્રવૃત્તિઓ (૩) વિશાળ અવિકસિત માનવ સંપત્તિ, આની સાથે સાથે આદિવાસી પ્રદેશ વન અને ખનિજ સંપત્તિની બાબતમાં મધ્યમ છે. કેટલાક તાલુકાઓ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના વિકાસ માટે સારી એવી શક્યતા ધરાવે છે. છતાં અપૂરતી સવલતો અને આદિવાસીમાં પોતાની જ કાર્ય કરવાની પ્રેરણાના અભાવે આ સાધનો પર આધારિત વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અવરોધાય છે.

અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટેનો વ્યૂહ ઉત્તરોત્તર યોજનાઓમાં એવી રીતે ઘડી કાઢવામાં આવ્યો હતો. જેથી આદિવાસી સમાજની જરૂરિયાતોને વધુ પ્રસ્તુત હોય તેવા કાર્યક્રમો અને પધ્ધતિઓનો અમલનો તેમાં વધુને વધુ સમાવેશ થાય. શરૂઆતમાં ૧૯૫૦ પહેલાં સમગ્ર દેશ સમાજના વિકાસના અભિગમથી આવરી લેવાયો હતો. જેમાં વિકાસના ફળો આદિવાસી વસતિ સુધી પહોંચ્યો ન હતો. તેથી પછીના બીજા દસકાથી આદિવાસી વિકાસ માટે વિકાસલક્ષી ઘટકો, આદિવાસી વિકાસ સંસ્થાઓએ અપનાવવાનો અભિગમ સ્વીકારાયો હતો. આ વ્યૂહ રચનામાં જુદા જુદા પ્રમાણમાં સફળતા મળી હતી. આમ છતાં આદિજાતિ વિકાસ માટેનો મૂળભૂત વ્યૂહ છઠ્ઠી પંચવર્ષીય યોજનાની શરૂઆત થતાં પહેલાં સમગ્રપણે સુધારવામાં આવ્યો હતો. તે આદિજાતિ પેટા યોજના વ્યૂહ કરાયો હતો. આ વ્યૂહ હેઠળ રાજયમાં ૯ પરિયોજના હેઠળ ૩૨ તાલુકા અને ૧૫ વિસ્તારો આવરી લેવાયા હતા. છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના વ્યૂહના પરિણામે જુદા જુદા સેકટરોમાં વિકાસ કાર્યક્રમોના આયોજન અને અમલ પર હવે વધુ સંકલિત અભિગમ હાથ ધરાયો હતો અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ઠીક ઠીક મોટી

જોગવાઈ અંકિત કરીને ખર્ચવામાં આવી હતી. ગરીબી નિવારણ માટે વધારેલા ભૌતિક લક્ષ્યાંકો નિયત કરાયા હતા. તેમજ આદિવાસી સેવાઓ અને પૂર્વ જરૂરી સવલતો પૂરી પાડવામાં આવી હતી. લક્ષ્યાંકમાં આવરેલ પરિવારો ગરીબી રેખાથી ઉપર આવી શકે તે માટે માનવ સંપત્તિના વિકાસ કરવા અને પૂરતી પૂર્વ જરૂરિયાતોનો વિકાસ કરવા છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કેટલાંક ક્ષેત્રોમાં ઉત્પાદકતાનું સ્તર ઉંચુ લઈ જવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં કૃષિ અને સંલગ્ન સેવાઓ અગ્રસ્થાન આપી વિવિધ પાસાઓને યોજના હેઠળ સાંકળી સહાયોની જોગવાઈઓ કરાઈ હતી. આમ છતાં આદિજાતિ પેટા યોજનાના વિવિધ લક્ષ્યાંકો સિધ્ધીઓ મેળવ્યા છતાં અમૂક વિસ્તારો એકબીજા કારણોસર ઘડાયેલી વિકાસની અનેક યોજનાઓના લાભો મેળવી શક્યા નહોતા. છઠ્ઠી અને સાતમી પંચવર્ષીય યોજનામાં સર્વાંગી વિકાસ માટેની રાજય કક્ષાની ઉચ્ચ કક્ષાની સમિતિએ આપેલા માપદંડો ધ્યાનમાં રાખીને વિકાસ માટે ગામમાં પાયાની સુવિધાઓ અને કુટુંબોના વિકાસ માટે કુટુંબલક્ષી આયોજન કરાવ્યું હતું. આમ છતાં જંગલ વિસ્તારથી દૂર અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના વ્યૂહના વિકાસ કાર્યક્રમોથી પણ જાણે દૂર લાગતી હોય તેવી હળપતિઓની આ અનુસૂચિત જનજાતિ કેટલાય વિકાસના કાર્યક્રમોથી વંચિત રહી હોય તેમ લાગ્યા વિના રહેતું નથી તેવું હળપતિઓનું પણ કહેવું છે. તેમ છતાં તેમના માટે ઘડાયેલી હળપતિ આવાસ યોજના તેઓ માટે એક સિમાચિહ્ન છે.

વર્ષ ૧૯૮૪થી ગુજરાતમાં જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા હળપતિ આવાસ યોજનાની બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. જેમાં શરૂના પાંચ વર્ષમાં ૨૦ હજાર હળપતિ આવાસો બાંધવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જેમાં ૧૯૮૪ થી ૩૧-૩-૨૦૦૦ સુધીમાં ૧૮૬૪૩ આવાસો બાંધીને લાભાર્થીને સોંપવામાં આવ્યા હતા. ૧૯૯૯-૨૦૦૦માં ૨૦૦૦ના લક્ષ્યાંક સામે ૨૦૧૬ આવાસોની સિધ્ધિ હાંસલ કરી હતી. એ રીતે ૨૦૦૩ સુધીમાં લગભગ ૨૩,૨૪૫ આવાસો બાંધવાની સિધ્ધિ પાંચ જિલ્લાઓમાં ૨૯ જેટલા તાલુકાઓના ૫૪૩ જેટલા ગામોમાં હાંસલ કરી હતી. ૧૯૮૪માં આવાસોના બાંધકામ માટેની સીલીંગ કિંમત ૫૦૦૦ રૂપિયા હતી. જેમાં ઉત્તરોત્તર વધારો કરી ૧૯૯૭ થી ૨૨,૦૦૦ રૂપિયા કરાઈ હતી. ૨૦૦૦ થી તેમાં વધારો કરી ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી. આમ આવાસો બાંધવાના લક્ષ્યાંક અને આવાસદીઠ સીલીંગ કિંમતમાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. આમ બોર્ડની હળપતિ આવાસોની માટેની ઉપલબ્ધિ, આ પહેલાં આટલા સારા અને આટલી મહત્તમ સુવિધાવાળા મકાનોની નહોતી તે મૂર્તિમંત ખરા અર્થમાં શક્ય બની છે. તેમના માટેના આવાસો માટેની કોઈએ પહેલાં આવી ચિંતા વ્યક્ત કરી નહોતી કે આટલુ મોટું આયોજન પણ કર્યું નહોતું તે ખરા અર્થમાં આંખ સામે શક્ય બનેલ છે. તેમના માટેનો આ એક સરાહનિય પ્રયાસ છે.

હળપતિ જેવી અત્યંત ગરીબી રેખા હેઠળ જીવતી જાતિ માટેની અમલ કરવામાં આવેલી આવાસ યોજનાની શરૂઆતથી આજ સુધીમાં સારી એવી પ્રગતિ જોવા મળે છે. "ઘરના ઘર"ની આ યોજનાને લોકો તરફથી પણ સારો આવકાર મળ્યો હોય એવું જાણવા મળે છે. ૧૯૮૪માં યોજના અમલી બની તે પહેલાં જે લોકો સામાન્ય ઝૂંપડામાં રહેતા હતા. તેમને આ યોજનાના અમલીકરણથી સારા, સુઘડ, પાકા મકાનો મળવાથી તેઓ સ્વાભાવિક રીતે સારી લાગણી અનુભવતા જોવા મળે છે. આ યોજનાથી ખેરખર તેમને મળેલી પાકા મકાનની સુવિધાથી તેઓ ખુશ તો છે, પણ સાથે સાથે મળેલા આવાસનો હેતુ પૂરેપૂરો બર આવે તેમ થતો કેટલેક અંશે જાણવા મળતો નથી. એવી સામાન્ય ખામીની ફરિયાદ ખરી. જેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જો કે યોજનાની સાથે આવુ થોડુ કંઈક તો હોય, બાકી યોજનાની સહાયનો જે લાભ છે, તે રહેઠાણના લાભની રીતે તો સારા જ છે.

હળપતિ જાતિમાં ગુજરાત સરકારશ્રીના ગુજરાતના જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા જે ૧૯૮૪થી આવાસ યોજના શરૂ કરીને જેમાં ઘણા કુટુંબોને આવરી લીધા છે. બાકીના રહેલાને પણ યોજના હેઠળ ક્રમસહ આવરી લેવાશે. તેમની આવાસ યોજનાની વસાહતો જોતાં તેમાં વિકાસ ઉત્સાહપૂર્વક જોવા-જાણવા મળે છે. યોજનાના ફળ સ્વરૂપે,

(૧) ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૬૧,૬૧,૭૭૫ લાખની કુલ આદિવાસી વસતિમાં હળપતિઓની વસતિ ૫,૪૬,૫૬૭ની હતી. સરેરાશ ૫ વ્યક્તિઓનું તેમનું કુટુંબકદ ગણીએ તો ૧,૦૯,૩૧૩ કુટુંબો અંદાજિત થાય. હળપતિઓના આ અંદાજિત કુટુંબ આવાસોમાંથી વર્ષવાર ક્રમસહ ૨૩,૨૪૫ કુટુંબોનાં આવાસો બાંધ્યા. એટલા કુટુંબોને આવરી લેવાયા છે. જે ઘણી મહત્વની બાબત ઝૂંપડાવાળા અને ઘર વિહોણા વસતિ માટે હેતુ બર આવે તેમ લાગે છે.

(૨) આવાસ યોજનાના આવરેલા ગામોમાં જે કુટુંબો જમીન ધરાવે છે. તેઓ ખૂબ જ ઓછા કુટુંબો જમીન ધરાવે છે તે પણ ખૂબ જ ઓછી, માત્ર કહેવા પૂરતી જમીન જાણવા મળી હતી. મહત્તમ કુટુંબો જમીન વિહોણા માલુમ પડ્યા હતા.

(૩) આવાસ યોજનાના કાર્યક્રમ હેઠળ મકાન અને તેમાં જે લાભો આપવામાં આવે છે. તેને ધ્યાનમાં લઈને લાભો મળ્યા પછી તેમને કેવા પ્રશ્નો, સમસ્યાઓ જોવા મળે છે તે અભ્યાસના આ વિસ્તારોના કુટુંબો ઉપરથી જે કંઈ જાણવા મળ્યું છે. તે જોતાં તેમના વિશે કંઈક જાણવા મળશે અને આ જોવાથી કાર્યક્રમની સિધ્ધિ કે યથાર્થતાનું ચિત્ર મળશે.

(૪) હળપતિ ગૃહનિર્માણ દ્વારા ચાલતો "ઘરના ઘરનો" કાર્યક્રમ પાયાનો અને અતિ મહત્વનો છે. કારણકે માણસને રોટી, કપડાં અને મકાન એ પાયાની જરૂરિયાતો હોય છે. તેઓની

અહીયાં મકાનની તેમની એક અતિ જરૂરી સુવિધા ઉપલબ્ધ બને છે. તેથી ઘડાયેલો આ કાર્યક્રમ ખરેખર પ્રસંશનીય છે.

પરંતુ ખરેખર તેના લક્ષ્ય જૂથ તરફ જોઈએ તો કાર્યક્રમના અમલીકરણમાં નાની, મોટી અનેક સમસ્યાઓ પણ છે. તેમના આ લક્ષ્યાંક કુટુંબ જૂથો ગરીબીમાં જીવન જીવતા સતત આર્થિક રીતે સંકળાશવાળા અજાગ્રત જેવા કેટલાક તો છે. આવાસ યોજનાના આવરેલા કુટુંબો ઉપરથી જાણવા મળ્યા મુજબ કુટુંબોમાં શિક્ષણનું સ્તર અને તેમાંય સ્ત્રી-શિક્ષણનું સ્તર અત્યંત નીચું છે. જે પ્રકરણ- ૭ના કોઠા નં. ૭.૮માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી વિગતે ખ્યાલ આવશે.

(૫) આ પરિસ્થિતિ વચ્ચે તેમના માટે ઘડાયેલા લક્ષ્યાંકો, હેતુઓ સિધ્ધ કરવાની જવાબદારી કર્મચારીગણ અને વહીવટી તંત્રની છે કે જેઓએ કાર્યક્રમ હેઠળની યોજનાની સમાજના છેક છેવાડે બેઠેલા કુટુંબો સુધી કેટલીક મુશ્કેલીમાંથી લઈ જવાની છે. ચીલાચાલુ વલણ ધરાવતા કર્મચારીઓથી આ કામો સિધ્ધ થતા નથી. તેમાં આ પ્રત્યેની જવાબદારી અને જેમને લાભ આપવાનો છે. તેમના પ્રત્યેની સહાનુભૂતિ અને માનવીય અભિગમ જરૂરી છે. આ કર્મચારીઓમાં મહદ્અંશે આવા સારા ગુણો જોવા મળ્યા હતા.

(૬) યોજનાના ગામો, કુટુંબોમાં આવાસ માટેના કાર્યક્રમોનું અમલીકરણ વ્યવસ્થિત થવું જોઈએ. પરંતુ કેટલીકવાર લક્ષ્યાંક મર્યાદિત હોઈ જરૂરિયાતવાળા કુટુંબોને લાભથી વંચતિ રહેવું પડતું હોય છે. આથી રહી ગયેલા કુટુંબો અસંતોષથી પીડાતા હોય છે - જોવા મળે છે.

(૭) કાર્યક્રમના અમલીકરણમાં લાભાર્થી સ્તરે જે ગેરરીતિઓના પ્રસંગો બને છે. તેમાં અનેક અવરોધક પરિબળો ભાગ ભજવે છે. તેથી કેટલીક ઠેકાણે અમલીકરણ અધિકારી કે કર્મચારીની ટીકાઓ થાય છે. કાર્યક્રમની પણ ટીકા કરતા હોય છે. કાર્યક્રમનો અમલ થતો હોવા છતાં કંઈ થતુ નથી એમ બોલાતું હોય છે.

(૮) આવાસ યોજનાનો લાભ પ્રચાર, પ્રસાર અને કાર્યક્રમની યોગ્ય જાહેરાતના અભાવે, તેઓ અભણ અને અજાગ્રત હોવાને કારણે પણ લઈ શકતા નથી. એવું જોવા, જાણવા મળે છે.

(૯) અભ્યાસના આવાસ યોજનાના આવરેલા કુટુંબો ગરીબીરેખા નીચે જીવન જીવતા હોય છે. તેથી વર્ષમાં કંઈ બચાવી શકતા નથી. તેમને મળેલા આવાસના મકાનમાં જયારે સમારકામ કે કંઈ ખર્ચો કરવો હોય તો તેમની પાસે કંઈ ન હોવાથી તેમ થતુ નથી. જાણવા મળ્યા મુજબ યોજના અંતર્ગત પણ સમારકામ અર્થે એવું કોઈ પ્રવધાન નથી.

(૧૦) યોજનામાં બનાવેલા મકાનો જોવાથી અને લાભાર્થીને પૂછવાથી જાણવા મળેલી વિગતો સંદર્ભે આવાસોનું ટકાવપણું ગમે તે કારણ હોય બહુ લાંબુ કે સલામતભર્યું ન હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

(૧૧) અભ્યાસના પસંદ કરેલા કુટુંબોમાંથી એવું તારણ નીકળે છે કે તેમણે મળેલી મદદ તેમની પોતાની જરૂરિયાત કરતાં સુવિધારૂપે ઓછી છે તેમ તેમનું કહેવું છે. તેમ છતાં સાવ ઝૂંપડે રહેતા હતા, તેના કરતાં તો વધુ સારું છે તેમ પણ તેવો કબૂલે છે.

(૧૨) અગાઉના વર્ષોમાં બનાવેલા આવાસો અને હાલમાં થોડી સુવિધાઓ સાથે (ઓસરી વગેરે) ફેરફારો કર્યો છે. તે જોતાં હજુ થોડા વધારે અને ટકાઉ બને તેવા ફેરફાર કરી થોડા મોટા આવાસો બનાવાય તો સારું એવું અભ્યાસના કુટુંબોમાંથી લાભાર્થીઓનું કહેવું છે. એટલે ચીલાચાલુ બાંધવાનું માળખું બદલાય તેમ તેઓ ઈચ્છા જાણવા મળ્યા હતા.

(૧૩) યોજના હેઠળ પૈસા ખર્ચાયા છે, પરંતુ લોકોને લાભાર્થીને પૂરતો સંતોષ ન હોય તેમ લાગ્યા વિના રહેતુ નથી. તેમ છતાં તેઓ એ પણ સ્વીકારે છે ક આવાસ યોજના થવાથી જે જીવનમાં ક્યારેય અમને પાકુ મકાન મળવાનું નહોતું તે શક્ય બન્યું છે. અમને મળેલી આ સહાય અમારી જાતિ માટે દિવાદાંડી સમાન પણ છે. પાયાની પગદંડી રીતે આ યોજના ખૂબ જ પ્રેરણાદાયી છે.

(૧૪) આવાસ યોજનાના કુટુંબો "ઘરનું ઘર" પ્રાપ્ત કરી શક્યા છે. તેમાંના કેટલાકને આવાસ અનુકુળ ન હોય પડી રહ્યાના કિસ્સા જૂજ સંખ્યામાં જણાવ્યા હતા. કેટલાક જે ટકાઉપણાના અભાવે પડી ગયેલા કે અર્ધ તૂટેલી હાલતમાં આજે આવાસો છે. એકાદ જગ્યાએ કેટલાક આવાસોમાં બીજા નિવાસ કરતા માલૂમ પડ્યા હતા. તેમ છતાં મહત્તમ કુટુંબો મળેલા આવાસમાં રહેતા માલૂમ પડ્યા હતા. આમ યોજના પાછળ ખર્ચાયેલા નાણાં ઉગ્યા હોય તેમ લાગે છે. છતાં સુધારાવધારા સાથે હવે પછીના લાભાર્થીએ આવાસો મળે તેવી લોક લાગણી જાણવા મળી હતી.

**યોજનાની તુટિઓ અને તેમની કેટલીક સમસ્યાઓ :**

(૧) તેઓમાં જમીન વિહોણા કુટુંબો મહત્તમ સંખ્યામાં છે. જમીનવાળા ખૂબ જ અલ્પ સંખ્યામાં જાણવા મળે છે.

(૨) હળપતિઓમાં કુટુંબ કદ મોટું જોવા મળે છે. કેટલાય કુટુંબોમાં સભ્ય સંખ્યા ૫ - પાંચ અને તેથી વધુની માલુમ પડી હતી.

(૩) આવાસ યોજનાનો કાર્યક્રમ અમલમાં મૂકાયો છે, પણ અમલીકરણ પછી પણ તેમના સમાજજીવન અને આર્થિક પાસામાં ફેરફાર જોવા મળતો નથી.

(૪) યોજના કડક નિયંત્રણ હેઠળ ચાલતી હોય તેવુ લાગે છે. ક્ષેત્રકાર્ય સમયે જોયેલા ટકાઉપણાના અભાવે પડી ગયેલા કે અર્ધ તૂટેલી હાલતના આવાસો પરથી લાગ્યા વિના રહેતું નથી.

(૫) આવાસ યોજનાનું નિરીક્ષણ અને મૂલ્યાંકન વખતો વખત થવું જોઈએ, તો જ જે ટકાઉપણાનો અને સમારકામના પ્રશ્નો આજે તેઓના છે જે જોઈ શકાય છે.

(૬) આવાસ યોજનાનો મકાનના લક્ષ્યાંક સિધ્ધ થયા એ કરતાં આગળ દર્શાવ્યું તેમ નક્કર કામકાજ અને સમારકામ ખામી રહી જવા પામી તે ન રહેત.

(૭) યોજના અમલીકરણ ગમે તે જગ્યાએ ઘણીવાર બનાવી દેવામાં આવે છે. જે ઘણી જગ્યાએ ખાડાવાળી ગંદી જગ્યાએ જોવા મળે છે.

(૮) પહેલેથી જ તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પરિસ્થિતિને કારણે હજુ તેઓમાં શિક્ષણની સ્થિતિ હજુ જોઈએ તેટલી સારી નથી.

(૯) તેમની પાસે ખેતીની જમીન નથી. તેઓ ખેતમજૂરી-છૂટક મજૂરીનો જ વ્યવસાય કરી જીવનનિર્વાહ ગોઠવતા હોવાથી તેઓ સતત ગરીબી રેખા હેઠળ આર્થિક સંકળામણથી જીવે છે. ખેતમજૂરી સાથે પશુપાલન નહીંવત કુટુંબો કરે છે, જે તેમના માટે પૂરતું નથી.

(૧૦) ખેતમજૂરીમાં હાળીપ્રથા ઘણે ઠેકાણે ચાકરપ્રથા પરંપરાગત રીતે તેમનામાં જોવા મળે છે. જેનાથી તેઓ દેવાદારની સ્થિતિમાં હંમેશાં જીવે છે. તેમની આ વ્યવસાયીક સમસ્યા મોટામાં મોટી છે.

(૧૧) તેમને માટે નજીકમાં પૂરક રોજગારી માટેની તકો ખૂબ જ નહીંવત છે. જેને કારણે ઘણી જગ્યાએ તેઓ બેકારી ભોગવી કંગાળ હાલતમાં જીવન વિતાવે છે.

(૧૨) તેઓ દારૂ-તાડી જેવા વ્યવસાયથી જકડાયેલા છે. જેથી તેઓની શારીરિક, આર્થિક, શૈક્ષણિક સ્થિતિને અસર થતી જોવા મળે છે.

આમ તેઓમાં કેટલીક યોજનાઓની તૂટિઓ જોવા, જાણવા મળી હતી અને તેની સાથે તેમની કેટલીક સમસ્યાઓ જોવા અથવા પૂછવાથી જાણવા મળી હતી. તેમની કેટલીક સમસ્યાઓ સ્થળને કારણે પરિસ્થિતિને કારણે જોવા મળે છે.

**પરિવર્તન અને ભવિષ્યના આયોજન માટેના સૂચનો :**

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં એક વિસ્તારથી બીજા વિસ્તાર અને એક આદિવાસી જૂથથી બીજા આદિવાસી જૂથો વચ્ચે એટલે અંદરો અંદરના વિકાસ વચ્ચેનો ગાળો ઘટાડવા માટે તેમની આર્થિક વિકાસની ગતિને વેગ આપવો જરૂરી છે. તે માટે આઝાદી પછી તેમના વિકાસ માટે અનેક યોજનાઓ ઘડી કાઢવામાં આવી હતી. આ પછી પંચવર્ષિય યોજનાઓમાં અનેકવિધ ફેરફારો કરી આવા વિસ્તારો, સમૂદાયો માટે અનેક પ્રયત્નો થયા છે. વિકાસની આ વ્યૂહરચનામાં જુદા જુદા પ્રમાણમાં સફળતા મળી હતી. તેમ છતાં અપૂરતી સવલતો અને આદિવાસીઓની પોતાની

જ કાર્ય કરવાની પ્રેરણાના અભાવે આ સાધનો પર આધારિત વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અવરોધાય છે. તેમ છતાં યોજનાઓમાં લક્ષ્યાંક પરિવારોની અંદરથી ગરીબી દૂર કરવા, તેમાં પડેલી માનવ સંપત્તિનો વિકાસ કરવા, પૂર્વ જરૂરિયાતોનો વિકાસ કરી સહાયોની જોગવાઈઓ કરાઈ હતી. તેમ છતાં યોજનાના ફળો પૂરેપૂરા કેટલીક ત્રૂટિઓને લઈને પહોંચ્યા નહોતા. આવાસ યોજનાના ગામોના કુટુંબોના અભ્યાસ પરથી નીકળેલા તારણો તેમનામાં જોવા મળતી સમસ્યાઓ પરથી કેટલાક સૂચનો અભ્યાસ દરમ્યાન મળ્યા હતા અને કેટલાક અભ્યાસના તારણ ઉપરથી અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાત રાજયમાં અનુસૂચિતજનજાતિઓ માટે તેમના હિતાર્થે ખાસ વિભાગો દ્વારા કાર્યક્રમો કરવામાં આવે છે. એ રીતે અહીં આદિવાસી વિકાસ વિભાગ દ્વારા ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ મારફતે સારો એવો પ્રયત્ન આદરીને તેમના માટે આવાસો બાંધવાની કામગીરી કરી છે અને તે હજુ ચાલુ છે. આવાસો મળવાથી તેમના ઘરોની સ્થિતિ પહેલાં કરતાં સુધરવા લાગી છે. જે પહેલાં માત્ર કાચી માટીના ઝૂંપડા હતા. જેમાં આજે રહેઠાણનો સારો માહોલ જોઈ શકાય છે. દિનપ્રતિદિન નવી વસાહતો બનતાં “ઘરનું ઘર” પાકુ તેમને મળતું જાય છે. તેમના રહેઠાણની સ્થિતિમાં તેને કારણે ખાસો ફેરફાર થવા પામ્યો છે.

હળપતિ અનુસૂચિતજનજાતિના અભ્યાસમાં તેમની વસતિ, વિસ્તાર પરિચય, ઐતિહાસિક, ભૌતિક સંસ્કૃતિ, આર્થિક, સામાજિક પાસાઓની વિગતો જોઈ. તેમના સામાજિક-આર્થિક જીવનના સર્વ પાસાઓમાં ખેતમજૂરીના તેમના વ્યવસાયનું સ્થાન અગત્યનું જોવા મળે છે, કેન્દ્ર સ્થાને છે. પરંપરાગત રીતે તેમની સાથે સંકળાયેલા ખેતમજૂરીના વ્યવસાયમાં બહુ ઝાઝો બદલાવ આવ્યો લાગતો નથી. હા તેમાં પૈસાનું ચલણ વધ્યું છે. કોઈ કોઈ ઠેકાણે છૂટક મજૂરી, નોકરી કે બીજા વ્યવસાય સાથે જે થોડા માત્ર કુટુંબો સંકળાયેલા છે. તેમાં ખેતમજૂરીને તેઓ હાળીપ્રથા કે ચાકરપ્રથાને સ્વરૂપે જોવા મળતી પ્રથામાંથી છૂટ્યા છે.

સમગ્ર આવાસ યોજનાના અભ્યાસના આધારે અને હળપતિ કુટુંબો દ્વારા જાણવા મળેલી માહિતી કે જાણકારીના આધારે, સાથે સાથે હળપતિ જાતિના આગેવાનો, સામાન્ય વ્યક્તિઓ તેમજ પ્રશાસન કામ કરતી વ્યક્તિઓ સાથેની ચર્ચાને આધારે તેમજ ક્ષેત્રકાર્યના મારા નિરીક્ષણ અને મુલાકાતને આધારે આ સૂચનો અહીં મૂક્યા છે કે હળપતિ જાતિના આવાસ માટે કે તેના બીજા પાસાઓ માટે આથી વધારે સારું શું કરી શકાય. તેના વિગતવાર સૂચનો આવરેલા ચારેય જિલ્લાના સોળ તાલુકાના સત્તર ગામોના જુદી જુદી સ્થિતિ ધરાવતા ૧૧૦ જેટલા કુટુંબોને ધ્યાનમાં રાખી કર્યો છે.

**(૧) વસતિ :**

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં, ૬૧ જેટલા તાલુકાઓમાં વધારે કે ઓછા

પ્રમાણમાં હળપતિઓની વસતિ પથરાયેલી છે. જેમાં સૌથી વધુ વસતિ સુરત, વલસાડ, નવસારી તેમજ ભરૂચ, વડોદરા જિલ્લામાં પથરાયેલી છે. ૧૯૬૧ થી ૧૯૯૧ના વસતિ ગણતરી અહેવાલો જોઈએ તો તેમની વસતિમાં ઉત્તરોત્તર સતત વધારો થઈ રહેલો માલૂમ પડે છે. જે તેમનું કુટુંબકદ જોતાં પણ તેમના વસતિ વધારાનો ખ્યાલ આવે છે. કેટલાય કુટુંબોનું કુટુંબ સંખ્યા કદ વધારે અભ્યાસ દરમ્યાન માલૂમ પડ્યું છે. તેમના વસતિ વધારાને લઈને તેમની જે સમસ્યાઓ રહેઠાણ કે વ્યવસાય અંગેની છે. તે સતત વધતી જાય છે. તો અત્યારથી જ ભવિષ્યનો વિચાર કરી તેમના કુટુંબકદને ઘટાડવાના ઉપાયો કરી વસતિ નિયંત્રિણ માટે જરૂરી યોગ્ય પગલાં ભરવા જોઈએ. તો જ આવનારી વિકટ પરિસ્થિતિમાં તેની અસરો ઓછી થાય.

(૨) **શિક્ષણ :**

હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ સારા શિક્ષણની સગવડોવાળા વિસ્તારોમાં રહેવા છતાં પરિસ્થિતિવશ ખૂબ જ ઓછું છે. જે તેમની શિક્ષણની ટકાવારી જોતાં ખ્યાલ આવે છે. ગુજરાતની કુલ વસતિમાં ૧૯૯૧ વસતિ ગણતરી મુજબ ૬૧.૨૯ સાક્ષરતાની ટકાવારી નોંધાઈ હતી. જે અભ્યાસની હળપતિ જાતિમાં ૧૯૯૧ની ગણતરી માત્ર ૨૬.૯૯ ટકાની સાક્ષરતા નોંધાઈ હતી. જે તેમની સામાજિક-આર્થિક સ્થિતિને કારણે શિક્ષણનું સ્તર નિમ્ન કક્ષાએ પરંપરાથી તેમનામાં જોવા મળે છે. તેને માટે બીજા આદિવાસી સમૂદાયોની જેમ શિક્ષણની માટે આશ્રમશાળાઓ આવાસી ઉભી કરવી જોઈએ. શિક્ષણ માટે અનાજ, કપડાં, પુસ્તકો, મધ્યાન ભોજન કે જરૂરી સગવડો શક્ય બને તો વ્યવસ્થિત માળખું રચીને ગોઠવી આવવું જોઈએ. ખાસ કરીને બાળકો ઘરકામ, ખેતમજૂરી, બાળકો સાચવવા, પશુ ચારવા જવું વગેરેમાં નાની ઉંમરથી જોડાતા હોઈ અપવ્યય અને સ્થગિતતાની ગંભીર સ્થિતિ તેમનામાં જોવા મળે છે. તેમનામાં શિક્ષણની આ શિથિલતા અંગેના કારણોમાં જઈને, જાણીને નક્કર પગલાં એ પરિસ્થિતિ સામે ભરવા જોઈએ.

(૩) **રહેઠાણ :**

૧૯૮૪થી આવાસ યોજનાની શરૂઆતથી આ યોજનામાં હળપતિ આવાસ યોજના થવાથી "ઘરના ઘરની" પાકા મકાનની સહાયથી ઘરોની સ્થિતિ સુધરવા લાગી છે. ઝૂંપડાને બદલે સારો આવાસ મળ્યો, પણ સાથે સાથે આ કાર્યક્રમ હજુ ખૂબ વ્યવસ્થિત રીતે અમલી બને તે માટે સતત કાળજી લેવાવી જોઈએ. માત્ર લક્ષ્યાંક જૂથને ખ્યાલમાં ન રાખતાં ખરેખર યોજનાના મકાન બાંધકામની પૂરતી કાળજી લેવાય એ તેમના આવાસ જોયા પછી લાગે છે. તેમાંય જરૂરિયાત મંદોને યોજનાનો લાભ મળી રહે તેમાં વંચિત ન રહે તે જોવું જોઈએ.

(૪) આવાસ યોજનાના ગામો-કુટુંબોને મળતી પાકા આવાસની સુવિધા તેમને સાવ ખરાબ રહેઠાણમાંથી પાકા, સ્વચ્છ, સુંદર, આરોગ્યપ્રદ આવાસ આપીને તેમની રહેવાની સમસ્યાને દૂર કરવાની છે. પરંતુ તેમની મૂળ સમસ્યાઓ આર્થિક નબળી સ્થિતિ, ઓછું નિમ્ન શિક્ષણ તેમનો ખેતમજૂરીનો અપૂરતી અને અનિયમિત આવક આપતો વ્યવસાય અને મોટા પ્રમાણમાં તો તેમની વચ્ચે કામ કરતા સરકારી કર્મચારીઓની નિષ્ક્રીયતા તેમને એ સમસ્યાથી વંચિત તેમજ પ્રમાણમાં ખામીયુક્ત રાખે છે. એટલે તેમની આર્થિક સ્થિતિ સુધરે તે માટે તેમની વ્યવસાયિક પરિસ્થિતિમાં ફેરફાર કરવો, તે માટેના પગલાં લેવા, તેમની શિક્ષણ ભૂખ જાગે તે માટે યથા પ્રયત્ન કરવા. તે માટેના કર્મચારીઓ નિષ્ઠાવાન સિધ્ધ થાય તેવા જરૂરી પગલાં લેવાં જોઈએ.

(૫) યોજનાના અમલીકરણમાં લાભાર્થી અને કર્મચારીઓ બંને દ્વારા ગેરરીતિઓ થાય. એટલે લાભાર્થીને આવાસનો લાભ પ્રાપ્ત થાય પછી તેનો દૂરઉપયોગ કરે તેવા સંજોગોમાં યોજનાને ચોક્કસ ઠેસ પહોંચે. તે ન બને તે માટે જરૂરી યોગ્ય કાર્યવાહી કરી પગલાં લઈ તેને અટકાવવું જોઈએ. કર્મચારી દ્વારા યોજનામાં ક્યાસ રખાય તેવું બને તો તે માટે જવાબદારનું ધ્યાન દોરી ઘટતું કરવું જોઈએ. જેથી યથા યોગ્ય પરિણામ મળતાં ટકાઉ આવાસ બને.

(૬) મકાન આવાસમાં મળતી સુવિધાઓ છે પણ અભ્યાસ બાદ જાણવા મળ્યા બાદ કંઈક ખૂટતી હોય તેવું જોવા, જાણવા મળે છે. તો જો તેમાં સુધારા-વધારા સાથે વખતોવખત વધારાય તો તેમને ખૂટતી સગવડો ખૂબ જ ઓછા નાણાંએ પ્રાપ્ત થશે અને તેમને પડતી મુશ્કેલીઓ હળવી થશે, તેવું લાગ્યા વિના રહેતું નથી. ખર્ચેલા નાણાંનો યથા યોગ્ય ફાયદો થશે.

(૭) તેમને માટેની આ યોજનાનો પ્રસાર, પ્રચાર કરવો જોઈએ. જેથી તેમને માટે ચાલતા આવાસ યોજનાના કાર્યક્રમની જાણ થશે અને લાભોથી અજાણ વંચિતો તેનો ફાયદો મેળવી શકશે. એટલે પ્રસાર, પ્રચારની ખામી છે તે દૂર થશે.

(૮) યોજનાનું માળખુ બધે એક સરખું ગોઠવાતું નથી. પહેલાં કરતાં થોડી આવાસમાં ઓસરી વગેરેની સુવિધા પછી બનેલા આવાસમાં કરી આપી છે. સાથે સાથે બીજી આવાસ યોજનાના માળખામાં (ધાબાવાળા, જાજરૂ બાથરૂમવાળા) સુવિધાજનક મકાનો હળપતિ આવાસ યોજના સાથે ઘણી જગ્યાએ છે. જેને લઈને આ લોકો માનસિક રીતે પીડાતા જોવા મળે છે. તો કાર્યક્રમ આવાસનો થોડા સુધારાથી થાય તો આમ બનતું અટકશે.

(૯) આવાસ યોજનામાં છેક ૧૯૮૪થી આજ સુધી મકાન સમારકામ અર્થે કંઈક સગવડ આપવાની જોગવાઈ કરાઈ નથી. જો મકાન કોઈ કારણોસર પડી જાય કે કંઈક નુકશાન થાય તો તેઓ નાણાંના અભાવે કંઈ કરી શકતા નથી. કારણકે તેઓ ખેતમજૂરીથી જ જીવન ગુજારતાં હોઈ

આવા મકાન સમારકામનો ખર્ચ પહોંચી શકે તેમ ન હોઈ કેટલીક જગ્યાએ મકાન ખલાસ થઈ ગયાની કે પડી ગયાના દાખલા બન્યા છે, તે ન બને. તો જરૂરી યોજનામાં સમારકામની જોગવાઈ કરી ઘટતું કરવું જોઈએ.

(૧૦) મકાન આવાસની આ યોજના તેમના અભ્યાસથી ઉપરથી લાગે છે કે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે ઘણી જ ઉપયોગી સાબિત થઈ છે. એટલે તે ચાલુ રહેવી જ જોઈએ. એમ ગામ લોકો યોજના સાથે સંકળાયેલા અધિકારીઓ અને તેવો પોતે પણ માને છે. જે ક્ષેત્રકાર્યને આધારે પણ લાગ્યા વિના રહેતું નથી.

(૧૧) આવાસ યોજનાઓનું અમુક વર્ષોના અંતરે મૂલ્યાંકન થવું જોઈએ. જેથી યોજનાના સારા પાસાઓ, ખૂટતી કડિઓ અને તેમના અભિપ્રાયો, સુધારા-વધારાનો ખ્યાલ આવી શકે. સાથે સાથે યોજનામાં ખરેખર શું ચાલી રહ્યું છે તેનો પૂરો નહીં તો જેટલો આવે તેટલો ખ્યાલ આવશે. જેથી આગળ ચાલતી યોજનામાં તે સંદર્ભે ગાઈડ લાઈન, માર્ગદર્શન મળી રહેશે.

# માનવ વિકાસ : ગુજરાતના આદિવાસી અને બિનઆદિવાસી ક્ષેત્રને અનુલક્ષી

શ્રી અરૂણભાઈ પટેલ
શ્રી રવીન્દ્રભાઈ પંચોલી

સાપ્રંત સમયમાં દરેક દેશ આર્થિક વિકાસ મહત્તમ થાય તે માટે પ્રયત્નશીલ છે. આર્થિક વિકાસ, માનવ વિકાસ, વૃદ્ધિ વગેરેનો અર્થ મૂળભૂત રીતે સમજવો જરૂરી છે. રાષ્ટ્રિય આવકની સાથે માથાદિઠ આવકમાં વધારો આર્થિક વૃદ્ધિ છે. આર્થિક વિકાસ, આર્થિકવૃદ્ધિ અને માનવજીવન ગુણવત્તામાં થયેલ પરિવર્તન માનવવિકાસ સૂચવે છે.

એરિકફ્રોમ (૧૯૬૮)ના મતે માનવીય સાધનથી ઔદ્યોગિક વિકાસ માનવ માટે હાનીકારક પણ થઈ શકે છે. ઔદ્યોગિક વિકાસની સાથે માનવકલ્યાણ સંબંધિત સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ગુણાત્મક પરિવર્તનને તેઓ સૂચક ગણે છે.

છેલ્લા બે દશકામાં માનવવિકાસ અને સંપોષિત વિકાસની ચર્ચા એરણે ચડી. નોબલ પ્રાઈઝ વિજેતા શ્રી અમર્ત્યસેને માનવક્ષમતાનો ખ્યાલ રજુ કર્યો. પર્યાવરણીય ગુણવત્તામાં થયેલ ઘટાડાએ વૈશ્વિક અને સ્થાનિક સ્તરે ટકાઉ વિકાસનો ખ્યાલ આવ્યો. કુદરતી સંસાધનોના ઘટી રહેલા પ્રમાણના સમયમાં ટકાઉ વિકાસ મહત્વનો બન્યો છે. આમ માનવ વિકાસ અને ટકાઉ વિકાસની વિચારયાત્રામાં સ્થાનિક સ્તરે માનવવિકાસનો ખ્યાલ અત્યંત પ્રસ્તુત બન્યો છે.

અત્રે આમ સમાજની સાથે વિકાસની આગેકુચમાં કદમ ન મેળવી શકનાર અનુસૂચિત જનજાતિ અને બિનઆદિવાસી સમાજની સરખામણી કરી આયોજિત વિકાસની ભારતની પંચાવન વર્ષની યાત્રાના લેખાજોખા પ્રસ્તુત કરવા પ્રયત્ન કરેલ છે. આદિવાસી વિકાસના અનેક ખ્યાલો જુદા જુદા પ્રબુધ્ધ સમાજશાસ્ત્રીઓએ પ્રસ્તુત કર્યા છે. પ્રથમ પ્રધાનમંત્રીશ્રી નહેરુજીએ આયોજીત વિકાસના શરૂઆતના તબક્કામાં પંચશીલના સિધ્ધાંતો આપી માનવવિકાસનું મહત્વ પણ પ્રસ્થાપિત કરેલું જ છે. આ તમામ પ્રયત્નોનો પરિપાક શું છે ? તેને ઉઘાડમાં લાવવાના આશયથી માનવવિકાસના જુદા જુદા પાસાઓને આવરી લેતી દ્વૈતિક માહિતી પરથી આ અભ્યાસ કરવામાં આવેલ છે.

(૧) **આર્થિક :** ૧૯૬૧થી અત્યાર સુધીના વસ્તી ગણતરીના આંકડા સાક્ષી પુરે છે કે તે વખતે ખેતીકામ કરતા આદિવાસીઓની ટકાવારીની સરખામણીમાં અત્યારે ઉત્તરોત્તર ટકાવારી ઘટતી ગઈ છે. જયારે ખેતમજૂરી, અન્ય મજૂરી વગેરેમાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. ટૂંકમાં ખેતી કરનાર વર્ગ પોતાનો વર્ષ ભરનો રોટલો મેળવી શકતો નથી. ગુજરાતનાં કુલ ગ્રામ્ય પરિવારો ૫૭,૬૬,૭૩૮માંથી ગરીબી રેખા નીચે જીવતાં પરિવારો ૨૩,૨૯,૩૭૮ છે. એટલે કે ૪૦.૩૯% પરિવારો ગરીબી રેખા નીચે જીવે છે. આ ગરીબી રેખાવાળા પરિવારોમાંથી ૩૭.૦૯% પરિવારો તો આદિવાસીના જ છે.એટલે કે અનુસૂચિત જનજાતિ અને સમગ્ર ગુજરાતનું ગરીબી રેખાના

**સંદર્ભમાં વિકટ** ચિત્ર છે. એ પણ જોઈ શકાય છે કે આદિવાસી વિસ્તાર ધરાવતા જિલ્લાઓમાં અન્ય જિલ્લાઓની સરખામણીમાં ગરીબી રેખાનું પ્રમાણ ઘણું જ ઊંચું છે.

(૨) **શિક્ષણ :** રાજયની વસ્તીમાં અને અનુસૂચિત જનજાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતુ ગયું છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજયની સામાન્ય સાક્ષરતા ૬૯.૧૪ ટકા છે. જયારે અનુસૂચિત જનજાતિઓમાં સાક્ષરતા ૪૭.૭૦ ટકા છે. શૈક્ષણિક સાધનો, સુવિધાઓ, સંસ્થાઓ, સહાય વગેરે આદિવાસી વિસ્તારમાં ખાસ વધારવામાં આવી છે. છતાં કેટલીક અનુસૂચિત જનજાતિઓ સામાન્ય હરોડથી શૈક્ષણિક રીતે ઘણા પાછળ છે. એ પણ જોઈ શકાય છે કે સામાન્ય પ્રવાહ કરતાં વાણિજય અને વિજ્ઞાન પ્રવાહમાં તેમનું પ્રમાણ ઓછું છે.

(૩) **આરોગ્ય :** ગુજરાતમાં દર વર્ષે ૧૦૦૦ કરોડ રૂપિયા આરોગ્ય સુવિધાઓ માટે ખર્ચાય છે. તેમાં ૫૦૦ કરોડ રૂપિયા સ્ટાફ ભથ્થાં પાછળ અને બીજો થોડો ખર્ચ મોટા દવાખાના પાછળ થતો હોય જે ખરેખર સેવાના હેતુથી ઊભી થયેલી આ યોજનાનો મૂળ હેતુ જળવાતો નથી. આદિવાસી વિસ્તારમાં આરોગ્ય કેન્દ્રો તો છેજ પણ ત્યાં પુરતો સ્ટાફ હોવા છતાં પ્રમાણમાં ઘણા ઓછા દર્દીઓ સેવા લેતા હોય તો શા માટે આવું થાય ? આ વિસ્તારનો અસાધ્ય અને વંશપરંપરાગત રોગ સિકલ સેલ અનિમિયાનું પ્રમાણ વધતુ જાય છે. તે ગંભીરતાથી વિચારવું પડશે. ઊંડાણના ગામોમાં બાળમૃત્યુ કે જન્મ થયેલ હોય તે ખરેખર નોંધાય છે ?

(૪) **સુવિધાઓ :** સમગ્ર ગુજરાતના ગામોમાં જેમ પાયાની સુવિધાઓ વધવા લાગી છે તેમ આદિવાસી વિસ્તારના ગામોમાં પણ ધીમે ધીમે પાયાની સુવિધાઓ વધતી જાય છે. પણ કેટલીક સુવિધાઓ તેની સંસ્કૃતિને આધારે, તેની ભૌગોલીક પરિપેક્ષને આધારે આજે પણ પૂરેપૂરી થઈ શકી નથી. જેમ કે ઘરે ઘરે વિજળી અને પીવાના પાણીની વ્યવસ્થા છુટા છવાયા ઘરો હોવાથી તેઓ વંચિત છે. જાજરૂ જેવી સુવિધાઓ મોટા ભાગનાઓને અનુકુળ નથી. રસ્તાઓ તાર-ટપાલ-મોબાઈલ ફોન વગેરે સુવિધાઓ ધીરે ધીરે વધતી ગઈ છે. વાહન વ્યવહારમાં ખાનગી વાહનો, પોતાના વાહનો વગેરેમાં પણ વધારો જોવા મળે છે.

**આદિવાસી વિસ્તારમાં કરવા યોગ્ય સૂચનો :**

- આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પૂરતા ઓરડા, પૂરતા શિક્ષકો, શિક્ષક નિવાસો વધારવા પડશે. કારણ કે એક વર્ગમાં ત્રણ કે બે ધોરણ બેસાડવાથી ભણવાની બાબતમાં પૂરતો ન્યાય મળતો નથી.
- શિક્ષકોની ગેરહાજરી, પૂરતો સમય નહી આપનારને શિક્ષાત્મક પગલાં ભરવા પડશે.
- મધ્યાહ્ન ભોજન યોજનામાં થતી નિષ્કાળજી

- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા જે તમામ લાભો મળે છે તેવાજ આદિવાસી આશ્રમશાળાઓના તમામ કર્મચારીઓને લાભો મળવા જોઈએ. તથા માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ મુજબ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને આર્થિક લાભ સાથે સલામતી મળે એ જરૂરી છે.

- નવી આશ્રમશાળાઓ જયાં જરૂર હોય ત્યાં વધારવી જોઈએ અને રાજકારણીઓથી પર હોવી જોઈએ.

- પ્રાથમિક શાળા કે આશ્રમશાળાઓમાં આદિવાસી ભાષા કે બોલીથી માંડી આંતરરાષ્ટ્રીય ભાષા સુધી પણ જવા પ્રયત્ન કરવો જોઈએ. એટલે કે અન્ય સમાજની હરોડની બરાબરી કરે તેવું શિક્ષણ હોવું જોઈએ.

- સ્થળાંતરીત આદિવાસી મજૂરોના બાળકોને ભણવા માટે વિચારવું જોઈએ. દા.ત. મોબાઈલ વર્ગો ઊભા કરવા.

- આદર્શ નિવાસી શાળાનું પરિણામ ખરેખર આદર્શ છે? તેમાં પૂરતો સ્ટાફ, જે તે તમામ વિષયના શિક્ષકો ખરેખર છે કે કેમ તે વિચારવું જોઈએ. અથવા રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ આવી નિવાસી શાળાઓ ચલાવી શકે કે કેમ ? વગેરે વિચારવા યોગ્ય છે.

- આદિવાસી વિસ્તારમાંથી મળી આવતી ખનીજ સંપત્તિ અથવા કુદરતી સંસાધન આધારીત ઉદ્યોગોને લગતુ શિક્ષણ તથા તે પ્રકારના ટેકનીકલ શિક્ષણના તાલીમ વર્ગો કરવા.

- બુકબેંક યોજનાનાં નાણાં માર્ચ માસને અંતે આપવાને બદલે શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં જ આપવા જોઈએ જેથી તેનો વ્યવસ્થિત ઉપયોગ થઈ શકે. તેજ રીતે ભણતા આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ વગેરેનો લાભ પણ ચાલુ સત્રમાં જ મળવો જોઈએ, નહીં કે બીજા વર્ષે.

- કેટલાક રાજયોમાં શરૂઆતમાં પોતાની માતૃભાષાથી માંડી તરત અંગ્રેજી ભાષા તરફ દોરી જવામાં આવે છે. જયારે આદિવાસી વિસ્તારમાં જે તે વિસ્તારની અલગ બોલી-ભાષાની શરૂઆત કરી, માતૃભાષા, રાષ્ટ્રભાષા અને છેલ્લે અંગ્રેજી ભાષા તરફ જવાનું લક્ષ રહે છે, એટલે કે વચ્ચેનો સમય અથવા ગાળો જે અંગ્રેજી ભણવાનો છે તેના સ્થાને ગુજરાતી, હિન્દી, સંસ્કૃત વગેરેમાં સમય ચાલ્યો જાય છે અને પરિણામે બીજા રાજયો કરતાં આપણે ત્યાં અંગ્રેજી ભાષા પરનો કમાન્ડ પ્રમાણમાં ઓછો રહે છે. તેમાંય આદિવાસી વિસ્તારમાં તેની અસર વધારે છે કારણ કે તેઓની પોતાની આગવી ભાષાનો ઉમેરો થાય છે.

# જંગલ ગૌણપેદાશ એકત્રિકરણની આદિવાસી જીવનસ્તર પર અસર અને તેના મળતા ભાવો મૂલ્યાંકન અભ્યાસ

ભીખાભાઈ પટેલ

**પ્રસ્તાવના**

આજના વિકાસશીલ રાષ્ટ્રમાં કુદરતી સાધનસંપત્તિ પાણી, પર્યાવરણ પત્થર, જમીન, ખનીજો અને જંગલો કે જે કુદરતી સ્ત્રોત છે. આ બધાનો વિકાસની પ્રક્રિયામાં આગવું પ્રદાન હોય છે. જંગલોનું આજની અર્થવ્યવસ્થામાં પણ ઘણું યોગદાન રહ્યું છે. જંગલો દ્વારા રોજગારીનું ઉપાર્જન, માનવજીવનની સુખાકારી ઊભી કરવી, જંગલમાંથી અર્થોપાર્જન કરવું, જંગલો દ્વારા પર્યાવરણીય સમતુલા જાળવવી વગેરે આમ જંગલો માનવ સમુદાય માટે અનેકવિધ રીતે ઉપયોગી છે. ગુજરાત અને ભારતના સંદર્ભમાં જંગલો અને આદિવાસીઓનો સંબંધ અતૂટ રહ્યો છે. આદિવાસી અને જંગલો અંગે ઐતિહાસિક રીતે જોતાં તે જુદા જુદા તબક્કામાંથી પસાર થાય છે.

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**

આઝાદી પહેલાં અને બ્રિટીશરોના વખતમાં જંગલ સમુદાયોની અર્થવ્યવસ્થાનું ચિત્ર સ્પષ્ટ ન હતું. આદિવાસીઓ અને જંગલ અર્થવ્યવસ્થાના સંબંધ અંગેની માહિતી સંસ્થાનવાદના વહીવટદારોના લખાણમાંથી પ્રાપ્ત થાય છે. આ સમયે ગ્રામ્ય સમુદાયો પોતાના વિસ્તારમાં આવેલી પડતર જમીનો અને જંગલનો અમર્યાદિત રીતે ઉપયોગ કરતા હતા. સ્થાનિક રાજવીઓ જ્યારે ઔષધિય છોડવાની નિકાસ કરવાની હોય ત્યારે તેના પર નજીવો કર નાખતા. પરંતુ જંગલ પેદાશો જે સ્થાનિક સમુદાયો દ્વારા વપરાશમાં લેવામાં આવતી હતી તેના પર કર લેવાતો ન હતો.

બ્રિટીશ સલતનના અધિકારીઓ દ્વારા ૨૦મી સદીના શરૂઆતના તબક્કામાં તૈયાર કરેલા કેટલાક અહેવાલોમાં દર્શાવ્યા મુજબ સ્થાનિક સમુદાયોને જંગલ વિસ્તારમાં માત્ર પોતાના ઢોર ચરાવવાની છૂટ હતી તેમજ બળતણ, ખેતીના ઓજાર બનાવવા માટે મકાનો બનાવવા માટે જરૂરિયાત મુજબનાં લાકડાં છાજ માટે તથા છત અને દિવાલો માટેના વાંસ વિગેરે છૂટથી લઈ શકતા. મકાનની સાથે સાથે મકાનની ફરતે વાડ બનાવવા માટે જરૂરિયાત મુજબના થોર, ખાતર બનાવવા ઉપયોગી પાન પણ છૂટથી લઈ શકતા હતા. જંગલ વિસ્તારમાં વસવાટ કરતા તમામ આદિવાસી કુટુંબો તેમની પ્રાકૃતિક વસાહત ઉપર અનેકવિધ રીતે આધાર રાખતા હતા. જંગલોમાંથી આખું વર્ષ ચાલે તેટલી ખાદ્યચીજો મળી રહેતી હતી. ૧૮૮૧ના ભારતીય દુકાળ કમિશનના અહેવાલમાં જુદા જુદા ૩૧ ઝાડોની જાત બતાવી છે. જેમાં સાતપુડા પર્વત અને સહ્યાદ્રિ પવર્તના રહેવાસી એવા આદિવાસીઓ દુકાળના કપરા સમયમાં નભી શકતા હતા. જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અને બીજા સમુદાયો સામાન્ય રીતે સો ઉપરાંતની

કુદરતી જંગલ પેદાશો વિષે જાણકારી ધરાવતા હતા. આ અવલંબનથી લાંબા સમયથી ચાલી આવતી સાંસ્કૃતિક અને ધાર્મિક વિધિઓ સંપન્ન થવાથી તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે. આના અનેક દાખલા-દંતકથાઓ અને લોકપરંપરાઓમાં જોવા મળે છે. દા.ત. 'ઝુમ' પદ્ધતિથી ખેતી કરતા આદિવાસી સમુદાયો પરંપરા અનુસાર જંગલની હદને જાળવી રાખે છે. જંગલખાતાના સૌ પ્રથમ ઈન્સ્પેકટર જનરલ ડાયટ્રીસ બ્રાન્ડીસ લખે છે કે અંગ્રેજ અમલ દરમ્યાનના ભારતમાં ઘણી પવિત્ર ગુફાઓ હતી તે પરંપરા મુજબ જળવાઈ રહી હતી.

બ્રિટીશ શાસનની શરૂઆતના તબક્કામાં સન ૧૮૬૨ના ગાળામાં ગવર્નર જનરલે અલગ જંગલ વિભાગ સ્થાપવાની જાહેરાત કરી. કારણકે આ અરસામાં ભારતના જંગલો આડેધડ રીતે ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા કપાવવામાં આવતા હતા. ૧૮૬૪માં જર્મન ફોરેસ્ટરની મદદથી ઈમ્પીરીયલ જંગલ ખાતુ શરૂ કરવામાં આવ્યું. જંગલખાતાનો સ્વતંત્ર વિભાગ શરૂ થતાંની સાથે જ સ્થાનિક સમુદાયોને જે અમર્યાદ હક્કો અને છૂટછાટો હતી, પરંપરાગત રૂઢિઓ હતી તેમાં કાયદો થવાથી તેના ઉપર કાપ મૂકવામાં આવ્યો. સન ૧૮૬૫ના ભારતીય જંગલ કાયદાથી રાજયનો પ્રથમ ઈજારાશાહી હક્ક દાખલ કરવામાં આવ્યો. જયારે ૧૮૭૮ના કાયદા પ્રમાણે રાજયને જરૂર જણાય ત્યાં નિતિમાં સુધારા કરવા અને જરૂર જણાય ત્યાં જંગલ વિસ્તારમાં ફેરફાર કરવાની છૂટ અપાઈ.

**આદિવાસીઓના હક્કો પર અસર :**

રાજાશાહીમાં આદિવાસીઓના જંગલ આધારિત હક્કો પર સીધી અસર થતા આદિવાસીઓના જંગલ સંપત્તિ પરના હક્કો પર નિયંત્રણ આવતાં તે વખતની સામાજિક ચળવળોમાં જંગલ કેન્દ્ર સ્થાને રહ્યું છે. ગઢવાલ વિસ્તારમાં ૧૯૧૩ની સાલમાં જંગલો મુકરર કરવામાં આવતાં સન ૧૯૧૬ અને ૧૯૨૧માં સામાજિક ચળવળો શરૂ થઈ. આ વિસ્તારોમાં આદિવાસીઓનાં તોફાનો પણ શરૂ થયાં હતાં. ત્યારથી જંગલ ખાતાની કામગીરી સાથે અસહકારની પ્રથા પણ શરૂ થઈ. રક્ષિત જંગલોમાં અંકિત કરવામાં આવતી હદ અને ફેન્સીંગ તે આદિવાસી સમુદાય માટે તેમના જ વિસ્તારમાં તેમનો જંગલ વિસ્તાર પરનો કાબુ ગુમાવ્યા સમાન હતું. જયારે સરકાર પક્ષે જંગલના અસ્તિત્વ અર્થે નિયંત્રણ જરૂરી હતું.

જંગલ ઉપરના હક્કો અને ભોગવટામાં સ્થાનિક સમુદાયને અળગા કરતાં માણસ અને જંગલને જોડતી કડી તૂટી ગઈ હતી. "જૌનસાર બેવાર" ગ્રામ્યવાસીઓના જંગલ વસાહત તરફના વર્તન અંગે જણાવે છે કે ગ્રામ્યવાસીઓ એવું માનતા હતા કે આ જંગલો ઉપરના હક્કોમાં થયેલા ઘટાડાને કારણે જંગલોની જાળવણી અને સુધારા માટે અમને જે મુશ્કેલી પડશે તે જંગલખાતા તરફથી વેપારીકરણ થશે ત્યારે ઓછી થશે. (તેવું દહેરાદૂન, મેરૂત ડીવીઝન દ્વારા ૧૮૯૭માં થયેલા અભ્યાસમાં દર્શાવેલ છે.) આના સમર્થનમાં સમાજમાનવશાસ્ત્રી 'વેરિયર એલ્વિન' લખે છે કે જંગલ મુકરર કરવામાં આવ્યું તેથી

આદિવાસીઓ બહુ દુઃખી થયા હતા. તેમને સરકાર તરફ પણ ઘૃણા થઈ. કારણકે જંગલો આદિવાસીઓની અંગત મિલકત સમાન હતા. આમ આ સમયગાળા દરમ્યાન અનેક સંઘર્ષો અને ચળવળો શરૂ થઈ હતી.

૨૦મી સદીની શરૂઆતના તબક્કામાં જંગલ ગૌણ પેદાશોનું ઉત્પાદન હાથ ધરવામાં આવ્યું હતું. આ ગૌણ વનપેદાશો ભારતમાંથી ઉપલબ્ધ થતી અને ઈંગ્લેન્ડના વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનમાં કામ લાગતી તે વખતની જંગલ પેદાશોમાં રેઝીન અને ટર્પેન્ટાઈન, ચામડુ કમાવાની સામગ્રી, કાથો, જરૂરી તેલ આ બધી ગૌણ પેદાશોમાંથી વિદેશી વેપાર ઘણો રસ દાખવ્યો હતો. તે વખતે અનેકવિધ જંગલ કામગીરીમાં જેમને માટે આવી નીતિઓ અમલમાં મૂકવામાં આવી હતી તેવા સ્થાનિક આદિવાસીઓના સમુદાયને બાકાત રાખવામાં આવ્યો હતો.

સન ૧૮૯૪નો ઠરાવ એ ભારતની જંગલ ખાતાની આજદિન સુધીની નીતિનો આધાર છે. જેમ જેમ જંગલોનો ઉપયોગ વધતો ગયો તેમ તેમ જંગલ વસાહતીઓ જંગલ ઉપરનું તેમનું નિયંત્રણ ગુમાવવા લાગ્યા અને આજે જંગલ ગુમાવ્યાની લાગણી છે તે ઘણી આદિવાસીઓની ચળવળોમાં વ્યક્ત થાય છે. ૧૯૪૨ થી ૧૯૬૦ના ગાળામાં પણ આવી ચળવળો થયેલી જોવા મળે છે. અત્યારે ઘણા જંગલોમાં સત્તા સામે પણ બળવો પોકારવામાં આવે છે. આમાંની બધી ચળવળો ઉત્તરખંડ, ઝારખંડ, પશ્ચિમમાં થાણા, ધુળિયા જિલ્લાની ચળવળો એકજ પ્રશ્નની આસપાસગુંથાયેલી જોવા મળે છે કે જંગલ અને જમીન ઉપર જે તે વિસ્તારના સ્થાનિક આદિવાસી સમુદાયોનું નિયંત્રણ હોવું જોઈએ.

ઉપર દર્શાવેલ કેટલીક ઐતિહાસિક બાબતોની વિગતો જોતાં આદિવાસીઓનો પરંપરાગતથી જંગલ સાથે ખૂબજ સાહજિક સંબંધ રહેલો જોવા મળેલ અને આટલા નજીકના સંબંધને નાતે જંગલ અને જમીનના પ્રશ્નો જુદા જુદા સમયે બ્રિટીશરો અને સાશનકર્તાઓ સાથે વિવિધ ચળવળો અને સંઘર્ષો થતા આવ્યા છે. ૧૮૬૧માં બ્રિટીશરોએ જંગલ ખાતાની સ્થાપના કરી વહીવટ દાખલ કર્યો હતો. સાથે સાથે કોન્ટ્રાક્ટરો અને શાહુકારોને જંગલકામના કોન્ટ્રાક્ટ આપીને જંગલ ગૌણ પેદાશો એકત્રિત કરવાની તક મળતાં. જે વન્ય પેદાશો આદિવાસી પ્રજા એકઠી કરતી હતી. તે આ નવા ઊભા થયેલા ઈજારદારોએ તેમની પાસેથી નજીવા ભાવે લઈ બદલામાં આદિવાસી પ્રજાને હલકા પ્રકારની જીવન જરૂરી વસ્તુઓ આપતા અને શોષણ કરતા. આ શોષણ અટકાવવા તેમાં ક્રમિક ઘટાડો કરવા સરકારે રાષ્ટ્રીય કૃષિપંચની ૧૯૭૩ની ભલામણો અનુસાર વનક્ષેત્રે ઝડપભેર વિકાસ હાંસલ કરવા ૧૯૭૯માં જંગલ ગૌણ પેદાશોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને વિવિધ રાજ્યોમાં વનવિકાસ નિગમો સ્થાપવા ભલામણ કરી. આમ આ રાષ્ટ્રીયકરણ અન્વયે ગુજરાતમાં ૧૯૭૬-'૭૭ના વર્ષથી ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ આદિવાસીઓ દ્વારા એકત્રિત કરેલ ગૌણ વનપેદાશો અને વનૌષધિઓને એકત્રિત કરી વિકાસ અર્થે કામગીરી કરે છે. આજે અનેક વિધ રીતે આદિવાસી જંગલ ઉપર નિર્ભર જોવા મળે છે અને જંગલમાંથી

રોજગારીની તકો મેળવે પણ છે. ત્યારે આ અભ્યાસમાં એ પણ જોવું છે કે ખરેખર આદિવાસી કુટુંબોને જંગલ ગૌણ પેદાશોના પૂરતા ભાવ મળે છે કે કેમ ? તથા તેના જીવનસ્તર પર આજે તેની શું અસર થઈ છે તે જોવાનો આશય પણ છે.

**તપાસના ઉદ્દેશ :**

(૧) ગુજરાત રાજય વન વિકાસની સ્થાપનાની શરૂઆતથી નિગમ દ્વારા વિવિધ પેદાશો કલેકશન કરવાની જવાબદારી જે તે વિસ્તારના સ્થાનિક પરવાનેદારોને આપી છે. ત્યારે વનમાંથી ઉપલબ્ધ પેદાશોમાંથી આદિવાસી પ્રજાને કેટલી આવક થાય છે તે પણ જોવું છે તથા જંગલોની આસપાસ વસતા આદિવાસીઓ માટે રોજગારીની નવી તકો ઊભી કરવા માટે ખાસ મહત્વ પણ અપાયું છે તો કેટલો વખત રોજગારી મળે છે તે પણ હાલના સંજોગોમાં જોવું જરૂરી બન્યું છે.

(૨) ખાનગી કોન્ટ્રાકટર અનેશાહુકારો દ્વારા થતું શોષણ અટકાવવા કેવા પગલાં ભરવાં જોઈએ તે અંગે સૂચન કરવા.

(૩) વન આધારિત પેદાશોમાં ખાસ કરીને જંગલ ગૌણ-વન પેદાશોનું એકત્રિકરણ કરી તેને બજારમાં મૂકી તેની ગુણવત્તા અને વેચાણની પ્રક્રિયામાં સુધારો કરી સારા ભાવો મળે છે કે કેમ ? તે પણ જોવાનો આશય છે.

(૪) આજે દિનપ્રતિદિન જંગલોનો નાશ થતો જાય છે ત્યારે આદિવાસીઓની જીવાદોરી સમાન જંગલોમાંથી થતું ઉપાર્જન તેમના જીવનનિર્વાહ પૂરતું છે કે કેમ તે પણ જોવાનો આશય છે.

(૫) વનમાંથી મળતી ગૌણ પેદાશોનું આર્થિક વિકાસમાં મહત્વ ચકાસવું.

(૬) વન વિકાસ નિગમની સ્થાપના પછી આદિવાસી પ્રજાને થયેલ લાભો અંગે જાણકારી મેળવવી.

(૭) આજે ગુજરાત રાજય વનવિકાસ નિગમની સ્થાપનાને ૨૫ વર્ષ ઉપરાંતનો સમય પસાર થયો છે ત્યારે આ સમયગાળા દરમ્યાન વનવિકાસ નિગમના આદિવાસી વિકાસ અંગેના કાર્યક્રમોને અમલી બનાવવામાં પૂરતો સમય મળી રહેલ છે તે દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં લઈ વનવિકાસ દ્વારા નિગમે આદિવાસીઓ માટે વિકાસને લગતી કઈ યોજનાઓ અમલમાં મૂકી છે. આદિવાસીઓના ઉત્થાન માટે કઈ નવી પ્રવૃત્તિઓ વિકસાવી છે તેનો અંદાજ મેળવવાનો આશય છે.

(૮) સાથે સાથે શોષણખોર વેપારીઓને સ્થાને લોકોના પ્રતિનિધિરૂપ એવી સ.મં., મહિલા મંડળો તેમજઆદિવાસી યુવક-યુવતીઓને કેટલું પ્રોત્સાહન આપવામાં આવે છે તે જોવું છે.

(૯) રોજગારીની તકોના સંદર્ભમાં ઢેબર કમિશનના અહેવાલમાં ઉલ્લેખ છે તે પ્રમાણે કાચી વનપેદાશો અને રૂપાંતરિત વનપેદાશોના મળતા ભાવો અંગે ચકાસણી કરી ખરેખર આદિવાસીઓના વિકાસ અંગે કઈ કઈ કલ્યાણ યોજનાઓ અમલી છે તે જાણવું.

આજે રાજયમાં વનવિકાસને લગતી કામગીરી જુદા જુદા આઠ વિભાગોમાં વહેંચાયેલી છે અને દરેક વિભાગમાં રાજકોટ અને ભૂજ સિવાય મુખ્યત્વે આદિવાસી વસતિ આવેલી છે. જંગલ ખાતા દ્વારા રાજયના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં નીચે મુજબ જંગલના વિભાજન નક્કી કરી તેની કામગીરીની વહેંચણી કરવામાં આવી છે.

(૧) ગોધરા ડીવીઝન
(૨) દેવગઢબારિયા ડીવીઝન
(૩) છોટાઉદેપુર ડીવીઝન
(૪) રાજપીપળા ડીવીઝન
(૫) વાંસદા ડીવીઝન
(૬) હિંમતનગર ડીવીઝન
(૭) રાજકોટ ડીવીઝન
(૮) ભુજ ડીવીઝન

આમ જંગલ ગૌણ પેદાશની એકત્રીકરણની આદિવાસીઓના જીવન સ્તર પર અસર અંગે અને તેના મળતા ભાવોના સંદર્ભમાં ઘણા અભ્યાસો થયા છે. તેમાં ૧૯૮૫-૮૬ સુધીની પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં ઠીક-ઠીક પ્રમાણમાં આવક થતી હતી. પરંતુ હાલમાં જંગલ ગૌણ પેદાશમાંથી મળતી આવક ઘટી છે. છેલ્લા પાંચેક વર્ષમાં તો દુષ્કાળ અને ઓછા વરસાદને કારણે ખાસ કરીને મહુડાફુલ ડોળી ઉપજ ઘણી ઓછી થાય છે. ટીમરૂ પાન પણ ખૂબજ ઓછા મળે છે જેની અસર આદિવાસી જીવન પર જોવા મળે છે. પહેલાં કરતાં જંગલ પેદાશમાંથી મળતી આવકમાં આજે આપોઆપ ઘટાડો થયેલ જોવા મળે છે.

**અભ્યાસનું મહત્વ :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આદિવાસી વિસ્તારોમાં જુદાં જુદાં પાસાંને લગતા અભ્યાસો હાથ ધરવામાં આવે છે. કેન્દ્ર દ્વારા કેટલાક જાતિ તપાસને લગતા, કેટલાક મોનોગ્રાફ્સ, કેટલાક શિક્ષણને લગતા અભ્યાસો થયા છે. આ ઉપરાંત ૧૯૭૯-૮૦ના વર્ષમાં વન વિકાસ નિગમની પ્રવૃત્તિઓની સમીક્ષા કરવા અંગેનો એક અભ્યાસ હાથ ધરી રાજયના ડાંગ, ધરમપુર, રાજપીપળા, છોટાઉદેપુર, રતનમહાલ એમ જુદા જુદા વિસ્તારોના ગામડાઓમાં સર્વેક્ષણ દ્વારા વનપેદાશ એકત્રિકરણની કામગીરી કરતા આદિવાસી કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવ્યા મુજબ આદિવાસીઓની કુલ વાર્ષિક આવકના ૩૫ ટકા આવક ગૌણ વનપેદાશમાંથી થતી હતી. પરંતુ આજે ગૌણવનપેદાશ એકત્રિકરણની કામગીરીમાંથી થતી આવકનું પ્રમાણ અંદાજીત ૨૦ થી ૨૨ ટકા થયું છે. એટલે કે આવક ઘટી છે.

ભારત સરકાર દ્વારા આ અભ્યાસ કેન્દ્રને કરવા સૂચવ્યું છે તે પ્રમાણે પ્રસ્તુત અભ્યાસમાં ખાસ કરીને જંગલ વિસ્તારના ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયાં ખાસ કરીને ટીમરૂપાન, ડોળી, મહુડાફુલ, ગુંદર, વનૌષધિઓ અને અન્ય ગૌણપેદાશ મળી આવતી હોય તેવા અતંરિયાળ ગામોની પસંદગી કરવામાં આવી છે. જેમાં જુદા જુદા આદિવાસી જૂથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસી અર્થવ્યવસ્થામાં ગૌણ ઉપજનું મહત્વ સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં તેની મહત્તા પણ દર્શાવવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રસ્તુત અભ્યાસમાં વન વિકાસ નિગમની પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુણવત્તાની દ્રષ્ટિએ જોતાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના બે ગામો, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના બે, વિજયનગર તાલુકાના બે બે ગામો તથા ડાંગ જિલ્લાના ૩ ગામોનો સમાવેશ કરીને જુદા જુદા આદિવાસી જૂથોની જંગલ ગૌણ પેદાશ એકત્રિકરણ ક્ષમતાને પણ દર્શાવવામાં આવીછે એટલે સમગ્રતાની દ્રષ્ટિએ આ અભ્યાસ નોખો તરી આવે છે.

**અભ્યાસ હેઠળનો વિસ્તાર :**

આ અભ્યાસ બનાસકાંઠા, સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોને ધ્યાનમાં લઈ જંગલ વિસ્તારના ગામોને ધ્યાનમાં લઈ પસંદ કરેલ છે. અભ્યાસમાં જંગલ ગૌણ પેદાશની આદિવાસી જીવન સ્તર પર અસર અને તેના મળતા ભાવોને ધ્યાનમાં રાખી આદિવાસીઓના જંગલ પ્રત્યેના અને વનવિકાસ નિગમની પ્રવૃત્તીઓથી થયેલ ફાયદા અંગે ચર્ચા કરવામાં આવી છે. ગૌણ પેદાશ એકઠી કરવામાં પડતી મુશ્કેલીઓ અંગે પણ છણાવટ કરી છે. જેમાં કેટલીક મર્યાદાઓ પણ રહેવા પામી છે. જેવી કે સમિતિ વિસ્તાર, કુટુંબોની પસંદગી અને ઉત્તરદાતાના વ્યક્ત કરાયેલ અભિપ્રાયો ઉપર જ આધારિત છે.

**અભ્યાસમાં આવરી લીધેલ ગામો**

| ક્રમ | જિલ્લો/તાલુકો | ગામનું નામ | કુટુંબ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડાંગ | ગાઢવી | ૨૫ |
| | આહવા | ચનખલ | ૨૦ |
| | | દિવાન ટેમુન | ૨૦ |
| ૨. | સાબરકાંઠા | ઘોલવાણી | ૧૦ |
| | વિજયનગર | વિરેશ્વર | ૧૦ |
| | ખેડબ્રહ્મા | બારા | ૨૦ |
| | | મામાપીપળા | ૧૫ |
| ૩. | બનાસકાંઠા | પીપળાવાળી વાવ | ૧૫ |
| | દાંતા | હરિવાવ | ૧૫ |
| | કુલ | ૯ | ૧૫૦ |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ ડાંગ જિલ્લાના ત્રણ, સાબરકાંઠા જિલ્લાના ૨ તાલુકાના ૪ અને બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ૨ એમ ૯ ગામોને કેન્દ્રસ્થાને રાખી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**સંશોધન પદ્ધતિ :**

આ અભ્યાસ મહદ્અંશે વિશ્લેષણાત્મક છે. આ અહેવાલમાં વન-વિકાસ નિગમ અને જંગલ ખાતા દ્વારા વન ઉપજ એકત્રિત કરવાનું કાર્ય શરૂ કર્યુ તેનાથી આદિવાસીઓનું જે સીધી રીતે કે આડકતરી રીતે જે શોષણ થતું હતું તે કેટલે અંશે અટક્યું છે. તદ્ઉપરાંત જયાં નહિવત ગૌણવન ઉપજ ઉપલબ્ધ છે તેવા વિસ્તારોની શુ પરિસ્થિતિ છે તેનો પણ ખ્યાલ મેળવવાનો પરયત્ન કરવામાં આવ્યો છે. અગાઉ દર્શાવેલ અભ્યાસના ઉદ્દેશોને ધ્યાનમા રાખી સંશોધન રૂપરેખા અને માહિતી એકત્રિત કરવા માટે પસંદ કરેલ પ્રવિધિઓ વિશે જોઈએ.

- સંશોધનના હેતુઓને નજર સમક્ષ રાખી વનવિકાસ નિગમના છેલ્લા કેટલાક વાર્ષિક અહેવાલોને આધારે મહુડા, ડોળી, ટીમરૂપાન, વિવિધ પેદાશોમાં ગુંદર, મધ, વનૌષધિઓ એકઠી કરવી અને વનપેદાશમાં મોટો હિસ્સો ધરાવે છે તેને નજર સમક્ષ રાખી ગાંધીનગર, વડોદરા સ્થિત કચેરીઓનો રૂબરૂ સંપર્ક કરી નિગમ દ્વારા એકત્રિત કરાતી ગૌણ વનપેદાશોનું પ્રમાણ કેટલું છે તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

- ગામોની પસંદગી પણ આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. વિસ્તારની પસંદગી વખતે માત્ર જંગલ વિસ્તારને ધ્યાનમાં ન લેતાં ઊંડાણના ગામો કે જેનો સૌથી વધુ જંગલ સાથે ઘરોબો છે એવા બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના હરિપુરા અને પીપળાવાળી વાવ, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના બારા અને મામાપીપળા, વિજયનગર તાલુકાના વિરેશ્વર અને ધોલવાણી એમ ચાર ગામો તેમજ ડાંગ જિલ્લાના ગાઢવી, ચનખલ અને દિવાન ટેમરૂમ એમ ત્રણ ગામો કુલ મળી નવ ગામો આ અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતા.

**અનુસૂચિ :**

સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી ઉત્તરદાતાઓ પાસેથી જંગલ ગૌણ પેદાશને લગતી વિગતો પ્રાપ્ત કરવા અનુસૂચિ અને મુલાકાત દ્વારા કેટલીક માહિતી મેળવી હતી જેમાં વનપેદાશ એકત્રિત કરતા અને વન સાથે નાતો ન હોય તેવા પણ કુટુંબોનો સમાવેશ થતો હતો. પ્રત્યક્ષ કાર્ય વખતે તેમની કેટલીક સામાજિક- આર્થિક બાબતોને પણ ધ્યાનમાં રાખી માહિતી મેળવી હતી.

- અનુસૂચિ દ્વારા સહભાગી નિરીક્ષણ દ્વારા પ્રત્યક્ષ મુલાકાતથી ઉત્તરદાતાઓનો સ્થળ પર જ સંપર્ક

કરવામાં આવ્યો હતો. અભ્યાસ સંબંધી કેટલીક માહિતી એકત્રિત કરવા માટે ગ્રંથાલય કાર્ય કરીને વનોની માહિતી મેળવવામાં આવી હતી. કેટલાક સંદર્ભગ્રંથો અને અગાઉ થયેલા અભ્યાસોને પણ જોવામાં આવ્યા હતા. વસ્તી ગણતરી પુસ્તિકા અને અન્ય સરકારી અહેવાલને પણ ચકાસવામાં આવ્યા હતા.

**માહિતીનું વિશ્લેષણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી તેનું કોષ્ટીકરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા અભ્યાસના જુદા જુદા પ્રકરણોમાં તેની અસરકારકતાને જોઈ શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓ અને જંગલો વચ્ચેના સંબંધને મૂલવવા ઉપરાંત જંગલ ગૌણ પેદાશની તેમના જીવન સ્તર પર અસર અને તેના મળતા ભાવોને ધ્યાનમાં રાખી અભ્યાસના રૂપમાં રજુ કરવાનો પ્રયાસ કર્યો છે.

આદિવાસીઓ અને જંગલો વચ્ચેનો સંબંધ સાહજિક હતો. તેઓ અનેકવિધ રીતે જંગલો ઉપર, જંગલની ઉત્પન્ન પેદાશો ઉપર આધાર રાખતા હતા. પરંતુ સમયાંતરે ઈજારદારો અને કોન્ટ્રાકટરો જેવી એજન્સીઓનો પ્રવેશ જંગલોમાં થતાં આદિવાસી અને જંગલ વચ્ચેનો સંબંધ જે અટૂત હતો તેમાં ઉણપ વર્તાવા લાગી. જંગલો ધીમે ધીમે કપાતા ગયા, જેથી આજે આદિવાસીની પરિસ્થિતિ કથળેલી જોઈ શકાય છે. જેનો આપણે આગળ ખ્યાલ મેળવીશું. આજે જંગલ હેઠળના વિસ્તારની વિગતો જોઈએ તો તે વિસ્તાર ઘટતો જોવા મળેલ છે. જેની સીધી અસર આદિવાસીના સામાજિક - આર્થિક જીવન પર પણ પડેલી જોવા મળે છે.

**ગુજરાતનો જંગલ હેઠળનો વિસ્તાર :**

ગુજરાત રાજયમાં કુલ જંગલ હેઠળનો વિસ્તાર ૧૮૮૯૨ ચો.કિ.મી છે. જંગલ હેઠળના આ વિસ્તારમાં જુદા જુદા ચાર સર્કલનો સમાવેશ થાય છે.જેમાં સુરત, વડોદરા, જૂનાગઢ અને ગાંધીનગર સર્કલ આ ચારેય સર્કલમાં ગુજરાતના જંગલ વિસ્તાર ધરાવતા આદિવાસી વિસ્તારો પણ આવી જાય છે.

સુરત સર્કલમાં ડાંગ-વ્યારા, રાજપીપળા, વલસાડ, વડોદરા સર્કલમાં બારિયા, ગોધરા, દાહોદ, છો.ઉદેપુર, જૂનાગઢ સર્કલમાં ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, ગીર અને જૂનાગઢ તથા રાજકોટ , જયારે ગાંધીનગર સર્કલમાં સાબરકાંઠા, બનાસકાંઠા, દાંતીવાડા, રીવરવેલી પ્રોજેકટ અને કચ્છનો સમાવેશ થાય છે. ગુજરાતનો કુલ જંગલ વિસ્તાર અનામત, રક્ષિત અને બિનવર્ગીકૃત એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

## ગુજરાતો જંગલ વિસ્તાર (ચો.કિ.)માં ૧૯૮૬

| ક્રમ | વિગત | અનામત | રક્ષિત | બીનવર્ગીકૃત | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | વડોદરા સર્કલ | ૨૯૩૯.૭૬ | ૯.૩૮ | ૨૦૮.૨૪ | ૩૧૫૭.૩૮ |
| ૨. | જૂનાગઢ સર્કલ | ૧૨૯૦.૮૧ | ૬.૨૬ | ૭૫૪.૬૭ | ૨૦૫૧.૭૪ |
| ૩. | સુરત સર્કલ | ૩૨૪૫.૧૭ | ૮૫૬.૪૯ | ૫૩૨.૬૮ | ૪૬૩૪.૩૪ |
| ૪. | ગાંધીનગર સર્કલ | ૧૫૮૬.૦૦ | ૧૧.૫૮ | ૧૩૨૫.૮૬ | ૨૯૨૪.૦૯ |
| ૫. | કચ્છ | ૧૬૭૦.૫૯ | - | ૧૨૧૪.૮૬ | ૨૮૮૫.૪૫ |
| ૬. | વલસાડ વનવિભાગ | ૧૧૬૩.૪૮ | ૧૯.૦૦ | ૬.૮૦ | ૧૧૮૯.૨૮ |
| ૭. | વન્યપ્રાણી વર્તુળ જુનાગઢ | ૧૫૮૯.૨૪ | ૧૧૮.૩૮ | ૨૨૭.૫૩ | ૧૯૩૫.૧૫ |
| ૮. | જામનગર વનવર્તુળ | ૧૦.૭૨ | -- | ૫૩૦.૧૮ | ૫૪૦.૯૦ |
|  | **કુલ રાજ્ય** | **૧૩૪૯૩.૩૯** | **૧૦૨૧.૦૯** | **૪૮૦૪.૮૨** | **૧૯૩૧૮.૩૦** |

**પ્રાપ્તિ સ્થાન :** મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, આંકડાકિય રૂપરેખા ૧૯૮૬

## રાજ્યમાંજમીન ઉપયોગની તરાહ (ચો.કિ.મી. માં ૧૯૮૬)

| ક્રમ | જમીનનો ઉપયોગ | ૧૯૭૮-૭૯ | ૧૯૭૯-૮૦ | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ |
|---|---|---|---|---|---|
| ૧. | જંગલ વિસ્તાર | ૧૯૭૩૫ | ૧૯૫૩૪ | ૧૯૬૫૫ | ૧૯૬૪૮ |
| ૨. | બિનખેડાણ પડતર | ૨૪૮૩૯ | ૨૫૦૬૫ | ૨૫૦૩૪ | ૨૫૦૧૯ |
| ૩. | બિનખેતી ઉપયોગી જમીન | ૧૦૫૯૨ | ૧૦૬૩૮ | ૧૦૬૭૦ | ૧૦૭૮૦ |
| ૪. | ખેડવા લાયક પડતર | ૨૦૦૨૪ | ૧૯૮૬૨ | ૧૯૮૫૬ | ૧૯૬૯૬ |
| ૫. | કાયમી ગોચર | ૮૪૯૨ | ૮૪૮૧ | ૮૪૮૩ | ૮૪૪૮ |
| ૬. | અન્ય હેતુઓ હેઠળ ની જમીન | ૪૦ | ૪૦ | ૪૧ | ૪૦ |
| ૭. | ચાલુ તડતર | ૪૮૯૮ | ૫૨૬૪ | ૫૩૯૪ | ૪૯૦૯ |
| ૮. | અન્ય પડતર | ૩૮૦૩ | ૩૫૫૬ | ૩૩૨૨ | ૩૦૧૮ |
| ૯. | કુલ વાવેતર વિસ્તાર | ૯૫૭૦૭ | ૯૫૭૨૪ | ૯૫૭૬૫ | ૯૬૭૦૨ |
| **૧૦.** | **કુલ વિસ્તાર** | **૧૮૮૧૩૦** | **૧૮૮૧૬૪** | **૧૮૮૨૨૦** | **૧૮૮૨૬૦** |

● સોસ્યો ઈકોનોમીક રીવ્યુ ગુજરાત રાજ્ય - ૧૯૮૪-૮૫-૮૬

## જિલ્લાવાર જંગલ વિસ્તાર

| ક્રમ | જિલ્લો | કુલ ભૌગોલિક વિસ્તાર | જંગલ વિસ્તાર | ૧૯૬૦-૬૧ જંગલ વિસ્તાર ના ભૌગોલિક વિસ્તારના ટકા | જંગલ વિસ્તાર | ૧૯૮૫-૮૬ જંગલ વિસ્તાર ના ભૌગોલિક વિસ્તારના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૮૭૦૭ | ૧૨.૭૪ | ૦.૧૫ | ૧૧૪.૬૫ | ૧.૩૨ |
| ૨. | અમરેલી | ૬૭૬૦ | ૨૧૨.૧૭ | ૩.૧૪ | ૪૦૨.૦૫ | ૫.૯૦ |
| ૩. | બનાસકાંઠા | ૧૨૭૦૩ | ૧૩૭૬.૪૮ | ૧૦.૮૪ | ૧૪૬૦.૦૧ | ૧૧.૪૯ |
| ૪. | ભરૂચ | ૯૦૩૮ | ૧૧૭૧.૭૪ | ૧૨.૯૬ | ૧૪૫૮.૧૧ | ૧૬.૧૩ |
| ૫. | ભાવનગર | ૧૧૧૫૫ | ૨૮૦.૫૨ | ૨.૫૧ | ૩૦૯.૮૪ | ૨.૭૮ |
| ૬. | ડાંગ | ૧૭૭૪ | ૧૭૦૯.૮૬ | ૯૬.૯૩ | ૧૬૯૮.૦૦ | ૯૬.૨૮ |
| ૭. | ગાંધીનગર | ૬૪૯ | -- | -- | -- | -- |
| ૮. | જામનગર | ૧૪૧૨૫ | ૭૧૦.૫૧ | ૫.૦૩ | ૮૯૦.૮૭ | ૬.૩૨ |
| ૯. | જુનાગઢ | ૧૦૬૦૭ | ૧૮૮૬.૮૩ | ૧૭.૬૦ | ૧૯૯૧.૦૦ | ૧૮.૭૭ |
| ૧૦. | કચ્છ | ૪૧૬૫૨ | ૪૭૪.૬૧ | ૧.૦૪ | ૨૯૦૧.૩૦ | ૬.૩૫ |
| ૧૧. | ખેડા | ૭૧૯૪ | ૧૨૧.૪૫ | ૧.૬૯ | ૯૩.૦૩ | ૧.૨૯ |
| ૧૨. | મહેસાણા | ૯૦૨૭ | ૧૭.૩૫ | ૦.૧૯ | ૧૬૫.૩૭ | ૧.૮૩ |
| ૧૩. | પંચમહાલ | ૮૮૬૬ | ૨૧૯૮.૭૭ | ૨૪.૮૦ | ૨૨૫૬.૭૯ | ૨૫.૪૫ |
| ૧૪. | રાજકોટ | ૧૧૨૦૩ | ૨૨૭.૫૩ | ૨.૦૩ | ૩૫૩.૮૨ | ૩.૧૬ |
| ૧૫. | સાબરકાંઠા | ૭૩૯૦ | ૧૨૬૩.૦૨ | ૧૭.૦૯ | ૧૨૫૮.૨૫ | ૧૭.૦૩ |
| ૧૬. | સુરત | ૭૬૫૭ | ૩૧૩૧.૨૯ | ૨૪.૧૨ | ૧૪૧૭.૭૦ | ૧૮.૫૧ |
| ૧૭. | સુરેન્દ્રનગર | ૧૦૪૮૯ | ૧૪૪.૬૭ | ૧.૩૮ | ૪૭૪.૪૩ | ૪.૫૨ |
| ૧૮. | વડોદરા | ૭૭૯૪ | ૫૦૬.૭૧ | ૬.૫૧ | ૮૨૩.૦૮ | ૧૦.૫૬ |
| ૧૯. | વલસાડ | ૫૨૪૪ | ૦ | ૦ | ૧૨૪૯.૩૫ | ૨૩.૮૨ |
| | કુલ ગુજરાત | ૧૯૬૦૨૪ | ૧૫૪૨૬.૪૫ | ૭.૮૭ | ૧૯૩૧૮.૩૦ | ૯.૮૬ |

૦ જંગલ વિસ્તાર સુરતમાં સમાવેશ કરેલ છે.

**પ્રાપ્તિ સ્થાન :** સોસ્યો ઈકો. રીવ્યુ, ગુજરાત રાજ્ય - ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬

**ગૌણ વન પેદાશ એકત્રીકરણ અંગે અપનાવેલ પધ્ધતિ :**

ભારત સરકારના ખેતીવાડી રાષ્ટ્રીય કૃષિપંચની વનપેદાશ અંગેના ૧૯૭૩ના અહેવાલની ભલામણ મુજબ વનક્ષેત્રે ઝડપભેર પ્રગતિ સ્થાપવા દરેક રાજ્યોમાં વન નિગમોની સ્થાપના કરવામાં આવી. જેનો આશય વન અંગેની વિકાસની પ્રવૃત્તિમાં ધરખમ વધારો કરવાનો હતો. વન ખાતા સાથે કેડીરૂપ રહી વનખાતાની પ્રવૃત્તિઓથી જુદા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ પર લેવાની દરખાસ્ત હતી. ગુજરાતમાં વન નિગમની સ્થાપના તા. ૨૦-૮-૧૯૭૬થી કંપની ધારા હેઠળ કરવામાં આવી જેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબનાં હતાં.

ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ નીચે મુજબની બે પ્રકારની ગૌણવન પેદાશો એકત્ર કરાવે છે.

૧. **રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો :**

જેવી કે ટીમરૂપાન, મહુડાફુલ મહુડાડોળી (ડોળી) અને દરેક પ્રકારનાં ગુંદર જેવા કે કડાયા, ધાવડા, બાવળ, ખેર, સલાઈ, ગુગળ, ગાંડા બાવળ વિગેરે કે જેનું નિયમન ગુજરાત ગૌણવન પેદાશ વ્યાપાર અધિનિયમ-૧૯૭૯ મુજબ થાય છે.

૨. **બિનરાષ્ટ્રીયકૃત પેદાશો :**

અહેવાલમાં લીસ્ટ  સામેલ છે  જેનું નિયમન ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ થાય છે.

રાષ્ટ્રીયકૃત પેદાશમાં ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડની મુખ્ય ગૌણવન પેદાશ ટીમરૂપાન છે.

ટીમરૂપાન એકત્રીકરણ માટે ટીમરૂ એકમોની રચના કરવામાં આવેલ છે જેનો હવાલો પ્રોજેકટ સુપરવાઈઝર કે આસી.પ્રોજેકટ સુપરવાઈઝર પાસે હોય છે. અમુક ટીમરૂ એકમો ભેગા કરી એક સબ પ્રોજેકટ બનાવવામાં આવેલ છે. જેનો હવાલો સબ ડીવીઝનલ મેનેજર પાસે હોય છે. અમુક સબ પ્રોજેકટ ભેગા કરી પ્રોજેકટ ડીવીઝન બનાવવામાં આવેલ છે, જેનો હવાલો ડીવીઝનલ મેનેજર સંભાળે છે. નિગમની શરૂઆતમાં આવા ટીમરૂ એકમોમાંથી ટીમરૂપાન એકત્રીકરણ કરવા માટે એક ખરીદદારની નિમણુંક કરવામાં આવતી અને એકત્રીકરણ કરવા માટે એક એજન્ટની નિમણુંક કરવામાં આવતી હતી જે તે યુનિટનાં ખરીદદારની નિમણુંક એક સ્ટાન્ડર્ડ બોરાના જે ખરીદદાર ટેન્ડર/જાહેર હરાજી કે વાટાઘાટોમાં સૌથી વધુ ભાવો આપતા તેઓની નિમણુંક જે તે યુનિટમાં ખરીદદારની નિમણુંક એક સ્ટાન્ડર્ડ બોરાના જે ખરીદદારને ટેન્ડર/જાહેર હરાજી કે વાટાઘાટોમાં સૌથી વધુ ભાવો આપતાં તેઓની નિમણુંક જે તે યુનિટ (એકમનાં) ખરીદદાર તરીકેની નિમણુંક કરવામાં આવતી હતી. નિગમ દ્વારા આવા એકમોમાં ટીમરૂપાન એકત્રીકરણ કરવા માટે એક એજન્ટની નિમણુંક કરવામાં આવતી હતી અને તેમને એકત્ર કરેલ સ્ટાન્ડર્ડ બોરા પુડા ઉપર કમીશન આપવામાં આવતું હતું. એજન્ટ જો એકમનાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ઓછું

એકત્રીકરણ કરે તો તેમની પાસે ઓછા એકત્રીકરણ માટે નુકશાની વળતર વસુલ કરવામાં આવતું.

આ પધ્ધતિમાં એજન્ટ જે જથ્થો જે તે દિવસે એકત્ર કરે તેના બીજા દિવસે ખરીદદારને હસ્તાંતરણ દ્વારા સોંપવામાં આવતો હતો. ત્યારપછી આ હસ્તાંતરણ થયે ટીમરૂ જથ્થાની સઘળી જવાબદારી ખરીદદારની રહેતી. યુનિટ (એકમમાં) જેટલા સ્ટાન્ડર્ડ બોરા પુડા એકત્ર થયા તે મુજબની ખરીદ કિંમત ખરીદદાર નિગમને ભરપાઈ કર્યા બાદ ખરીદદારનાં ગોડાઉન સુધી વાહતુક રવાની પરમીટ આપવામાં આવતી. આ રીતે ખરીદદાર ટીમરૂપાનનાં માલિક બનતાં.

સને ૧૯૮૯થી આવા ટીમરૂ એકમોનું વેચાણ યુનિટ (એકમ)માં એકત્ર થનાર અંદાજીત સ્ટાન્ડર્ડ બોરાનો લક્ષ્યાંક નક્કી કરી આ યુનિટ (એકમ)નું ઉચ્ચક ધોરણ ટેન્ડર જાહેર હરાજી કે વાટાઘાટો દ્વારા વેચાણ કરવામાં આવે છે. આ એકમમાં જે ખરીદદાર સૌથી વધુ એકમોનો ભાવ આપે તેઓને તે યુનિટનાં ખરીદદાર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. એકમમાં જેટલા સ્ટાન્ડર્ડ બોરા વધુ કે ઓછા એકત્ર થાય તે તેમની માલિકીનાં બને.

આ એકત્રીકરણ માટે ગુજરાત સરકાર વર્ષની શરૂઆતમાં જાહેરનામું બહાર પાડી રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશનાં એકત્રીકરણ દરો નક્કી કરતી હોય છે. નિગમ આ નક્કી થયેલ એકત્રીકરણ દરોની બહોળી પ્રસિધ્ધિ છાપાઓમાં, પત્રિકાઓ દ્વારા કરતી હોય છે.

એકમમાં ટીમરૂપાન એકત્ર કરવાનાં કેન્દ્રને "ફડ" કહેવામાં આવે છે. ટીમરૂપાન એકત્ર કરવાની સીઝન ૧૦ થી ૧૫ એપ્રિલનાં અરસામાં શરૂ થાય છે અને સીઝન લગભગ ચાર થી પાંચ અઠવાડીયા સુધી ચાલે છે. દક્ષિણ ગજરાતમાં આ સીઝન ચાર થી પાંચ દિવસ વહેલી ચાલું થાય છે અને ઉત્તર ગુજરાતમાં ચાર થી પાંચ દિવસ મોડી શરૂ થાય છે. ટીમરૂપાનનો રંગ લાલશ પડતો લીલો રંગ થાય ત્યારે ટીમરૂપાન પાકુ થયું તેમ ગણાય છે. આછા લીલા રંગના પાન કાચા હોય છે અને ગાઢા લીલા રંગના પાન વધુ પાકટ હોય છે. જેથી ટીમરૂપાન એકત્ર કરતી વખતે આછા લીલા અગર તો ગાઢા લીલા રંગના પાન એકત્ર કરવા જોઈએ નહીં વધુ પાકટ પાનની બીડીઓ વાળતી વખતે પાન તૂટી જાય છે અને કાચા પાન સુકાઈ ગયા બાદ ચુરો થઈ જાય છે. ટીમરૂપાન એકત્ર કરવા યોગ્ય થયા બાદ તેનાં ઉપરની રૂવાટી નીકળી જાય છે અને સુવાળા થાય છે. એક ટીમરૂ પાનમાંથી ઓછામાં ઓછી ત્રણ બીડી બનવી જોઈએ. ૧૨ થી ૧૫ સે.મી. લાંબા અને ૯ થી ૧૦ સે.મી. પહોળા પાન સાઈઝમાં સારા પાન ગણાય છે. ટીમરૂ પાનમાં નીચે મજબની ખામીઓ હોય છે આવા પાન પુડામાં ન બંધાય તેની કાળજી લેવી જોઈએ.

૧. કીડાથી નુકશાન પામેલાં

૨. માથાવાળા પાન

૩. ટીપકીવાળા પાન

૪. ઢોરથી નુકશાન કરવામાં આવેલ પાન

૫. સાઈઝમાં બહુ નાના અને બહુ જ મોટા પાન

૬. તદ્દન કુમળા લાલ રંગવાળા અગર બહુ પાકા પાન

ખામીવાળા ટીમરૂપાન પુડામાં ન આવે તેની ખાસ કાળજી રાખવી જોઈએ. એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનના જથ્થામાં બહુ નાના પ્રમાણમાં આવા ખામીવાળા પાન હોવા છતાં આખા જથ્થા માટેની કિંમતે ઘટાડો થાય છે. આ માટે પ્રાથમિક સંચયકારોને સમજ આપવા શિબિર યોજી સમજાવવા જોઈએ તથા એકત્રીકરણ વખતે સાથે રહી સમજ આપવી અત્યંત આવશ્યક છે.

**ટીમરૂપાન સુકવવાની રીત :**

ટીમરૂપાનના એક પુડામાં ૫૦ પાન સરેરાશ હોવા જોઈએ. જો પુડામાં પાનની સંખ્યા ૪૫ થી ૫૫ સુધીની હોય તોજ સરેરાશ ૫૦ પાનની આવશે. ટીમરૂપાનના પુડા બાંધતી વખતે ૨૫ પાનના ડીટ એક દિશામાં અને બીજા ૨૫ પાનના ડીટ એની વિરૂધ્ધ દિશામાં એકબીજાની ઉલટી દિશામાં ગોઠવી તેના ઉપર બંધ બાંધવો જોઈએ. બંધ ઢીલુ અથવા બહુ કસીને ન બાંધવું જોઈએ. આ પુડાઓ પૂર્વ અને પશ્ચિમ દિશામાં એક લાઈનમાં ૧૦ એવી ૨૦ લાઈનોમાં ગોઠવવામાં આવે છે અને આવી રીતે ગોઠવેલ ૨૦૦ પુડાઓને ચોકડી કહેવામાં આવે છે. આવી ચોકડીઓ એકબીજાથી ૧/૨ મીટરના અંતરે ગોઠવવી જોઈએ. પુડાઓને ત્રણથી ચાર દિવસ સુકાયા બાદ પડાઓને ફેરવી બીજી બાજુ સુકવવામાં આવે છે. પાનના પુડાના ડીટની દિશાઓ બદલી પાન બીજી બાજુ સુકવવામાં આવે છે. જેથી સવાર સાંજના સૂર્યપ્રકાશનો તાપ બન્ને બાજુના ડીટને સરખી રીતે મળી રહે છે. પાનના પુડા સુકવવા માટે ફેરવતી વખતે સ્થળ પણ ફેરવવું જોઈએ કે જેથી જમીન પર રહેલો ભેજ અને ઉધઈ વિગેરેથી પુડાને નુકશાન ન થાય પુડાના ઉપરના પાન સુકાઈને તાંબા કલરના થાય ત્યારે પાન યોગ્ય રીતે સુકાઈ ગયા ગણાય. ઉષ્ણતામાનમાં થતાં વધઘટના કારણે પુડા સુકવવામાં એક થી બે દિવસ વધુ અગર ઓછા લાગે છે. સ્થળ ઉપર પુડા તપાસી ત્યારબાદ જ સુકવવા માટેના દિવસો નક્કી કરવા પડે છે.

**પાન સુકાયા બાદ બેગમાં ભરવાની રીત :**

ચોકડીમાં પથરાયેલ પુડાઓ સુકાયા બાદ ૮૦૦ થી ૧૦૦૦ ની સંખ્યામાં ઢગલા કરવામાં આવે છે. આ ઢગલા ઉપર જરૂરિયાત પ્રમાણે ૨ થી ૩ ઘડા જેટલું પાણી સૂર્યાસ્ત બાદ છાંટવામાં આવે છે. હવામાન અને પાણીના કારણે પાન નરમ થઈ ગયા બાદ તેમાંથી પાણી ઝાટકી કાઢીને પડાઓ બોરામાં ભરવામાં આવે છે. મોટાભાગે બોરા ભરવા માટે હેસીયન કલોથના બોરાનું માપ ૧૪૫ સે.મી. ૧૦૦ સે.મી.ની સાઈઝના વાપરવામાં આવે છે. બોરામાં પાન ભર્યા બાદ તેનું મોઢું સીવી દઈ બોરા સુકવવા માટે બહારજ સૂર્ય પ્રકાશમાં રાખવામાં આવે છે. દિવસમાં બે ત્રણ વખત આ બોરા ફેરવવાથી બધી બાજુએથી સૂર્યપ્રકાશ મળવાથી અંદરના પાનમાંનો ભેજ ઉડીજાય છે, અને સુકાઈ જાય છે. બોરીની એક બાજુ ખુલ્લી કરી અંદરના પડા બહાર કાઢી ભેજ નીકળી ગયો છે કે નહીં તેની ખાત્રી કરવાની હોય છે.

ભેજવાળા પડાથી ભરેલ બોરા ઉપરથી નીચે પાડવામાં આવે તો "ધબ" અવાજ આવશે જ્યારે બધા પડા સુકાઈ ગયા હોય તો "સર" અવાજ આવશે. ત્યારબાદ સુકાઈ ગયેલા બોરા ગોડાઉનમાં વાહતુક કરી ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવે છે. ગોડાઉનમાં સંગ્રહ કરતી વખતે બોરા નીચે ભોંયળીયે લાકડાના કેકટસ મુકવામાં આવે છે અને બાજુની દિવાલોથી બોરાની ગોઠવણી થોડી દૂર રાખવી જોઈએ જેથી ચોમાસા દરમ્યાન દિવાલના ભેજથી ટીમરૂપાનને નુકશાન ન થાય.

**મહુડાફુલ :**

મહુડાના વૃક્ષ ઉપર જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ફુલ આવે છે. આ ફુલ માર્ચ અને એપ્રિલ મહિનામાં નીચે પડે છે. સ્થાનિક લોકો મહુડાફુલ પડવાના ચાલુ થાય તે પહેલાં મહુડાના વૃક્ષોની નીચેની જમીન વાળી સાફ કરી રાખે છે જ્યારે મહુડાફુલ જમીન ઉપર પડે ત્યારે તેને એકત્ર કરી લે છે. મહુડાફુલ એકત્ર કરનાર સવારના વહેલા ઉઠી મહુડાફુલ વૃક્ષ નીચે પહોંચી જાય છે અને ૧૦.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી જે મહુડાફુલ પડે તે એકત્ર કરી ઘરે લઈ આવે છે. આ મહુડાફુલ સાફ કરેલ જમીન ઉપર અને છાપરા ઉપર બે થી ત્રણ દિવસ સુધી સુકવવામાં આવે છે અને ત્યારબાદ તે વેચવા માટે લઈ જવાય છે. અમુક વિસ્તારમાં વૃક્ષો નીચે જમીન સાફ કરી, વૃક્ષ નીચે ફુલ સુકવવા માટે રહેવા દેવામાં આવે છે. એટલે ફુલ જયાં પડે તે સ્થળે સુકાયા બાદ તે એકત્ર કરવામાં આવે છે. આ પ્રકારના મહુડાફુલોને "ગાડાના મહુડા" અથવા "ઘેટાના મહુડા" કહેવામાં આવે. સ્થાનિક લોકો એકત્ર કરવામાં આવેલ મહુડાફુલ પોતાના ઉપયોગ માટે રાખી બાકીના વેચી દે છે.

નિગમ સ્થાનિક દુકાનદારોને એજન્ટ તરીકે નિમણુંક આપી નક્કી કરેલ ભાવે મહુડાફુલ ખરીદાવે છે તેઓ નિગમના ગોડાઉન ઉપર વાહતુક કરી કબજો નિગમને સોંપે છે. એજન્ટને એજન્ટ નિમણુંકની શરતો મુજબ કમીશન તથા વાહતુકના નક્કી કરેલ દરોએ ચૂકવણું કરવામાં આવે છે. જો એજન્ટ એજન્ટ નિમણુંકની શરતોનો ભંગ કરે તો શરતોની જોગવાઈ મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવે છે.

ગોડાઉનમાં સંગ્રહ કરતી વખતે મહુડાફુલની ઉંચાઈ ગોડાઉનમાં ચાર ફુટથી વધુ વધવી ના જોઈએ તેની કાળજી લેવી જોઈએ.

**ડોળી :**

મહુડા ફળને ગુજરાતીમાં ડોળી કહેવામાં આવે છે. ડોળી જુન-જુલાઈ મહિનામાં આવે છે. પરિપકવ થયેલ ડોળી મહુડાના વૃક્ષ ઉપરથી આપોઆપ ખરી પડે છે. ખરી પડેલ ડોળીના ફળ ઉપરનું કડક કવચ કાઢી નાખી તેમાંના બીજમાંથી ડોળી કાઢવામાં આવે છે. આ ડોળીમાંથી ડોળીયુંતેલ નીકળે છે. જેનો ઉપયોગ ખાવામાં તથા સાબુ બનાવવા માટે વપરાય છે.

ડોળી એકત્ર કરતી વખતે ઝાડ ઉપરથી પડેલ ફળજ એકત્ર કરવામાં આવે તે જોવું ઘણું અગત્યનું છે.

આવી ઝાડ ઉપરથી પડેલ અને પાડેલ ડોળીનો રંગ સોનેરી હોય છે. ઘણા લોકો ઝાડ ઉપરથી સીધાજ અપરિપકવ ડોળીના ફળ તેઓના પરંપરાગત સાધનોનો ઉપયોગ કરી તોડી પાડતા હોય છે. આવી રીતે એકત્ર કરેલ ડોળીમાં તેલનું પ્રમાણ ઓછું હોય છે. જેથી આ રીતે ડોળી એકત્ર કરવી જોઈએ નહી. ડોળી એકત્ર કર્યા બાદ ૫ થી ૬ દિવસ સુધી તાપમાં સુકવવામાં આવે છે. સુકાયેલ ડોળીમાં ૮ થી ૧૦% ભેજનું પ્રમાણ હોય છે. આના કરતાં ભેજનું પ્રમાણ વધારે હોય તો સંગ્રહ દરમ્યાન ડોળી કાળી પડી તેમાંથી તેલનું પ્રમાણ ઘટી જાય છે.

### ગુંદરો :

કડાયાના વૃક્ષો કે જેની ઘેરાઈ ૨૫ થી ૩૦ સે.મી. જેટલી થયેલ હોય તેવા વૃક્ષો પર ૧૦ થી ૧૫ સે.મી. અને 0" સે.મી. ઉંડો ઘા કરી તેમાંથી ઝેરલ ગુંદર એકત્ર કરવામાં આવે છે. દર ૧૫ દિવસે આ ઘા ૧ સે.મી. જેટલો ફરી કોતરી કાઢવામાં આવે છે. જેથી વધારે ગુંદર ગરી શકે.

સલાઈના વૃક્ષ માટે ૧૫ થી ૧૦ સે.મી. આડો ઘા કરવામાં આવે છે અને તેમાંથી ઝરેલ ગુંદર એકત્ર કરવામાં આવે છે. એક વર્ષમાં જે ઘા કરવામાં આવે તેની સામેની બાજુ બીજા વર્ષે ઘા કરવામાં આવે છે. જેથી પહેલાં વર્ષે કરેલ ઘા બીજા વર્ષ દરમ્યાન પુરાઈ શકે. આ પ્રમાણે વૃક્ષના થડના ત્રણ ભાગ પાડી દરેક ભાગમાં ઘા કરી ગુંદર એકત્ર કરવામાં આવે છે.આ પ્રમાણે ત્રણ વર્ષ બાદ ચોથા, પાંચમા અને છઠ્ઠા વર્ષ પહેલાં ત્રણ વર્ષે દરમ્યાન કરવામાં આવેલ ઘાના વચ્ચે ઘા કરવા, જેથી સાતમા વર્ષે જે જગ્યા એ પહેલા વર્ષ ઘા કરેલ તે જગ્યાએ ફરી ઘા કરવામાં આવે અને તે વિસ્તારને છ વર્ષ સુધી આરામ મળે. આમ શાસ્ત્રીય પધ્ધતિથી ઘા કરી વૃક્ષમાંથી ગુંદર એકત્ર થાય તે જોવાની જરૂર છે. આમ જો ન કરવામાં આવે તો વૃક્ષને વધુ પડતા નુકશાનને લીધે વૃક્ષો મરી જવાની શક્યતા છે.

અન્ય ગુંદરો જેવા કે બાવળગુંદર, ગાંડાબાવળ ગુંદર, મોયનાગુંદર, ગોરડગુંદર, ખાખરગુંદર વિગેરે ગુંદરો કુદરતી રીતે ફુટે તેમાંથી એકત્ર કરવામાં આવે છે.

### ગૌણવન પેદાશો એકત્ર કરવાની પધ્ધતિ :

આવી ગૌણવન પેદાશો એકત્ર કરાવવા માટે ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ એક વર્ષ માટે જે તે વર્ષે ગૌણવન પેદાશ એકત્ર કરવાની શરતો નક્કી કરી નિગમ વતી ગૌણવન પેદાશ એકત્ર કરવા એજન્ટોની નિમણુંક કરે છે. આ એજન્ટોની નિમણુંકમાં આશ્રમશાળા, સહકારી મંડળી, આદિવાસીઓ અને વનવાસીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે અને ૧ % જેટલું કમિશન અન્ય એજન્ટોની સરખામણીમાં વધુ વધારે આપવામાં આવે છે. જે જગ્યાએ અંતરિયાળ ભાગમાં એજન્ટો થવા/બનવા શક્ય ન હોય ત્યાં નિગમ દ્વારા સીધા ખરીદ કેન્દ્રો સ્થાપી એજન્ટોનું ચૂકવવામાં આવતાં કમીશન સાથે પ્રાથમિક સંચયકારને ચૂંકવણું કરવામાં આવે છે. એજન્ટો અને સીધા ખરીદ કેન્દ્રો ઉપર એકત્ર થતી

ગૌણવન પેદાશોની નોંધ માટે ફોર્મ નં.૧ નિભાવવાનું હોય છે. જેમાં સંચયકારોના નામ, ગામ, જથ્થો, દર અને ચૂકવેલ રકમ લખી ચૂકવણા બદલની સહી તેજ **રજીસ્ટર**માં લેવામાં આવે છે.

હાલમાં પંચાયત વિભાગ તરફથી અનુસુચિત વિસ્તારોમાં રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશના એકત્રીકરણમાં પ્રાથમિક સંચયકાર કઈ પંચાયતના જંગલ વિસ્તારમાંથી ગૌણવન પેદાશ એકત્ર કરી લાવેલ છે તે જે સંચકાર કહે તે લખવામાં આવે છે. આ રીતે એકત્ર થયેલ ગૌણવન પેદાશ એજન્ટ કે સીધા ખરીદ કેન્દ્ર પરથી ફોર્મ નં.૧ તપાસી નિગમના ગોડાઉન સુધી પાસ/પરમીટ આપી વાહતુક કરવામાં આવે છે અને ત્યાં તેનો તોલમાપ થઈ ગોડાઉન ઈન્ચાર્જ કબજો લઈ પાવતી આપે છે અને તે પાવતી મુજબના જથ્થાનું ચૂકવણું જે તે ગોડાઉનના સબ ડીવી. મેનેજર કરે છે અને તેઓ તેમની દેખરેખ હેઠળ ગોડાઉનની લેવડદેવડનું કામ કરાવે છે.

**ગૌણવન પેદાશ ક્ષેત્રે આદિવાસીઓનો ફાળો :**

નિગમની સ્થાપના પહેલાં આદિવાસીઓ ગૌણવન પેદાશ એકત્ર કરતા હતા પરંતુ તેઓની એકત્ર કરવાની રીત વૈજ્ઞાનિક ઢબની ન હતી. એકત્રકારો વેપારીઓને વિનિમય પધ્ધતિથી માલનું વેચાણ કરતા હતા જેમકે મહુડાફુલના બદલામાં ડુંગળી, બટાટા, ચોખા અન્ય જીવનજરૂરિયાતની વસ્તુઓ આપતા હતા. ડોળીના બદલામાં મકાઈનો લોટ વિગેરે આપતા હતા. જેમાં વેપારીઓ બંને વસ્તુઓમાંથી નફો મેળવી એકત્રકારોનું શોષણ કરતા હતા તથા ગૌણવન પેદાશ એકત્ર કરી વેચાણ કરવાનું વ્યવસ્થિત માળખું ન હોવાથી પુરા ભાવ આદિવાસીઓને મળતાં ન હતા. વેપારીઓ ઓછા દરથી એકત્રીકારો પાસેથી ગૌણવન પેદાશ ખરીદ કરતા પુરા ભાવ ન મળવાથી આમ આદિવાસીઓનું શોષણ થતું હતું.

નિગમની સ્થાપના ૧૯૭૬માં થઈ તે સમયે ટીમરૂપાનનો ખરીદી ભાવ ૧ સ્ટા.બેગના રૂા.૨૨/-, મહુડાફુલના ૧ ક્વિ.ના રૂા.૭૦.૦૦ અને ડોળીના ૧ ક્વિ.ના રૂા.૧૫૦.૦૦ હતા, જ્યારે ૨૦૦૩ સીઝનમાં ટીમરૂપાન એકત્રીકરણના ભાવ ૧ સ્ટા.બેગના રૂા.૪૦૦/-, મહુડાફુલ ૧ ક્વિ.ના રૂા.૫૦૦/- અને ડોળીના ૧ ક્વિ.ના રૂા.૬૦૦.૦૦ ચુકવવામાં આવેલ છે. આમ એકત્રીકરણ દરોમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવેલ છે. જે નિગમ તરફથી હાંસલ કરેલ ઉદેશ્યની સફળતા દર્શાવે છે.

વન વિકાસ નિગમની ૧૯૭૬માં સ્થાપના થયા બાદ ગૌણવન પેદાશ એકત્રીકરણ કરી તેનું વેચાણ કરવા માટે સુવ્યવસ્થિત તંત્ર માળખુ બનાવવામાં આવેલ. આ માળખાથી ગૌણવન પેદાશનું એકત્રીકરણ અને વેચાણ તંદુરસ્ત હરિફાઈ વધવાથી નિગમ વખતોવખત એકત્રીકરણ દરોમાં વધારો કરી શક્યું જેનાથી આદિવાસીઓને ગૌણવન પેદાશનું વધુ ને વધુ એકત્રીકરણ કરવા પ્રેરણા મળેલ. નિગમને જેમ આવક વધી તેમ આદિવાસીઓ માટે જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ જેવી કે મેડીકલ કેમ્પ, પછેડી વિતરણ, ભાવફેર ચૂકવણી, કોમ્યુનીટીહોલ, કુવાઓ વિગેરે પ્રવૃત્તિનો સીધો લાભ આપવામાં આવેલ છે.

નિગમની સ્થાપના સને ૧૯૭૬માં થઈ, ૨૦૦૨ વર્ષેના નિગમે ૨૬ વર્ષ પુરા કરી ૨૭મા વર્ષમાં પ્રવેશ કર્યો. વન વિકાસ નિગમ તરફથી ગૌણવન પેદાશ એકત્રીકરણની પ્રવૃત્તિ મુખ્ય છે. જે આદિવાસીઓની ઓછી રોજગારીની મોસમમાં જીવનનિર્વાહ માટે રોજગારીની પૂરક તકો પુરી પાડે છે તથા આદિવાસીઓને તથા સમાજના નબળા વર્ગોને શોષણ મુક્ત કરવા માટે ગૌણવન પેદાશના ધંધામાંથી વચેટીયાઓ/વેપારીઓને દુર કરવા માટેનાં હેતુ નિગમનાં અન્ય હેતુઓમાંનો એક છે.

વન નિગમે ગૌણવન પેદાશ એકત્રીકરણ તથા વેચાણની પ્રવૃત્તિ સને ૧૯૭૬-૭૭થી શરૂ કરી શરૂઆતના વર્ષમાં ફક્ત ત્રણ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ તથા વેચાણ કરવામાં આવતું હતું જયારે હાલમાં ૪૫ કરતાં વધારે વન પેદાશોનું એકત્રીકરણ અને વેચાણ કરવામાં આવે છે. ટીમરૂપાન, મહુડાફુલ, ડોળી તથા વિવિધ જાતના ગુંદરોનું ગુજરાત ગૌણવન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ ૧૯૭૯ હેઠળ રાષ્ટ્રીયકરણ કરવામાં આવેલું છે જયારે અન્ય ગૌણવન પેદાશોનો વેપાર જો કે મુક્ત છે.

નિગમની સ્થાપના બાદ વિવિધ ક્ષેત્રે ગૌણવન પેદાશોના એકત્રીકરણ માટે નિયત દરો પ્રમાણે ચુકવણું શક્ય બનેલ છે, અને ભલા આદિવાસીઓની વૃધ્ધિમાં વેગ આપેલ છે.

નિગમ દ્વારા ધન્વતરી બ્રાન્ડ હેઠળ આયુર્વેદિક ઔષધિઓનું ઉત્પાદન તથા વેચાણ કરવામાં આવે છે. દિન પ્રતિદિન લોકોની આયુર્વેદિક દવાઓની વધતી જતી માંગ તથા રુચીને કારણે આ પ્રોજેકટમાં તૈયાર થતી ઔષધિઓની માંગ વધતી જાય છે. નિગમ દ્વારા આવી આયુર્વેદિક દવાઓના ઉત્પાદન અને જરૂરી કાચો માલ પણ ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાંથી આદિવાસીભાઈબહેનો દ્વારા એકત્ર કરવાનું કાર્ય કરવામાં આવે છે. આમ નિગમ દ્વારા ગૌણવન પેદાશોનાં ઉપયોગ કરેલ. આયુર્વેદિક દવાઓ તથા અન્ય ચીજવસ્તુઓ બનાવવા ધન્વતરી પ્રોજેકટની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોજેકટથી ગ્રાહકોને વ્યાજબી ભાવે ઉચ્ચ ગુણવત્તાની આયુર્વેદિક દવાઓ પુરી પાડવા તેમજ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ વધારી આદિવાસી વિસ્તારોમાં વધુને વધુ રોજગારી પુરી પાડવાની નેમ છે.

**અ. નિગમની જાણકારી અને પ્રવૃત્તિનો પ્રચાર :**

ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં નિગમની અને તેની પ્રવૃત્તિની જાણકારી હજી ઘણાં ઓછા કુટુંબોને છે. વળી જંગલ ગૌણવન પેદાશો એકત્ર કરવાનું કામ ઉંડાણના વિસ્તારના લોકો વિશેષ કરતા હોય છે. વસ્તુઓ પણ વિશેષ પ્રમાણમાં ત્યાં મળે છે. તેમની પાસે નિગમની જાણકારી નહી હોવાથી તેઓ સ્થાનિક વેપારી કે હાટવાડામાં જે ભાવ મળે તે ભાવે વેચતા હોય છે. નિગમ દ્વારા કાયમી ધોરણે નિગમના એજન્ટો કે નિગમના કેન્દ્રો દ્વારા જંગલ પેદાશો ખરીદવામાં આવે છે તેની જાણકારી દરેક ગામે પહોંચવી જોઈએ. જેથી વેપારી તેનું શોષણ કરી શકે નહીં.

નિગમ દ્વારા રાષ્ટ્રીયકૃત પેદાશો પુરતા પ્રમાણમાં ખરીદવામાં આવે છે, પરંતુ બિનરાષ્ટ્રીયકૃત પેદાશો પુરતા પ્રમાણમાં ખરીદવામાં આવતી નથી, ત્યારે લોકો તે વસ્તુઓ ખાનગી વેપારીને આપી દેતા હોય છે. આમ દરેક વસ્તુઓ માટે કાયમી કેન્દ્રો અને એજન્ટો દ્વારા એકત્ર કરવામાં આવે તો જ તેમનું વધુ લાભ આપી શકાય.

રાષ્ટ્રીયકૃત પેદાશો જેવી કે, ટીમરૂ પાન, મહુડાફુલ, ડોળી તથા ગુંદરો આ બધાય ટીમરૂપાન માટે જે નેટવર્ક ગોઠવાયું છે તેવું દરેક પેદાશ માટે ગોઠવાવું જોઈએ તો જ સારુ કલેકશન મળે અને આદિવાસીઓને રોજગારી મળે. વન વિકાસ નિગમ દ્વારા દરેક ગામે અથવા નજીકના ગામે પોતાના એજન્ટ નીમી જે રીતે યોજનાબધ્ધ કામની ગોઠવણી કરે છે તે રીતે નિગમ દ્વારા પણ અન્ય પેદાશો માટે કરવું જોઈએ.

**બ. પ્રોસેસીંગ પ્રવૃત્તિ વધારી શકાય :**

આજકાલ વૈજ્ઞાનિક ઢબે વન પેદાશોમાંથી ઘણી બધી કિંમતી ચીજો તૈયાર કરી શકાય તેમ છે. તેમાં નિગમે ધ્યાન કેન્દ્રિત કરી ટેકનીશયનોની પધ્ધતિ ઘણાં સારાં પરિણામો મેળવી શકાય તેમ છે. દા.ત. મહુડાફુલમાંથી જેલી, ડોળીમાંથી તેલ, સાબુ અને અન્ય પેદાશોમાંથી ધન્વન્તરી પેદાશો બનાવી શકાય તેમ છે. જો કે આ ક્ષેત્રે નિગમ દ્વારા પ્રયત્ન કરે છે, પરંતુ ધારી સફળતા મળી નથી. વાંસદામાં વનિલ ઉદ્યોગ દ્વારા પણ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવે છે. પડીયા, પતરાળા પણ બનાવવામાં આવે છે પરંતુ તેના ભાવ વધારવામાં આવે તો તેમાં સફળતા મેળવી શકાય તેમ છે. આ ઉપરાંત કેટલીય વન પેદાશો છે જે ઉપયોગી થાય તેમ છે. પરંતુ તેને પ્રોસેસીંગ કરી વાપરવામાં આવે તો તેના ભાવો પણ સારા મળે અને બજાર પણ સુલભ થાય.

**ક. પ્રશિક્ષણ :**

પ્રશિક્ષણનું કાર્ય ઘણુંજ અગત્યનું છે નિગમ દ્વારા ગ્રેડ નક્કી કરવામાં આવ્યા છે પણ જે આદિવાસી જંગલ પેદાશ એકત્રીત કરે છે. તેને તે અંગેનું પધ્ધતિસરનું પ્રશિક્ષણ મળેલ નહી હોવાથી કાચી પાકી દરેક વસ્તુ એકત્ર કરે છે. આ માટે ખાસ વ્યવસ્થા કરી તેમને માલની ગુણવત્તાનો ખ્યાલ આપી પરિપકવ અને સારી ક્વોલીટીના ભાવો સારા મળે છે. તેવો ખ્યાલ આપવો જોઈએ તે જે વસ્તુ લાવે છે તે ક્યારેક ગુણવત્તાની દ્રષ્ટિએ ઘણીજ નીચી હોય છે. દા.ત. ડોળી, સારી લાલ અને પરિપકવ હોય તેના ભાવ સારા મળે છે. આ માટે તેને ઝાડ ઉપર કુદરતી રીતે પાકે ત્યારે જ ઉતારવી જોઈએ. કાચી ઉતારવાથી તેમાં તેલનુંપ્રમાણ ઘટી જાય છે તથા કાળી પડી જવાથી ગુણવત્તા ઘટી જવાથી સારા ભાવ મળતા નથી. તેવીજ રીતે એકત્ર કરવામાં આવતા ગુંદરોમાં

ભેજનું પ્રમાણ વિશેષ હોય છે તથા છોડી, ધૂળ, કાંકરા મિશ્રિત ગુંદર એકત્ર કરવામાં આવે છે. જેથી સારા બજારભાવ મળતા નથી. આમ એકત્ર કરવામાં આવતી વન પેદાશો મહુડા, ડોળી, ગુંદર, આમળા, અરીઠા, બહેડા વિગેરે સારી ગુણવત્તાવાળા, પરિપકવ એકત્ર થાય તો વેચાણમાં મુશ્કેલી પડતી નથી તથા તેના બજારભાવ સારા મળે અને આદિવાસીઓને સારી પોષણક્ષમ એવી રોજી પુરી પાડી શકાય તેમ છે પરંતુ તે માટે એકત્રકારોને પ્રશિક્ષણ આપવાની જરૂરિયાત છે.

બીજી જંગલની ઘણી વસ્તુઓ એવી છે, જે નિગમ દ્વારા ખરીદ કરવામાં આવતી ન હોય તેવી અગત્યની જરૂરિયાત મુજબની વસ્તુ પણ ખરીદવી જોઈએ જેથી તેઓ આ કિંમતી વસ્તુ ખાનગી ધંધાદારી વેપારીઓને ન વેચતાં નિગમને વેચાણ કરે.

સૂચનો :

(૧) એજન્ટની નિમણુંક બાબતે નિગમે પહેલેથી ધ્યાન આપ્યું છે તેમ છતાં ઉંડાણવાળા વિસ્તારમાં જે એજન્ટ નિમવામાં આવે છે તેમની પાસે ખરીદેલ પેદાશોના સંગ્રહ માટે પુરતા પ્રમાણમાં સગવડ હોતી નથી. વળી જયારે સીઝન આવે ત્યારે પેદાશોનો જથ્થો વધી જતો હોવાથી તે બધાને પુરતા પ્રમાણમાં પેમેન્ટ ચૂકવી શકતો નથી ત્યારે લોકો ખાનગી વેપારીઓને હટવાડામાં માલ વેચતા હોય છે. નિગમે આ અંગે એજન્ટને જરૂરિયાત પ્રમાણેની લોન આપવી જોઈએ. આ અંગે નિગમે પહેલેથી જ કેટલીક સુવિધાઓ આપી છે. જેમ કે એક ટકો વધારે કમીશન, લોનની સગવડ વગેરે તેમ છતાં જયારે વધારે ઉત્પાદન થાય છે તેવા ઉંડાણના વિસ્તારો માટે યોગ્ય વ્યવસ્થા થાય તો સારુ પરિણામ મેળવી શકાય તેમ છે. આ કામમાં ઉત્સાહી બેકાર આદિવાસી યુવાનોને સાંકળવા જોઈએ. ગુન્હાકામમાં સંડોલવાયેલ એજન્ટોને પુનઃ એજન્ટ તરીકે નિમણુંક આપવી ન જોઈએ.

(૨) ગૌણવન પેદાશના દાણચોરીના કહેવાતા શંકાસ્પદ ઈસમોની યાદી તથા વાહનોની યાદી સંલગ્ન ડીવીઝનોને આપવી જરૂરી છે જેથી ગેરકાયદેસર હેરાફેરી ઉપર નિયંત્રણ રાખી શકાય.

(૩) ટીમરૂપાનએ અગત્યની ગૌણવન પેદાશ છે. હાલની ટીમરૂપાનની એકત્ર કરવાની પધ્ધતિ અયોગ્ય નથી જેના સુધારા માટે ટીમરૂપાન ઝાડ પરથી અને ભોંયડોરી પરથી તોડવાના સમયે જંગલમાં આદિવાસીઓને પધ્ધતિસરના પાન એકત્ર કરવાની સમજ આપવા માટે સ્થાનિક ગામની વ્યક્તિને દિન-૧૫ માટે ઉચ્ચક કહેનતાણું આપી રોકવા જોઈએ.

અંતમાં ગુજરાત રાજય વન વિકાસ નિગમની કામગીરી સરાહનીય ને પ્રશંસાપાત્ર છે. આજ સુધી આદિવાસીઓનું ખાનગી વેપારીઓ દ્વારા જે શોષણ થતું આવ્યું હતું તેમાં ઘણો સુધારો જોઈ શકાય તેમ છે. લોકોમાં જાગૃતિ આવી છે. લોકો આવક વધારવાના તેમજ જંગલ બચાવવાના વિચારો કરતા થયા છે.

આ આવી નાગચુડમાંથી આદિવાસીઓને છોડાવવા માટે નિગમ દ્વારા જે પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યારે તેની સામે ખૂબ મોટા સમુદાયના શોષણની, રાજયની આવશ્યક વન સંપત્તિને બચાવવાની મોટી જવાબદારી આવી પડી છે તે જવાબદારી નિગમે પોતાના કુશળ વહીવટ, કાર્યપધ્ધતિ અને નિષ્ઠાવાન કર્મચારીઓ દ્વારા આ જવાબદારી ઉપાડી લે તો આદિવાસી સમાજ માટે આર્શીવાદરૂપ પ્રવૃત્તિ છે.

**આંકડાકીય માહિતી :**

| વર્ષ | માનવદિન રોજગારી (લાખમાં) | |
|---|---|---|
| ૧૯૯૪-૯૫ | ૪૨.૪૦ | |
| ૧૯૯૫-૯૬ | ૩૮.૭૯ | |
| ૧૯૯૬-૯૭ | ૧૬.૫૮ | |
| ૧૯૯૭-૯૮ | ૪૧.૫૯ | |
| ૧૯૯૮-૯૯ | ૩૩.૪૦ | |
| ૧૯૯૯-૨૦૦૦ | ૩૦.૫૫ | |
| ૨૦૦૦-૨૦૦૧ | ૬.૩૪ | ● |
| ૨૦૦૧-૨૦૦૨ | ૨.૬૯ | ● |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩.૬૯ | ● |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૫.૯૯ | |

● ભુરીયા સમિતિના અહેવાલના આધારે ૮૦% કામગીરી પંચાયત વિભાગ પાસે તબદીલ થતાં ૨૦% કામગીરી હાલ વન વિકાસ નિગમ પાસે છે.

# ANNEXURE

**The absract of total collection wages paid during last 10 years are as follows**

| Sr. No. | Item | Year | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **1993-94** | **1994-95** | **1995-96** | **1996-97** | **1997-98** | **1998-99** | **99-2000** | **2000-01** | **2001-02** | **2002-03** |
| 1. | Timra Leaf | 1744579 | 2688496 | 3456490 | 1891395 | 2846670 | 3851219 | 360621 | 5027920 | 3757666 | 5836536 |
| 2. | Mahuda Flower | 10942 | 7699 | 4870 | 8522 | 59390 | 8824 | 20822 | 123833 | 2000 | 16327 |
| 3. | Mahuda | 146493 | 44568 | 14272 | 228900 | 18693 | 12448 | 2243 | 196165 | 1641 | 10487 |
| 4. | Kadayo Gum- Gade-1 | 5272 | 4781 | 2255 | 5586 | 4112 | 3040 | - | 5420 | 328 | - |
| 5. | Kadyo Gum Gade-2 | 1469 | 1750 | 458 | 1638 | 950 | 620 | - | 1250 | 1674 | - |
| 6. | Kadyo Gum Gade-3 | 330 | 192 | 230 | 885 | 200 | 240 | - | 795 | 637 | - |
| 7. | White Musli | - | 1665 | 457 | - | - | - | - | - | - | - |
| 8. | Khair Hum | - | - | 162 | 145 | - | - | - | - | - | - |
| 9. | Modad Gum | 115 | - | 1376 | 830 | 480 | - | - | - | - | - |
| | **Total** | **1909200** | **2749151** | **3480570** | **2137902** | **2930495** | **3876391** | **383686** | **5355383** | **3763946** | **5863350** |

**Total Amt. disbursed 3,62,84,866**
**No.of mandays generated - 626649**

પ્રાપ્તિસ્થાન : નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, રાજપીપળા (પૂ.)

## ગુજરાતમાં વન પેદાશો (૧૯૯૩-૯૪)

| ક્રમ | વિગત | | |
|---|---|---|---|
| ૧. | ઈમારતી લાકડું | : | ૩.૦ લાખ ઘનમીટર |
| ૨. | બળતણનું લાકડું | : | ૨.૭લાખ ટન |
| ૩. | વાંસ | : | ૧૨૭૧૦ ટન |
| ૪. | ઘાસ | : | ૬૮૦૦ ટન |
| ૫. | ગુંદર | : | ૫૨ ટન |
| ૬. | ટીમરૂંપાન | : | ૮૭૦૦ ટન |
| ૭. | બહેંડાં/હરડે/આમળાં | : | ૨૪ ટન |
| ૮. | કરંજના બીજ | : | ૧૨ ટન |
| ૯. | મહુડાનાં બીજ | : | ૬૧૦ ટન |
| ૧૦. | મહુડાનાં ફૂલ | : | ૨૩૨૦ ટન |

● ગુજરાત સ્ટેટ બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન સ્ટ્રેટજી એન્ડ એક્સનપ્લાન- ગુજરાત વન વિભાગ, ૨૦૦૨, પર્યાવરણ સાથી પાન ૪૭.

**વસ્તી અને વન :**

- ભારતમાં ૨૦મી સદીની શરૂઆતમાં ૪૦ ટકા વન વિસ્તાર હતો તે ૧૯૫૧માં ૨૨ ટકા અને ૧૯૯૭માં ૧૯ ટકા થઈ ગયો.
- ૧૯૫૧ થી ૨૦૦૦ દરમ્યાન ભારતની વસ્તી ૨.૮ ઘણી વધી છે, જયારે ૧૯૫૧ થી ૧૯૯૭ની વચ્ચે ભારતનું વનક્ષેત્ર ૭.૨ કરોડ હેકટરથી ઘટીને ૬.૩ કરોડ હેકટર થઈ ગયું છે.
- ૧૯૮૯ થી ૧૯૯૭ ની વચ્ચે દેશમાં ગાઢ વનોવાળા વિસ્તારોમાં ૩ ટકાનો ઘટાડો થયો હતો.
- ભારત પાસે વિશ્વની કુલ જમીનના ૨.૪ ટકા જમીન વિસ્તાર છે. જયારે વિશ્વના કુલ વનક્ષેત્રમાં ૧.૭ ટકા જ વન વિસ્તાર ભારતમાં છે.
- વિશ્વની કુલ માનવ વસ્તીના ૧૬ ટકા તથા દૂધાળાં પ્રાણીઓની સંખ્યાના ૧૭ ટકા ભારતમાં છે.
- ભારતમાં ઈંધણ માટે ૨૩.૫ કરોડ ઘનમીટર અને ઈમારતી લાકડાં માટે ૨.૮ કરોડ ઘનમીટર લાકડાંની દર વર્ષે જરૂર પડે છે.

---

● વસ્તી અને વન ભારત અહેવાલ ૨૦૦૦ યુ.એન. ડેવલપમેન્ટ ફન્ડ ફોર પોપ્યુલેશન. (પર્યાવરણ સાથી પાન. ૬૩)

## ગૌણક વન પેદાશોના એકત્રીકરણ દર ૨૦૦૪

સને ૨૦૦૪ મોસમે એકત્ર થનાર બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશોના એકત્રીકરણ દર અને એજન્ટોને કમીશન નીચે વિગતે નક્કી કરવામાં આવે છે. સદરહું એકત્રીકરણ દરો તા.૫-૧૨-૨૦૦૩થી અમલમાં આવે તે પ્રમાણે લાગુ પાડવાપાત્ર રહેશે.

| અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી.દીઠ | અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી. દીઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પુવાડ બીજ | ૧૫૦ | ૩૫ | મરડા સીંગ | ૫૦૦ |
| ૨ | આમળા પલ્પ | ૨,૨૦૦ | ૩૬ | દેશીબોર | ૨૦૦ |
| ૩ | મુસળી ગ્રેડ ૧ | ૯૦,૦૦૦ | ૩૭ | સીતાફળ બીજ | ૨૫૦ |
| | મુસળી ગ્રેડ ૨ | ૨૫,૦૦૦ | ૩૮ | ગરમાળાના બીજ | ૬૦૦ |
| ૪ | મધ તમામ ડીવીઝન | ૩,૫૦૦ | ૩૯ | વાંસ બીજ | ૧,૦૦૦ |
| | | | ૪૦ | સાગ બીજ | ૨૫૦ |
| ૫ | ચારોલી | ૧૫,૦૦૦ | ૪૧ | કુસુમ બીજ | ૮૦૦ |
| ૬ | કરંજબીજ | ૩૭૫ | ૪૨ | આમળા બીજ | ૬૦,૦૦૦ |
| ૭ | રોશાધારા | ૭૫ | ૪૩ | ચારોળીના બીજ | ૬,૦૦૦ |
| ૮ | અરીઠા | ૪૦૦ | | <u>ધન્વનતરી પ્રોજેકટ માટે</u> | |
| ૯ | હરડા | ૩૦૦ | ૧ | ગળો (લીમડાની) | ૪૦૦ |
| ૧૦ | બહેડા આખા | ૧૦૦ | ૨ | માલકાંગણી | ૩,૦૦૦ |
| ૧૧ | બહેડા છાલ | ૨૫૦ | ૩ | અર્જુન છાલ | ૪૦૦ |
| ૧૨ | સાદડા છાલ | ૨૦ | ૪ | અરડુશી | ૬૦૦ |
| ૧૩ | ઈન્દ્રજવ | ૨,૦૦૦ | ૫ | સાલવણ | ૬૦૦ |
| ૧૪ | મીણ | ૩,૫૦૦ | ૬ | પીઠવણ | ૬૦૦ |
| ૧૫ | રતનજયોત | ૮૦૦ | ૭ | શતાવરી | ૧,૫૦૦ |
| ૧૬ | ચણોઠી (લાલ) | ૧,૦૦૦ | ૮ | ચિત્રકમુળ | ૧,૦૦૦ |
| ૧૭ | ચણોઠી (સફેદ) | ૧,૫૦૦ | ૯ | કુટજ કુડો | ૪૦૦ |
| ૧૮ | લીંબોડી/બીજ (પલ્પ સાથે) | ૧૨૫ | ૧૦ | મામેજવો | ૫૦૦ |
| | લીંબોડી બીજ (પલ્પ સિવાય) | ૫૦૦ | ૧૧ | ભાંગરો | ૫૦૦ |
| ૧૯ | વઢવાડીયા બીજ | ૪૦,૦૦૦ | ૧૨ | ગોખરૂ | ૭૦૦ |
| ૨૦ | કાચકા બીજ | ૨,૦૦૦ | ૧૩ | શંખપુષ્પી | ૧,૦૦૦ |

| અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી.દીઠ | અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી. દીઠ |
|---|---|---|---|---|---|
| ૨૧ | કૌચા બીજ કાળા | ૧,૦૦૦ | ૧૪ | જાંબુબીજ | ૫૦૦ |
| | કૌચા બીજ સફેદ | ૧,૦૦૦ | ૧૫ | અશ્વગંધા | ૫,૦૦૦ |
| ૨૨ | ચીમેઠ | ૪,૦૦૦ | ૧૬ | જેઠીમધ | ૩,૦૦૦ |
| ૨૩ | કુસુમલાખ | ૪,૦૦૦ | ૧૭ | બ્રાહ્મી | ૨,૫૦૦ |
| ૨૪ | ખાખરલાખ | ૩,૦૦૦ | ૧૮ | ભોંય આમલી | ૧,૨૦૦ |
| ૨૫ | બોર લાખ | ૩,૦૦૦ | ૧૯ | લીંડીપીપર | ૭,૦૦૦ |
| ૨૬ | પીલુ બીજ | ૪૦૦ | ૨૦ | વાવડીંગ-લાલ | ૨,૫૦૦ |
| ૨૭ | ખાખરાપાન(સ્ટા.બોરા દીઠ) | ૧૨૫ | ૨૧ | માલવી પુવાડ(કાસુન્દ્રા) | ૪૦૦ |
| ૨૮ | કેસુડા ફુલ | ૩૦૦ | ૨૨ | ધમાશો | ૩૫૦ |
| ૨૯ | ગાંડા બાવળની શીંગ | ૧૦૦ | ૨૩ | શરપંખો | ૪૦૦ |
| ૩૦ | આસીત્રાપાન | ૩૦૦ | ૨૪ | જીવંતી (કડવા ડોળી) | ૪૦૦ |
| ૩૧ | બીલા ગર્ભ | ૫૦૦ | ૨૫ | ગોરખમુડી | ૫૦૦ |
| ૩૨ | ઘટબોર | ૪૦ | ૨૬ | નાગરમોથ | ૪૦૦ |
| ૩૩ | બહેડાબીજ | ૭૦૦ | ૨૭ | ગરમાળાનો ગોળ | ૧,૨૦૦ |
| ૩૪ | ખાખર બીજ | ૪૦૦ | ૨૮ | બોડા ગોખરૂ | ૧,૮૦૦ |

**નોંધ :**

(૧) ઉપરોક્ત તમામ ગૌણ વન પેદાશો અંગે એજન્ટોને કમીશન ગૌણ વનપેદાશના એકત્રીકરણ દરના ૧૦% પ્રમાણે ચુકવવાનું રહેશે. જયારે સહકારી સંસ્થા તેમજ આદિવાસી એજન્ટોને આ કમીશન ઉપરાંત કમીશનના ૧૦% વધારો પ્રોત્સાહન રૂપે ચૂકવવાનો રહેશે.

(૨) ઉપરોક્ત પ્રમાણેના એકત્રીકરણ દરોમાં વર્ષ દરમ્યાન ફેરફાર કરવાનો અધિકાર નિગમનાં મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે. જે એજન્ટોને તેમજ સંબંધિત તમામને બંધનકર્તા રહેશે.

(૩) ઉપરોક્તમાં કેટલીક ગૌણવન પેદાશો માટે વિવિધ ગ્રેડ સુચવાયેલ છે. આ ગ્રેડ નિગમે પોતે બનાવેલા છે. જે અન્વયેના નમુના નિગમની સંબંધિત કચેરીએ જોઈ તપાસી શકાશે અને તે નમુનામાં જ એજન્ટોએ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ કરવાનું રહેશે.

## ગૌણવન પેદાશ એકત્રિકરણકારો પાસેથી ખરીદ કરવાના દર

| ક્રમ | ગૌણ વન પેદાશનું નામ | એકમ | સને ૨૦૦૪ના વર્ષ માટે પ્રાથમિક એકત્રીકરણકારો પાસેથી ખરીદ કરવાના દર(રૂા.) |
|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ |
| ૧. | ટીમરૂપાન | સ્ટા.બોરાદીઠ | ૪૦૦ |
| ૨ | મહુડાફુલ | ક્વી.દીઠ | ૫૫૦ |
| ૩ | મહુડાડોળી-વાંસદા | ક્વી.દીઠ | ૫૦૦ |
| | " અન્ય પ્રોજેકટ | ક્વી.દીઠ | ૬૦૦ |
| | " કાળી | ક્વી.દીઠ | ૪૦૦ |
| ૪ | કડાયા ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૪,૦૦૦ |
| | કડાયા ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૩,૦૦૦ |
| ૫ | ધાવડા ગુંદર અનગ્રેડેડ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૬ | બાવળ ગુંદર અનગ્રેડેડ | ક્વી.દીઠ | ૧,૫૦૦ |
| ૭ | મોયના ગુંદર | ક્વી.દીઠ | ૩૦૦ |
| ૮ | સલાઈ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૯ | ગુગળ ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૮,૫૦૦ |
| | ગુગળ ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૫,૦૦૦ |
| | ગુગળ ગુંદર ગ્રેડ-૩ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૧૦ | ગાંડા બાવળ ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૧,૬૦૦ |
| | ગાંડા બાવળ ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૧,૨૦૦ |
| ૧૧ | ગોરડ ગુંદર | ક્વી.દીઠ | ૨,૦૦૦ |
| ૧૨ | ખેર ગુંદર | ક્વી.દીઠ | ૧,૫૦૦ |
| ૧૩ | ખાખર ગુંદર | ક્વી.દીઠ | ૭૫૦ |

નોંધ :

(૧) ઉપરોક્ત તમામ ગૌણ વન પેદાશો અંગે એજન્ટોને કમિશન ગૌણ વન પેદાશના એકત્રીકરણ દરના ૧૦% પ્રમાણે ચૂકવવાનું રહેશે. જયારે સહકારી સંસ્થા તેમજ આદિવાસી એજન્ટોને આ કમીશન ઉપરાંત કમીશનના ૧૦% વધારો પ્રોત્સાહન રૂપે ચૂકવવાનો રહેશે.

(૨) ઉપરોક્ત પ્રમાણેનાં એકત્રીકરણ દરોમાં વર્ષ દરમ્યાન ફેરફાર કરવાનો અધિકાર નિગમનાં મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે. જે એજન્ટોને તેમજ સંબંધિત તમામને બંધનકર્તા રહેશે.

(૩) ઉપરોક્તમાં કેટલીક ગૌણવન પેદાશો માટે વિવિધ ગ્રેડ સૂચવાયેલ છે. આ ગ્રેડ નિગમે પોતે બનાવેલા છે. જે અન્વયેના નમુના નિગમની સંબંધિત કચેરીએ જોઈ તપાસી શકાશે અને તે નમુનામાં જ એજન્ટોએ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ કરવાનું રહેશે.

**વન વિકાસ નિગમ લી. દ્વારા એકત્ર કરવામાં આવતી ગૌણ વનપેદાશોના શાસ્ત્રીય નામ, અંદાજીત એકત્રીકરણ જથ્થો, સમયગાળો તથા ઉપયોગિતાની વિગત.**

| ક્રમ | ગૌણ વન પેદાશનું સ્થાનિક /શાસ્ત્રીય નામ | સરેરાશ ઉત્પાદન | એકત્રીકરણ સમયગાળો | ઉપયોગિતા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ટીમરૂપાન Diospyros melanoxylon. | ૨,૦૦,૦૦૦ સ્ટા.બોરા | એપ્રીલ થી મે | બીડી બનાવટમા |
| ૨ | મહુડાફૂલ Madhuca indica | ૨૫,૦૦૦ ક્વી. | માર્ચ થી મે | આલ્કોહોલ, ઢોરના ખાણ દાણ |
| ૩ | મહુડાડોળી Madhuca india | ૫,૦૦૦ ક્વી. | જુન થી ઓગષ્ટ | આદિવાસીઓના ખોરાક તેલ, સાબુ ઉદ્યોગ |
| ૪ | કડાયા ગુંદર Sterculia urens | ૧૦ ક્વી. | નવેમ્બર થી જૂન | આઈસ્કીમ જેલી, દવાઓમાં |
| ૫ | ધાવડા ગુંદર Anogeissus latifolia | ૬૦ ક્વી. | નવેમ્બર થી જૂન | ખોરાક તરીકે, ડાઈંગ અને પ્રેસીંગ |
| ૬ | બાવળ ગુંદર Acacia arabica | ૩૦૦ ક્વી. | " | ખોરાક તરીકે, સ્ટીકીંગ ગુંદર તરીકે |
| ૭ | મોદળ ગુંદર Garuga pinnata | ૬૦ ક્વી. | " | કપડા રંગકામ, કોપર બનાવટ |
| ૮ | સલાઈ Boswellic serrata | ૫૦૦ ક્વી. | " | ધૂપ, અગરબત્તીની બનાવટ, પેઈન્ટ બનાવટ |
| ૯ | ગુગળ Commiphora wightii(olibanum) or mukul | ૧૦૦ ક્વી. | " | ધૂપ, આયુર્વેદિક ઔષધીઓ, એસેન્સ અને સુગંધિત પરફ્યુમ બનાવટ |
| ૧૦ | ગાંડા બાવળ ગુંદર Prosopis juliflora | ૧૦૦૦ ક્વી. | " | જર્દા તમાકુ, હીંગ પીગળવા અને ફટાકડાની બનાવટ |
| ૧૧ | ગોરડ ગુંદર Acacia senegal | ૨૦ ક્વી. | " | ખોરાક તરીકે, નેપાળ પેપરમાં સાઈઝમાં |
| ૧૨ | ખેર ગુંદર Acacia catechu | ૨૦ ક્વી. | " | ખોરાક તરીકે, ઔષધિઓની બનાવટ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૩ | ખાખરા ગુંદર<br>Butea monosperma | ૨૦ ક્વી. | " | ઔષધિઓની બનાવટ |
| ૧૪ | પુવાડ બીજ<br>Cassia tora | ૧૦૦૦૦ ક્વી. | જાન્યુ. ફેબ્રુઆરી | ઢોરના ખાણ દાણ, ચામડીના રોગોમાં, ઔષધિઓની બનાવટ |
| ૧૫ | આમળા<br>Emblica Officinalis | ૪૦૦ ક્વી. | નવે. થી જાન્યુ. | ત્રિફળા ચૂર્ણ, આયુર્વેદિક ઔષધિઓની બનાવટ |
| ૧૬ | મુસળી<br>Chlorophytum tuberosum | ૨૦ ક્વી. | ઓગષ્ટ થી નવેમ્બર | ટોનીક, દેશી વાયગ્રાની બનાવટ |
| ૧૭ | ચારોળી<br>Buchanaia lanzansor latifolia | ૫૦ ક્વી. | એપ્રિલ થી મે | મીઠાઈ બનાવટ તથા ખોરાકમાં |
| ૧૮ | મધ<br>Honey | ૧૦૦૦ ક્વી. | ઓક્ટો.-નવે. તથા માર્ચથી મે | ટોનીક, દવાઓ તથા કફ મિકચરનીદવાની બનાવટ |
| ૧૯ | કરંજ બીજ<br>Pongamia glabra | ૨૦૦ ક્વી. | એપ્રીલ થી જુન | સાબુ ઉદ્યોગમાં ઓઈલ તરીકે ચામડીના રોગોની દવામાં |
| ૨૦ | રોસા ઘાસ<br>Cymbopogon martinii | ૧૦૦૦ ક્વી. | ઓક્ટો. થી ડિસેમ્બર | વા, સાંધાના દર્દોની દવા તરીકે, ઔષધિઓની બનાવટ |
| ૨૧ | અરીઠા<br>Sapindus emarginatus | ૨૦૦ ક્વી. | એપ્રિલ- મે | હર્બલ શેમ્પુ, ઘરેણાંની સાફઈ માટે |
| ૨૨ | હરડા<br>Terminalia chebula | ૫૦૦ ક્વી. | " | ત્રિફળા ચૂર્ણ, ઔષધઓની બનાવટ, ટેનીન ઉદ્યોગમાં |
| ૨૩ | બહેડા છાલ<br>Terminalia bellirica | ૫૦૦ ક્વી. | જાન્યુ.- ફેબ્રુ. | ત્રિફળા ચૂર્ણ, ટેનીન ઉદ્યોગ |
| ૨૪ | સાદડ છાલ<br>Terminalia tomentosa | ૫૦૦ ક્વી. | એપ્રિલ-મે | ઓકઝેલીક એસીડ ઉત્પાદન |
| ૨૫ | ઈન્દ્રજવ<br>Holarrhena antidysenterica | ૩૦ ક્વી. | ઓગષ્ટ થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓમાં |
| ૨૬ | મીણ<br>Wex | ૫૦ ક્વી. | ઓક્ટો., નવે., માર્ચ થી મે | પેઈનબામ, ક્રીમ, મીણબત્તી, ઔષધિઓમાં |
| ૨૭ | રતનજયોત<br>Jatropha curcas | ૫૦૦ ક્વી. | ઓક્ટો. થી ડીસે. એપ્રિલ થી જુન | સાબુ ઉદ્યોગમાં ઓઈલ તથા બાયોડીઝલ તરીકે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨૮ | ચણોઠી લાલ-સફેદ<br>Abrus precatorius | ૧ ક્વી. | એપ્રિલ | ઔષધિઓમાં, સોનાના દાગીનાના વજન કરવા માટે |
| ૨૯ | લીંબોળી<br>Azadirachta india | ૫૦૦૦ ક્વી. | મે-જુન | ચામડીના રોગોની દવામાં તેલ તરીકે |
| ૩૦ | વઢવાડીયાના બીજ<br>Gloriossa superba | ઓછી માત્રા | ઓક્ટો.- નવે. | દવાઓમાં |
| ૩૧ | કાંચકા બીજ<br>Caesalpinia crista | ૫૦ ક્વી. | ડીસે. થી | આયુર્વેદિક ઔષધિઓ, વોર્મ અને તાવમાં |
| ૩૨ | કૌચા બીજ<br>Mucana pouriena | ૧૦ ક્વી. | | ટોનીક,દેશી વાયગ્રાની બનાવટ |
| ૩૩ | ચીમેડ<br>Cassia absus | ૫૦ ક્વી. | નવે. થી ફેબ્રુ. | આંખના દર્દોમાં, આયુર્વેદિક ઔષધિમાં |
| ૩૪ | કુસુમ લાખ<br>Schleichera oleosa | ૩૦ ક્વી. | ફેબ્રુ. - માર્ચ | લાખ બનાવટ, સીલ તરીકે |
| ૩૫ | ખાખર લાખ<br>Butea monosperma | ૧૦૦ ક્વી. | માર્ચ-એપ્રિલ | લાખ બનાવટ, સીલ તરીકે |
| ૩૬ | પીલુ બીજ<br>Salvadora persica | ૩૦૦ ક્વી. | સપ્ટે.-ઓક્ટો. | તેલ સાબુમાં, વાર્નીસ ઉદ્યોગમાં |
| ૩૭ | ખાખરા પાન<br>Butea monosperma | ૧૦૦૦ ક્વી. | એપ્રિલ-મે | બાજ પડીયા બનાવવા |
| ૩૮ | કેસુડાફુલ<br>Butea monosperma | ૫૦૦ ક્વી. | મે | સીલ્ક કપડાના કલરકામ, સ્નફ અને સુશોભનમાં |
| ૩૯ | ગાંડાબાવળ સીંગ<br>Prosophis fruit | ૪૦૦૦ ક્વી. | એપ્રિલ-મે | ઢોરના ખાણ દાણ |
| ૪૦ | આસીત્રા પાન<br>Bauhinia racemosa | ૨૦ ક્વી. | માર્ચ થી મે | બીડી બનાવટ, ઔષધિય દવાઓની બનાવટમાં |
| ૪૧ | ગળો<br>Tinospora cardifolia | ૨ ક્વી. | ડીસે. થી જુન | રસાયણ ચૂર્ણ, ઔષધિય દવાઓમાં |
| ૪૨ | માલકાંગણી<br>Celastrus paniculata | ૨ ક્વી. | ઓક્ટો. થી જાન્યુઆરી | મગજના ટોનીકની દવામાં |
| ૪૩ | અર્જુનછાલ<br>Terminalia arjuna | ૩ ક્વી. | નવે. થી જુન | હૃદયરોગની આયુર્વેદિક દવામાં |
| ૪૪ | અરડુસી<br>Adhatoda vasica | ૧૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રિલ | કફ મિક્ચરની દવામાં |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪૫ | સાલવણ<br>Desmodium gengaticum | ૨૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રીલ | આયુર્વેદિક દવાઓમાં |
| ૪૬ | પીઠવણ<br>Ururia picta | ૨૦ ક્વી. | " | " |
| ૪૭ | શતાવરી<br>Asperagus racemocus | ૨૦ ક્વી. | એપ્રિલથી જુન | ટોનીક આયુર્વેદિક દવામાં, એસીડીટી-અલ્સરની દવામાં |
| ૪૮ | ચિત્રક<br>Plumbago zeylanica | ૨૦ ક્વી. | નવે. થી મે | એપેટાઈઝર, પાચર તરીકે |
| ૪૯ | કુટજકુડો (ઈન્દ્રજવ)<br>Holarrhana aatidysenterica | ૧૦૦ ક્વી. | " | ડાયોરીયા, મરડાની દવામાં |
| ૫૦ | મામેજવો<br>Enicostema littorale | ૧૦૦ ક્વી. | " | ડાયાબીટીસની દવામાં, તાવમાં |
| ૫૧ | ભાંગરો<br>Eclipta alba | ૧૦૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રિલ | માથાના તેલ, રસાયણ ચૂર્ણમાં |
| ૫૨ | ગોખરૂ<br>Tribulus terrestris | ૫૦૦ ક્વી. | ડીસે. થી એપ્રિલ | પથરીના દર્દોમાં, રસાયણ ચૂર્ણમાં |
| ૫૩ | શુંખપુષ્પી<br>Convolvulus pluricaulis | ૨૦ ક્વી. | જાન્યુ. થી એપ્રિલ | યાદશક્તિ વધારવા, મગજના ટોનીક તરીકે |
| ૫૪ | બીલા ગર્ભ<br>Aegla marmelos | ૧૦ ક્વી. | ડીસે. થી જાન્યુઆરી | ડાયોરીયા, મરડાની દવામાં |
| ૫૫ | ખાખરા બીજ | ૧૦ ક્વી. | મે-જુન | તેલ સાબુ ઉદ્યોગમાં |
| ૫૬ | મરડાસીંગ<br>Helicteres isora | ૧ ક્વી. | ઓક્ટો.- નવે. | બાળકોના ઝાડા-મરડાની દવામાં |
| ૫૭ | ગરમાળા સીંગ-ગોળ<br>Cassia fistula | ૧૦ ક્વી. | ડીસે.- જાન્યુ. | બાળકોના પેટના રોગોની દવામાં |
| ૫૮ | જાંબુ બીજ<br>Sygyglum cumini | ૨૦ ક્વી. | જુન-જુલાઈ | ડાયાબીટીસ આયુર્વેદિક દવામાં |
| ૫૯ | અશ્વગંધા<br>Withania sommisera | ૫ ક્વી. | ઓક્ટો. નવે. | શક્તિવર્ધક, આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬૦ | જેઠીમધ<br>Taverniera cuneifolia | ૫ ક્વી. | નવે.- ડીસે. | શરદી, ખાંસી મટાડવા |
| ૬૧ | બ્રાહ્મી<br>Centella asiatica | ૧૦ ક્વી. | ડીસે.- માર્ચ | યાદશક્તિ વધારવા, મગજના ટોનીક તરીકે |
| ૬૨ | લીંડીપીપર<br>Piper longum | ૫ ક્વી. | ઓક્ટો.- નવે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૩ | વાવડીંગ<br>Embelia ribes | ૧૦ ક્વી. | ડીસેમ્બર | બાળકોના પેટના રોગોની દવામાં |
| ૬૪ | દેશીબોર<br>Zigyphus maurtiana | ૧૦૦ ક્વી. | જાન્યુ.- ફેબ્રુ. | ફળ તરીકે |
| ૬૫ | ભોયઆમલી | ૧૦ ક્વી. | ઓક્ટો. થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૬ | કાસુન્દ્રો | ૧૦ ક્વી. | નવે. થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૭ | જીવંતી-કડવા ડોળી | ૧૦ ક્વી. | ડીસે. થી માર્ચ | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |

કેટલાક તારણો :

- જમીન પૂરતી હોવાથી આખા વર્ષનું અનાજ ખાવા પૂરતું મળી રહે છે. બીજી જીવન જરૂરિયાતો મજૂરી કરીને પૂર્ણ કરે છે.
- ખેતી સાથે મજૂરી અને જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાનું કામ કરે છે.
- પશુપાલનનો વ્યવસાય કરીને
- શિયાળામાં ટીમરૂપાન, મહુડાના ફુલ વીણવાનું કામ ૨ થી ૩ કિ.મી.ના અંતરે જવું પડે છે.
- બજારભાવ સાથે સારા ભાવો મળવા જોઈએ.
- વધુ સમય વસાવા દેવામાં હેરાનગતી ન હોવી જોઈએ.
- ભાવો ઓછા મળે છે. મહેનત વધુ કરવી પડે છે.
- જંગલ ખાતાના અધિકારીઓ જંગલમાંથી કાઢી મુકે છે.
- ચનખલ ગામમાં આદિવાસી કુટુંબોને જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણનું કામ મોટા પાયા પર મળતું નથી. જે થોડું ઘણું કરે છે તેમાં મહુડાની ડોળીનો તેલનો ઉપયોગ ઘર વપરાશ માટે કરે છે અને ફુલનું ફક્ત વેચાણ થાય છે. આવક મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરીમાંથી જ થાય છે. જે ઘરખર્ચમાં વપરાઈ જાય છે.
- માલીકીની જનીમમાં વૃક્ષોનું વાવેતર સારા પ્રમાણમાં કરેલ છે. જેમાંથી ભવિષ્યમાં સારો આર્થિક ફાયદો થાય છે.

- જંગલમાં પાન મળતા નથી, મહુડા-ડોળી પણ ઓછા થાય છે. જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવા જતાં કોઈ અકસ્માત થાય તો વળતર મળતું નથી.
- કુમળા વાંસમાંથી શાક બનાવવા
- ગૌણ પેદાશનું ..... તેવા ઝાડ વાવવા સરકારે યોજના કરવી જોઈએ.
- ટીમરૂપાન માટે દૂર દૂર સુધી જવું પડે છે.
- આખો દિવસ એકત્ર કરવામાં જાય છે તેના પ્રમાણમાં ભાવો ઓછા મળે છે.

**પેદાશોનો ઘરમાં ઉપયોગ :**

- ઉદાર, મદર, કાંકડ, સાવા, ટીમરૂપાન, ગુંદર, ગુગળ, ખાખરાપાન
- મોટાભાગના કુટુંબો બળતણ સિવાય કંઈજ લાવતા નથી.
- કેટલાક કુટુંબોમાં માંદગી દરમ્યાન જુદી જુદી આર્યુવેદિક વનસ્પતિનો દવા તરીકે ઉપયોગ કરે છે, પરંતુ કઈ વનસ્પતિનો કેવો અને ક્યારે ઉપયોગ થાય તે જણાવવા તૈયાર નથી.
- ટીમરૂપાનની લાવીને વેચવાનું કામ.
- છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી દુષ્કાળની પરિસ્થિતિ અને વરસાદના અભાવે વન પેદાશ એકત્રિત કરી શક્યા નથી.
- વનમાં વૃક્ષોનું પ્રમાણ ઘટવાની આવકમાં ઘટાડો પણ થયાં.
- ગૌણ પેદાશ આવે તેવા વૃક્ષોનું વધુ વાવેતર કરાવવું.
- ૨૦ થી ૨૫ કિ.મી. સુધી જંગલ પેદાશ એકઠી કરવા જવું પડે છે.
- વેપારી પોતાના ભાવથી માલ લો છે પરંતુ સરકારે નક્કી કરી વધારે ભાવ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- ટીમરૂના પાન ગળવાની મુશ્કેલી પડે છે. જુડા બાંધતી વેળા આંખોમાં પાણી આવી જાય.
- પડવા-વાગવાનું જોખમ રહેલું છે.
- વૃક્ષો ઘટવાથી દુષ્કાળ પડવાથી પેદાશ ઘટી છે.
- જંગલમાં વૃક્ષો વાવવાં તથા પાણીની સગવડ કરવી જરૂરી છે.
- જંગલમાં ઉત્તરોત્તર ઘટાડો થવાથી પેદાશ મળતી નથી.
- કોન્ટ્રાકટ પધ્ધતિમા ભાવો ઓછા મળે છે. જંગલ ખાતા દ્વારા જ ભાવ પુરા મળે.
- ગૌણ પેદાશ એકઠી કરવા ઝાડ પર પણ ચઢવું પડે અને દૂર પણ જવું પડે.
- કુદરતી જંગલો સાચવવા જરૂરી છે. હાલ જે ઊંડાણ છે તેની માવજત લોકો કરે છે.
- ગૌણ પેદાશ એકઠી કરી વધુ આવક મેળવી શકાય તે માટે જોઈન્ટ ફોરેસ્ટ મંડળીની રચના કરવી જોઈએ.

# શિક્ષિત બેરોજગાર આદિવાસી યુવાનોનો અભ્યાસ

શ્રી બચુભાઈ બરંડા

ભારતીય સમાજવ્યવસ્થાને ધ્યાને લઈએ તો તે જ્ઞાતિ પ્રધાન સમાજ વ્યવસ્થા હતી અને આજે પણ છે. તેને લઈને ઘણાં અનિષ્ટો અસ્તિત્વમાં આવ્યાં છે. તેનો ભોગ કેટલીક નિશ્ચિત સમાજવ્યવસ્થાના ભાગને બનવું પડ્યું છે. આ વર્ગ ઉત્તરોત્તર રાજયવ્યવસ્થા બદલાવાના કારણે થોડો સ્થિર થતો ગયો. છેવટે આપણો દેશ અંગ્રેજોના અધિપત્ય હેઠળથી સ્વતંત્ર બન્યો અને લોકશાહી રાજયવ્યવસ્થા સ્થપાતાં કચડાયેલા, દબાયેલા, શોષાયેલા અને સમાજવ્યવસ્થાના શોષણના ભોગ બનેલ તથા અતિ પછાત ગિરીમાળાઓની અંદર રહેતા વર્ગને સંવિધાનમાં કેટલીક વિશિષ્ટ સવલતો આપવામાં આવી જેથી કરીને તેઓને થતા અન્યાયો દૂર થાય. તેઓ અન્ય સમાજની હરોળમાં આવી ઉભો રહી શકે.

આમ ભારતીય રાજયબંધારણમાં દર્શાવેલ રાજનિતીના માર્ગદર્શક સિધ્ધાંત અન્વયે ભારતીય સમાજમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા જૂથોની જવાબદારી વહન કરવાનું સ્વીકારેલું તેને અનુલક્ષીને બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ મુજબ આ પિડીત સમાજને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર કરવામાં આવી. તેની સાથે સાથે તેઓનાં સર્વાંગી કલ્યાણ અર્થે જુદી જુદી જોગવાઈઓ કરવામાં આવી.

વ્યાખ્યા :

આ અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ માટે જે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે તેમાં સંવિધાનની કલમ ૩૩૫ અને ૧૬(૪)માં નીચે પ્રમાણે જોગવાઈ છે.

**૩૩૫ :** "સંઘના અથવા રાજયના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગ્યાઓ પર નિમણુંક કરવામાં વહીવટી કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતીના રાજયોના હક્કદાવા વિચારણામાં લેવામાં આવશે."

**૧૬(૪) :** "રાજયના અભિપ્રાય પ્રમાણે રાજય હેઠળની નોકરીઓમાં જેમને પુરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય એવા નાગરિકોના કોઈ પછાતવર્ગના લાભમાં નિમણુંકો અથવા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં રાજયને આ કલમના કોઈ મજકુરથી બાધ આવશે નહિં."

ગુજરાત સરકારે પણ સરકારી સેવામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોમાં ભરતી તથા બઢતીમાં અનામત વ્યવસ્થા, વયમર્યાદામાં છૂટછાટ, અન્ય રાહતો સંબંધી હુકમો કરવા અંગે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ-૧૬(ખ)થી જોગવાઈ કરેલ છે.

રાજ્ય સરકારી સેવા ઉપરાંત પંચાયતસેવા, મ્યુનીસીપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ, સ્થાનિક સંસ્થાઓ, સરકાર પાસેથી લોન, આર્થિક સહાય મેળવતી સંસ્થાઓ અને જેમને લોનની ગેરંટી (બાંહેધરી) સરકાર આપે છે તેવી સંસ્થાઓને પણ જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈઓ લાગુ પડે છે.

આમ સમગ્રરીતે જોતાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને સરકારી સેવાઓનો અને જાહેર સંસ્થાઓમાં નિયત ટકાવારી મુજબ નોકરી મળે તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે. તેમ છતાં અર્ધ સરકારી, શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, પંચાયત સેવાઓમાં અને યુનિવર્સિટીમાં અનામત જાતિનું યોગ્ય અમલીકરણ આજે પણ થતુ નથી. તે અંગેની ઘણી ફરિયાદો લાગતી-વળગતી કચેરીઓ તથા સરકાર સમક્ષ થાય છે. આ પરિસ્થિતિમાં વિવિધ સરકારી ખાતાં, જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓમાં શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ વગેરેમાં અનામત નીતિનું અમલીકરણ કેવી રીતે અને કેટલા પ્રમાણમાં થાય છે એટલે કે નક્કી થયા પ્રમાણે અનામત જગ્યાઓ ભરાઈ છે કે કેમ ? તે અંગેના વ્યવસ્થિત ધોરણે અભ્યાસ થયા નથી. આદિવાસીઓ માટે આવો અભ્યાસ થાય તો ઘણી બધી અસંદિગ્ધ બાબતો પ્રકાશમાં આવે અને તે બેરોજગારોને રોજગારી અપાવવા બાબતનું આયોજન કરવામાં સહાયભૂત બની શકે. આ અંગેના અભ્યાસના હેતુઓ આ પ્રમાણે છે.

**અભ્યાસના હેતુ :**

(૧) એક યા બીજા પ્રકારની પદવી મેળવ્યા પછી કેટલો સમય આદિવાસી ઉમેદવારને બેરોજગાર રહેવુ પડે છે.

(૨) બેરોજગારના સમય દરમ્યાન કયા પ્રકારના આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે.

(૩) આદિવાસી બેરોજગાર યુવાનોના કુટુંબની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ તપાસવાનો છે.

(૪) રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા તકેદારી અધિકારીની કચેરીમાં નામ નોંધણી કર્યા પછી કેટલા સમયે જુદી જુદી નોકરીઓ માટેના ઈન્ટરવ્યુકોલ આવે છે અને તેના હાલમાં શું પરિણામ આવે છે.

(૫) યુવા બેરોજગારોને નોકરી મેળવવા ક્યા પ્રકારની ગેરરીતી સમાજમાં ચાલતી હોય છે તે જાણવાનો છે.

(૬) સામાન્ય રીતે સરકારશ્રીના વિવિધ વિભાગો તેમજ અન્ય સ્થાનિક સંસ્થાઓમાં આદિવાસીઓ માટે કેટલીક અનામત જગ્યાઓ આપવામાં આવેલ છે તેમ છતાં તેમને નોકરી મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે; આ મુશ્કેલીઓ ક્યા પ્રકારની છે તેની જાણકારી મેળવવાનો આ અભ્યાસનો હેતુ છે.

(૭) બેરોજગાર યુવાનો આ કપરી સ્થિતિમાં કેવી માનસિક મનોદશા અનુભવતા હોય છે.

આ આદિવાસી યુવાબેરોજગારોના અભ્યાસમાં જોઈએ તો અભ્યાસનું વિશ્વ ખાસ કરીને વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના તલાવપાડા, પલાટપાડા અને કપરાડા તાલુકામાં કાકડકોપર, વાઝવડ કોપડ ગામની પસંદગી કરવામાં આવેલ છે. જયારે નર્મદા જિલ્લામાં સાગબારા તાલુકાના નાનાકાંકડીઆંબા, મોટા ડોરાઆંબા અને ડેડિયાપાડા તાલુકામાં ચીખદા અને ડેડિયાપાડા ગામોનો અભ્યાસ માટે પસંદ કરેલ છે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પીપલોદ, ખલતાગરબડી અને ધાનપુર તાલુકાના પાનમ અને ભીન્ડોલ ગામની સંશોધન અભ્યાસ માટે પસંદગી કરેલ છે. આમ સંશોધન અભ્યાસમાં કુલ ત્રણ જિલ્લા અને એમાં ૬ તાલુકા તથા દરેક તાલુકામાં બે ગામ એમ મળીને ૧૨ ગામને અભ્યાસ માટે પસંદ કરેલ છે. એક ગામમાંથી ૮ બેરોજગાર આદિવાસી યુવક-યુવતીઓની અભ્યાસ અંગે વિગત મેળવી છે એમ કુલ ૯૬ ઉત્તરદાતાઓ આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. આમ ત્રણે જિલ્લામાં અભ્યાસ કરીને જે વિગતો પ્રાપ્ત થઈ છે તેના આધારે આંકડાકીય કોઠાઓ દ્વારા મૂકી છે પરંતુ અહિં મહત્વના તારણો અને સૂચનો, ઉપાયો રજુ કર્યા છે જે આ પ્રમાણે છે. સાથે સાથે આ અભ્યાસમાં સંશોધન પધ્ધતિઓમાં નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કરીને વિગતો વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા સંશોધન અભ્યાસમાં ઉપયોગ કરીને વિગતો મેળવવા માટે પ્રયત્ન કર્યા છે.

**અભ્યાસનાં તારણો-સૂચનો :**

(૧) રોજગાર કચેરીમાંથી બેરોજગાર ઉમેદવારોને વ્યવસ્થિત રીતે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે તેની કાળજી રાખવી જોઈએ.

(૨) જે તે ઉમેદવારને તેમની લાયકાત પ્રમાણેના કોલ મોકલવા જોઈએ જેથી ખોટો વાહન ખર્ચો થાય નહીં.

(૩) આદિવાસીઓ દૂર દૂરના વિસ્તારમાં રહેતા હોવાથી તેમજ આજે ઘણા વિસ્તારોમાં સંદેશાવ્યવહારની પૂરતી સગવડતા ન હોવાના કારણે ઈન્ટરવ્યુ કોલ સમયસર મળતા નથી. આથી ઈન્ટરવ્યુની તારીખના દસેક દિવસ અગાઉ જાણ કરવી જોઈએ.

(૪) આદિવાસી ઉમેદવારોને રોજગારી કચેરી પર ઈન્ટરવ્યુ માટે અથવા લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવે ત્યારે વાહનભાડુ આપવાની જોગવાઈ કરવી જોઈએ.

(૫) આદિવાસી ઉમેદવારો માટેના પૂર્વ તાલીમ કેન્દ્રો સામાન્ય રીતે મોટા શહેરોમાં ગોઠવવામાં આવે છે, જે તેમને આર્થિક રીતે પોષાતુ નથી, આથી પૂર્વ તાલીમ કેન્દ્રો તાલુકા મથક પર અથવા અમુક તાલુકાના મુખ્ય નામ પર ગોઠવવાં જોઈએ જેથી વધુ સંખ્યામાં આદિવાસી યુવાનો લાભ લઈ શકે.

(૬) આજે પણ ઘણીવાર અનામત જગ્યાઓ પર ભરતી કરવાની હોય છે તેમ છતાં એક યા બીજા બહાના હેઠળ આવી જગ્યાઓ ભરવામાં આવતી નથી; અને અનામત જગ્યાઓ પર બિનઅનામત

ઉમેદવારોની પસંદગી થાય છે. આમ સરકારે બંધારણમાં આપેલ બાંહેધરી મુજબ અનુસૂચિત જનજાતિની બેઠકો માટેની લાયકાત હોવા છતાં જુદા જુદા ખાતાઓમાં ભરાતી ન હોય તો તેની વખતો વખત ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરવી અને કાયદાકીય પગલાં લેવાં જોઈએ.

(૭) આદિવાસી ઉમેદવારોની ભરતી કરતી વખતે તેજસ્વી આદિવાસી ઉમેદવારોની ભરતી અનામત જગ્યા પર કરવાને બદલે સીધેસીધી કરવી જોઈએ.

(૮) પ્રસ્તુત અભ્યાસ પરથી આદિવાસી બેરોજગાર યુવાનોની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે ઘેર ઘેર વ્યક્તિગત આજે પણ છાપુ મંગાવી શકતા નથી તેમજ કેન્દ્ર સરકાર સંચાલિત સમાચાર પત્રિકા પણ સમયસર જોઈ શકતા નથી. આથી આદિવાસી વિસ્તારમાં જે ગામોમાં પુસ્તકાલય હોય ત્યાં અથવા યુવકમંડળ કે મહિલા મંડળ હોય તો તેમને વિનામૂલ્યે આ પ્રકારના રોજગાર સમાચાર પત્રિકાઓ મોકલી આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) સરકારી, અર્ધસરકારી, અનુદાન મેળવી ચાલતી સંસ્થાઓ અને મ્યુનિસિપાલીટી વગેરેમાં ભરતી કરતી વખતે ફરજીયાત ધોરણે રોજગાર કચેરીઓમાંથી જે તે લાયકાત ધરાવતા બેરોજગાર ઉમેદવારનાં નામો મંગાવીને તેમાંથી જ ભરતી કરવી જોઈએ.

(૧૦) યુવા બેરોજગારોએ અભ્યાસમાં એક બાબત ધ્યાને દોરી છે કે લગભગ સ્નાતક, અનુસ્નાતક, તાલીમી સ્નાતકોને બેરોજગારોને એમ લાગે છે કે "ફક્ત નામ નોંધાવવા ખાતર નોંધાવીએ તેનાથી કોઈ નોકરી મળવાની નથી" આ પ્રકારનો યુવાનોમાં અસંતોષ શા માટે છે ? રાજ્ય સરકાર આટઆટલો ખર્ચ કરતી હોવા છતાં બેરોજગારોને તે શા માટે વિશ્વાસ મેળવી શકતી નથી, તે માટે ક્યાં ખામી છે તે શોધી નાખવું જોઈએ અને તે માટે જરૂરી તપાસ કરી યોગ્ય ફેરફારો આદરવા જોઈએ.

(૧૧) મોટાભાગના યુવા બેરોજગારો એમ માનતા થયા છે કે દરેક જગ્યાએ ભરતીમાં ભ્રષ્ટાચાર ચાલે છે, તેનાથી બેરોજગાર ઉમેદવારો ઈન્ટરવ્યુ વખતે ખૂબજ આકુળ-વ્યાકુળ રહે છે. તેની માનસિક અસર ખૂબજ વિપરીત પડે છે.

આ પરિસ્થિતિમાં સાચી સ્થિતિ જાણી જો તેમ થતુ હોય તો તેને રોકવાના પ્રયાસો કરવા જોઈએ, અને જો ન થતુ હોય તો સાચી સ્થિતિનું બેરોજગારોને દર્શન કરાવવું જોઈએ.

(૧૨) કેટલાક બેરોજગાર યુવકોને એવા પ્રકારના ઈન્ટરવ્યુ કોલ મળે છે કે માગ્યા પ્રમાણેની લાયકાત ધરાવતા હોય તો મુલાકાતમાં હાજર રહેવું એમ આ પ્રકારનો વહીવટ યોગ્ય નથી.

(૧૩) બેરોજગારીની કારમી તિવ્રતાને ધ્યાને લઈ જેઓ ઉચ્ચ લાયકાત ધરાવતા હોય અને લાંબા સમયથી નામ નોંધણી કરાવી હોય તેઓને બેરોજગારી ભથ્થુ આપવા માટે વિચારવું જોઈએ.

(૧૪) દક્ષિણ ગુજરાતના આદિવાસી યુવા બેરોજગાર અનુસ્નાતકોનું કહેવું એવુ પણ હતુ કે તેઓને ખાનગી પેઢીઓ, ટ્રસ્ટો કે સંસ્થાઓમાં નોકરી રાખવામાં આવતા નથી.

(૧૫) એક પ્રતિભાવ એવો પણ હતો કે લેખિત પરીક્ષાને થોડી અઘરી બનાવી અમુક નોકરીઓની નિમણુંકમાં મૌખિક પરીક્ષા રદ કરી દેવી જોઈએ.

(૧૬) એક બેરોજગાર યુવકે જણાવ્યું કે જે તે કચેરી કે સંસ્થા જે તે જગ્યાએ ભરતી કરવા નામો મંગાવે પરંતુ પછી તે નામોવાળાને ઈન્ટરવ્યુમાંજ બોલાવતા નથી પરંતુ જો તેઓને જે માણસ લેવાનો હશે તેનુ નામ યાદીમાં હશે તો બધાને ઈન્ટરવ્યુમાં બોલાવી ઈન્ટરવ્યુનુ નાટક કરી જે માણસને લેવાનો હોય તેને જ પસંદ કરે છે.

(૧૭) યુવા બેરોજગારો જણાવે છે કે સરકારે એવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ કે રાજય સરકારે સરકારી, અર્ધસરકારી, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, પંચાયત અને મ્યુનિસિપાલીટી, સ્વૈચ્છિક સંસ્થાઓ અને જયાં જયાં અનામત જગ્યાઓ ભરવાની થતી હોય ત્યાં બધેજ કેટલીક અનામત જગ્યાઓ ભરવાની થાય છે તે દર વર્ષે જાણી અલગજ અનુસૂચિત જનજાતિની અનામત જગ્યાઓ ભરવા માટેના આયોગની રચના કરવી જોઈએ કે જેથી કરીને અનામત નિતીનુ જે યોગ્ય અમલીકરણ થતુ નથી તે રોકી શકાય.

(૧૮) તાલીમ તથા અનુસ્નાતક યુવા શિક્ષિત બેરોજગારો માટે શિબિરનું આયોજન કરવું જોઈએ. તેમાં તેઓએ મૌખિક મુલાકાત કેવી રીતે આપવી તથા લેખિત પરીક્ષાની કેવી રીતે તૈયાર કરવી તે અંગે માર્ગદર્શન આપવું જોઈએ.

(૧૯) કેટલાક દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થતી રોજગાર સંબંધી જાહેરાતોમાં જે રીતેની વ્યવસ્થિત ચાલબાજી થાય છે તે અંગેની પણ વાત જાણવા મળી હતી કે "જાહેરાત આપવામાં આવે તેમાં જગ્યા અનામત છે." લખે, ક્યારેક એમ પણ છાપે કે "અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ માટે જગ્યા અનામત છે. આમાં કોઈ સ્પષ્ટતા હોતી નથી.

આથી આવી જગ્યાઓ માટેની જાહેરાત આપવાનો એક નિશ્ચિત નમૂનો નક્કી કરવો જોઈએ અને તેજ પ્રમાણે સ્પષ્ટ જાહેરાત છપાય તેવો પ્રબંધ થવો જોઈએ.

(૨૦) એક વાત એ પણ ધ્યાને આવી છે કે આ અભ્યાસના ઉત્તરદાતાઓમાંના ઘણાએ તો પાંચ વર્ષથી માંડી બાર વર્ષ સુધી નામ નોંધાવ્યાને થયા છે તેમ છતાં તેઓને એક પણ ઈન્ટરવ્યુ રોજગાર કચેરી મારફત મળ્યા નથી તેમ જણાવે છે, આ પ્રકારનો તેઓ રોજગાર કેન્દ્ર પર આક્રોશ ઠાલવે છે.

(૨૧) યુવા બેરોજગારોએ અનામત જગ્યાઓ ભરાતી નથી તેની ઘણીજ ફરિયાદો છે. આ માટે જુદા

જુદા ખાતાઓમાં જયાં જયાં અનામત જગ્યાઓ ન ભરાવા અંગેની ફરિયાદ આવે ત્યાં તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરી કસુરવારને સામે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

(૨૨) અભ્યાસના કેટલાક માહિતીદાતાઓનો અભિપ્રાય એવો હતો કે માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં મોટાપાયા પર ભ્રષ્ટાચાર ચાલે છે. આથી શિક્ષકોની ભરતીનું કામ સરકાર દ્વારા જ થાય તે માટેનો પ્રબંધ વિચારવો જોઈએ.

(૨૩) જે વ્યવસાય કે નોકરીને લાયકાતવાળા માણસો જોઈતા હોય તેવાજ બેરોજગાર ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવા જોઈએ.

(૨૪) સહકારી ખેતીને પ્રોત્સાહન આપવાની ખાસ જરૂર છે. યાંત્રિક ખેતીના બદલે સહકારી ખેતી બેકારી નિવારણમાં વધારે મદદરૂપ બનશે.

(૨૫) વિશાળ પાયાના ઉદ્યોગને બદલે લઘુઉદ્યોગને મહત્વ આપવું જોઈએ.

(૨૬) વ્યવસાયી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે તો બેકારીનું નિવારણ કરી શકાય. બિનકુશળ કારીગરોને તાલીમ આપવાની જરૂર છે.

(૨૭) વિકાસ નીતિમાં ગ્રામ્યવિસ્તારોના વિકાસને મહત્વ મળવું જોઈએ.

(૨૮) નિકાસ ઉદ્યોગના વિકાસને ઉત્તેજન આપવું જોઈએ.

(૨૯) સમાજસુરક્ષાની વિવિધ યોજનાઓનો અમલ કરવો જોઈએ.

(૩૦) બેરોજગારીનું જો કોઈ સમાધાન હોય તો ઉદ્યોગમાં વધુ ને વધુ શિક્ષિતોને રોજગારી મળેતેવા ક્ષેત્રોનો વિકાસ કરવાનો છે. આના માટે જરૂરી તાલીમ અને નાણાંકીય સહાયતા સંસ્થાને પ્રદાન કરવી જોઈએ.

આ રીતે જોતાં જણાય છે કે બેકારી એ એક ગંભીર સમસ્યા છે. સરકાર દ્વારા અનેકવિધ પ્રયત્નો કરવા છતાં પણ આ સમસ્યાનું નિવારણ થયુ નથી, પરંતુ વૃદ્ધિ થઈ છે. કોઈપણ દેશની પ્રગતિ માટે એ જરૂરી છે કે લોકો ઉત્પાદનકાર્યમાં સાથ સહકાર આપે અને જીવનપર્યંત રોજગારીની તકો પ્રાપ્ત થાય. સરકારી યોજનાઓ આદર્શરૂપે નહીં પણ વાસ્તવિકરૂપે આધારિત બને તેવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કાર્યાન્વિત કરવા જોઈએ. અત્યાર સુધીનો અનુભવ એ બતાવે છે કે કેટલીક સારી સારી યોજનાઓ બનાવવામાં આવી છે પરંતુ એના અસરકારક અમલીકરણ પર જોઈએ તેવો ભાર મૂકવામાં આવ્યો નથી અને ટાંચા નાણાંકીય સંશાધનોના કારણે નિષ્ફળ ગઈ છે કારણકે સંકલનનો અને આયોજનનો અભાવે છે. બેરોજગારીનો પ્રશ્ન અતિવિકટ છે તેના ઉકેલ માટેના કાર્યક્રમો માટે સરકારે પુરતી જોગવાઈ કરી નથી. આ કાર્યક્રમોનો લક્ષ્યાંક સિધ્ધ કરવામાં અને તેમાં રહેલી ખામીઓ દૂર કરવામાં આવે તથા તેને માટે પર્યાપ્ત નાણાંકીય જોગવાઈ કરવામાં આવે તો બેકારીની સમસ્યા થોડીક હળવી બની શકે.

# 'રાજ્યમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિના બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા' મૂલ્યાંકન અભ્યાસ

નિરંજના એન. પટેલ

કમિશનરશ્રી આદિજાતિવિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા 'રાજ્યમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિના બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા' યોજનાનું અમલીકરણ અને તેનો મૂલ્યાંકન અભ્યાસ તૈયાર કરવાનું આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સૂચવ્યું હતું.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના સર્વાંગીણ વિકાસ માટે અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે. આજના ઝડપથી વિકસતા વિજ્ઞાનયુગની રફતારમાં આદિવાસી પ્રજાની પોતાની આગવી ઓળખ ભૂંસાઈ ન જાય તથા તેઓનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ સરકારની અનેકવિધ યોજનાઓ દ્વારા (સર્વાંગી વિકાસ) વેગીલો થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ આદિજાતિના બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ જાગે, નાનપણથી જ સારાં સંસ્કારોનું સિંચન થાય અને શિક્ષણમાં અભિરૂચિ જાગે તે ઉદ્દેશથી ૩ થી ૬ વર્ષના બાળકો માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે બાલવાડી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આદિજાતિનાં લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમનાં બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રાખતા, શિક્ષણ આપવા પ્રોત્સાહીત થાય તે હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનના ધોરણે બાલવાડીઓ ચલાવવાની જવાબદારી આપી છે.

બાલવાડી યોજના જૂના મુંબઈ રાજ્યનાં લેબર એન્ડ સોસ્યલ વેલ્ફેર વિભાગના તા.૯-૧-૧૯૫૯નાં ઠરાવ ક્રમાંક : બીસી/ડબલ્યુ/૧૦૫૯ઈથી અમલમાં મુકવામાં આવેલ છે.

બાલવાડી યોજનાનું અમલીકરણ રાજ્યસ્તરે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ મારફતે તથા જિલ્લા કક્ષાએ તકેદારી/સમાજકલ્યાણ અધિકારીશ્રી (આ.વિ.) દ્વારા કરવામાં આવે છે.

આ યોજના હેઠળ બાલવાડીમાં આવતાં બાળકોને આપવામાં આવતી કેળવણી તરફ કેવું લક્ષ અપાય છે? આદિજાતિ વિસ્તારનાં બાળકોને બાલવાડીનું વાતાવરણ અનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેમજ જે તે આદિવાસી વિસ્તારમાં બાલવાડી યોજના ફળીભૂત થઈ છે કે કેમ ? તે જાણવા, સમજવા માટે તેમજ ભવિષ્યમાં આ યોજના અન્વયે કેવા ફેરફારોની આવશ્યકતા છે તે રાજ્ય સરકારની સૂચનાથી બાલવાડી યોજનાનું મૂલ્યાંકન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**અભ્યાસનો ઉદ્દેશ :**

આદિજાતિ વિસ્તારના બાળકોના સંવર્ધન પોષણ, દેખરેખ, સંભાળ તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે તાલીમ આપવાના હેતુથી બાલવાડીના પ્રયોગ હાથ ધર્યો છે.

આજનો બાળક એ આવતીકાલનો નાગરિક છે. દેશ માટે ઉત્તમ નાગરિકો તૈયાર કરવા હોય તો આવતીકાલની આપણી આશા બાળકો છે. બાળકનાં જીવનનાં પ્રથમ ૬ વર્ષમાં તેની આંતરિક શક્તિનો વિકાસ થાય છે. તાલીમ પામેલ શિક્ષિકાએ બાળકની કુદરતી શક્તિ બહાર લાવવા તંદુરસ્તી, સ્વચ્છતા, માનસિક અને શારીરિક વિકાસ થાય તે માટે ખાસ ધ્યાન આપવું જોઈએ. બાળપણથી જ તેમનો યોગ્ય વિકાસ થાય અને સારા સંસ્કાર મળે તેવું શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ પધ્ધતિઓની સરખામણીમાં બુનિયાદી કેળવણીનું મૂલ્ય ઊંચુ આંકી શકાય એ સ્વાભાવિક છે અને તેમાંય બાળપણ એ વ્યક્તિનાં જીવનનો પાયાનો મહત્વનો તબક્કો છે. એ માટે પૂર્વબુનિયાદી શિક્ષણ ઘણું મહત્વનું છે. બાલવાડીઓમાં પૂર્વબુનિયાદી કેળવણીના મૂલ્યો જળવાઈ રહે એ માટે સારી અને ટ્રેઈન થયેલ બાળશિક્ષિકાઓની જરૂર છે. બાલવાડીમાં બાળકનું ચારિત્ર્ય, ઘડતર તેમજ જીવન ઉપયોગી શિક્ષણ આપવાનું હોય છે. અગાઉ જણાવ્યા મુજબ બાળકોના નાનપણથી જ સારા સંસ્કારો અને શિક્ષણ તરફ અભિરૂચી જાગે તે હેતુસર સરકારશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત બાલવાડી ચલાવવામાં આવે છે. જેમાં બાળકોને આપવામાં આવતી કેળવણી દ્વારા કેટલીક મહત્વલક્ષી યોજનાનો અભ્યાસ કરવો જરૂરી જણાય છે. આ યોજના ચાલુ થયાને લગભગ-૪૬ વર્ષ થયા છે. ત્યારે અનુસૂચિત જનજાતિના બાળકો માટે આદિવાસી સમાજ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે બાલવાડી (યોજના) ચલાવી રહ્યા છે તે સૌને ખ્યાલમાં રાખી આ અભ્યાસ કરવો જરૂરી છે. યોજનામાં કોઈ ખામી કે મુશ્કેલી હોય તો તેમાં સુધારા-વધારા કરી વધુ લાભાર્થીમુખ (વધુ સંખ્યામાં બાળકો પૂર્વપ્રાથમિક શિક્ષણનો લાભ લે) બને તે માટે કેવા પ્રયત્નો કરવા જોઈએ તે હાલના તબક્કે ખાસ જાણવું જરૂરી છે. આ ઉપરાંત કેટલાક મહતવના ઉદ્દેશો ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવાનું વિચાર્યું છે.

(૧) ગુજરાત રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુસૂચિત જનજાતિની બાલવાડીમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ પધ્ધતિનો ઉદ્‌ભવ, વિકાસ, ગુણવત્તા અને પ્રવર્તમાન સ્થિતિનો અભ્યાસ કરવો.

(૨) બાલવાડી સાથે સંકળાયેલ સંસ્થાનું માળખું, વ્યવસ્થાપનતંત્ર, ભૌતિક સગવડો અને શિક્ષણની ગુણવત્તાની સુધારણાનાં સંદર્ભમાં સંચાલકો, બાલવાડીની શિક્ષિકા અને તેડાગર બહેનો તેમજ બાલવાડી સાથે સંકળાયેલ અન્ય કાર્યકરો વિશે સંલગ્નિત બાબતોની જાણકારી મેળવવી.

(૩) આદિવાસી સમાજની સામાજીક, આર્થિક, શૈક્ષણિક, તેમજ સાંસ્કૃતિક બાબતોને ખ્યાલમાં રાખી બાલવાડીઓની વિશિષ્ટતાઓ, મર્યાદાઓ, ઉપસ્થિત થતાં પ્રશ્નો તેમજ ખાસ ધ્યાનમાં રાખવા

જેવી બાબતોનો અભ્યાસ કરી બાલવાડીઓના શૈક્ષણિક તેમજ સંલગ્નિત કાર્યક્રમોમાં જરૂરી સુધારા તેમજ પુર્નરચના કરવા આવશ્યક ફેરફારો સૂચવવા.

(૪) જે તે આદિવાસી વિસ્તારની બાલવાડીની સ્થાનિક સમાજ પર થયેલી સામાજીક અને શૈક્ષણિક અસરોનો અભ્યાસ કરવો.

(૫) જે વિસ્તારમાં બાલવાડી ચલાવવાની હોય તે વિસ્તાર તેમજ આજુબાજુનાં સ્થળનું વાતાવરણ આરોગ્યપ્રદ છે કે કેમ ? તે તપાસવું.

(૬) બાલવાડીમાં કેટલી ઉંમરના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે ? તેની માહિતી મેળવવી.

(૭) બાલવાડીમાં આવનાર બાળકોને આવવા-જવાની સુવિધા રહે તે માટે ઘરની નજીકના વિસ્તારમાં બાલવાડી છે કે કેમ ? તે તપાસવું.

(૮) બાલવાડીમાં આવનાર બાળકોનો મુખ્યત્વે શારિરીક, સામાજીક, ભાષાકીય તેમજ જ્ઞાનલક્ષી વિકાસ થાય છે કે નહિ? તેની જાણકારી મેળવવી.

(૯) આદિવાસી બાળકોમાં જે સર્જનશક્તિ છે તેને પ્રોત્સાહિત કરી નૈસર્ગિક સ્વરૂપે, સ્થાનિક માધ્યમો દ્વારા સુંદર કલાકૃતિનું સર્જન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે કે કેમ ? તેની માહિતી મેળવવી.

(૧૦) આદિવાસી સમાજની બાલવાડીઓમાં સંખ્યાત્મક વધારા કરતાં ગુણાત્મક વધારો થાય છે ? તે તપાસવું.

(૧૧) બાલવાડીમાં આવતા બાળકોને આપવામાં આવતી રચનાત્મક, સર્જનાત્મક તેમજ રમત-ગમતની તાલીમ તેમનાં સ્થાનિક વાતાવરણને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે કે કેમ ? તે તપાસવું.

(૧૨) બાલવાડીમાં બાળકોના સ્વાસ્થ્ય, પોષણ અંગે દેખરેખ તેમજ આરામ કરવાની સુવિધા મળી રહે છે કે કેમ ? તે જોવું.

(૧૩) બાલવાડીમાં પાયાની સુવિધાઓ, શૈક્ષણિક તેમજ અન્ય ભૌતિક સુવિધાઓ છે કે નહિ તે તપાસવું.

(૧૪) બાલવાડી સંચાલિકા તેમજ તેડાગર બહેનની શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ તેમનો બાળકો પ્રત્યેનો વ્યવહાર કેવો છે ? તેની માહિતી મેળવવી.

(૧૫) બાલવાડીમાં બાળકો માટે પ્રાથમિક સારવાર (આરોગ્ય માટે) ઉપલબ્ધ છે કે નહિ તેની જાણકારી મેળવવી.

(૧૬) બાલવાડી ચલાવવા માંગતી સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે બાલવાડી યોગ્ય હવા-ઉજાસવાળા મકાનની સુવિધા છે કે કેમ ? તે તપાસવું.

આમ (અનુસૂચિ જનજાતિનાં બાળકો માટે ચાલતી) બાલવાડીનાં મૂલ્યાંકન અભ્યાસનો હેતુ આદિવાસી સમાજનાં બાળકો તેનો લાભ મેળવે છે કે કેમ ? તે જાણવાનો અને સાથો સાથ બાલવાડીની સંચાલન વ્યવસ્થા તેમજ કામગીરી બાળકો માટે વિકાસલક્ષી છે કે કેમ ? તે તપાસવાનો છે.

**વિસ્તાર પસંદગી :**

'રાજ્યમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા' (મૂલ્યાંકન અભ્યાસ માટે) અંતર્ગત આદિવાસી વસતિ ધરાવતા સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ/દાહોદ, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, જામનગર, કચ્છ, ખેડા, ભરૂચ/નર્મદા, સુરત, ડાંગ, વલસાડ, નવસારી, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ, ભાવનગર વગેરે જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતમાં આદિવાસીઓ રાજ્યની પૂર્વ સરહદ પર આવેલ ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલા છે. જે સમગ્ર વિસ્તારને આદિવાસી પટ્ટી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતના પૂર્વપટ્ટીના આદિવાસી પ્રદેશને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવે છે. (૧) ઉત્તર (૨) મધ્ય અને (૩) દક્ષિણ એમ ત્રણ વિભાગો પૈકી ઉત્તર વિભાગમાં બનાસકાંઠા અને સાબરકાંઠા, મધ્ય વિભાગમાં પંચમહાલ/દાહોદ, ગોધરા, વડોદરા, ભરૂચ, નાંદોદ (નર્મદા) તેમજ દક્ષિણ વિભાગમાં સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે.

બાલવાડી યોજનાનાં મૂલ્યાંકન અભ્યાસ માટે ગુજરાત રાજ્યનાં આદિવાસી વસતિ ધરાવતા ઉત્તર મધ્ય અને દક્ષિણ વિભાગ તેમજ છૂટાછવાયા રહેતા સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખી સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ/દાહોદ, રાજપીપળા/નાંદોદ (નર્મદા) અને સુરત જિલ્લાની બાલવાડીઓની પસંદગી કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસ માટે ઉપરોક્ત દર્શાવેલ જિલ્લામાંથી અનુક્રમે ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મેઘરજ, ગાંધીનગર, અમદાવાદ, મહેમદાવાદ, દાહોદ, ઝાલોદ, લીમખેડા, નાંદોદ, દેડીયાપાડા, સાગબારા, ચોર્યાસી, સોનગઢ, વ્યારા, માંડવી તેમજ બારડોલી વગેરે તાલુકાઓના કુલ ૪૫ ગામોની બાલવાડીઓને આવરી લેવામાં આવી હતી. કુલ બાલવાડીઓ પૈકી ૧૧૧૭ જેટલા આદિવાસી બાળકો પૂર્વપ્રાથમિક શિક્ષણનો લાભ મેળવી રહ્યા હતા. જેમાં ૫૮૨ કન્યાઓ અને ૫૩૫ કુમારોની સંખ્યા જોવા મળી હતી.

અભ્યાસ માટે પસંદ કરેલ બાલવાડીઓની પ્રત્યક્ષ મુલાકાત ગોઠવી (બાલવાડીઓના) બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ આપતી સંચાલિકા બહેનો સાથે અભ્યાસ સંબંધિત અગાઉ દર્શાવેલ મુખ્ય ઉદ્દેશોને ધ્યાનમાં રાખી બાલવાડીમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી તેમજ યોજનાકીય દરેક બાબતો અભ્યાસમાં આવરી લેવામાં આવી હતી.

**અભ્યાસની પ્રવિધિઓ :**

અભ્યાસ માટે ગુજરાત રાજયનાં સમગ્ર આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, દાહોદ, નાંદોદ અને સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારની બાલવાડીઓની મુલાકાત ગોઠવી અભ્યાસ સંબંધિત વિગતો મેળવવા વિવિધ સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરી 'બાલવાડી યોજના' અંતર્ગત માહિતી એકત્ર કરી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં યોજનાકીય મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખી પ્રત્યક્ષ કાર્યથી તૈયાર કરવામાં આવેલ અનુસૂચિનાં ઉપયોગથી રૂબરૂ મુલાકાત ગોઠવી જરૂરી વિગતો મેળવી હતી. તેમજ નિરીક્ષણ દ્વારા અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને મળતી શૈક્ષણિક સુવિધાઓ અને અભ્યાસ સંલગ્નિત માહિતી મેળવી હતી. યોજના અંગે બાલવાડીની સંચાલિકાઓના મંતવ્યો જાણી અભ્યાસના આધારે જે તારણો અને સૂચનો છે તે અહીં રજૂ કર્યા છે.

**અભ્યાસનાં તારણો :**

રાજયમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા માટે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ/દાહોદ, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, જામનગર, ખેડા, ભરૂચ/(નર્મદા) નાંદોદ, સુરત, ડાંગ, વલસાડ, નવસારી, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ, ભાવનગર વગેરે જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાત રાજયના સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખી ઉત્તર વિભાગમાંથી સાબરકાંઠા, મધ્ય વિભાગમાંથી પંચમહાલ/દાહોદ, (રાજપીપળા) નાંદોદ,અને દક્ષિણ વિભાગમાંથી સુરત તેમજ તેની સરખામણીમાં જયાં આદિવાસીની વસતિ ઓછી હતી તેવા જિલ્લાઓમાં ગાંધીનગર, અમદાવાદ તેમજ ખેડા જિલ્લાના આદિવાસી વિસ્તારની બાલવાડીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

અભ્યાસ દરમ્યાન પ્રાપ્ત કરેલ માહિતીનાં આધારે ફલિત થયેલાં મહત્વનાં તારણો અહીં મૂક્યા છે.

(૧) અભ્યાસમાં આવરેલ કુલ ૪૫ બાલવાડીઓમાં (કુલ) ૧૧૧૭ બાળકો પૈકી ૫૮૨ (૫૨.૧૦ ટકા) કન્યાઓ અને ૫૩૫ (૪૭.૯૦ ટકા) કુમારો હતા. જે તમામ બાળકો ૩ થી ૬ વર્ષની વયજૂથ ધરાવતા હતા.

(૨) અભ્યાસમાં પસંદ કરેલ કુલ બાલવાડીઓમાંથી મોટાભાગની ૪૧ (૯૧.૧૧ ટકા) બાલવાડીઓનો સમય સોમવાર થી શુક્રવાર સુધી ૧૨.૦૦ થી ૪.૦૦ (બપોર)નો અને શનિવારે ૮.૦૦ થી ૧૧.૦૦ (સવારનો) હતો. ૩ (૬.૬૭ ટકા) બાલવાડીઓનો સોમવાર થી શુક્રવાર સુધી ૧૧.૦૦

થી ૨.૦૦નો અને શનિવારે ૮.૦૦ થી ૧૧.૦૦ સવારનો હતો. જ્યારે માત્ર ૧ (૨.૨૨ ટકા) જ બાલવાડીનો સમય દરરોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦નો જોવા મળ્યો હતો.

(૩) અભ્યાસ હેઠળની બાલવાડીઓ પૈકી મોટાભાગની ૪૧ (૯૧.૧૧ ટકા) બાલવાડીઓ ભાડાનાં મકાનમાં ચાલતી હતી. ૩ (૬.૬૭ ટકા) બાલવાડી સંસ્થાની માલિકીનાં મકાનમાં અને માત્ર ૧(૨.૨૨ ટકા) બાલવાડીનું મકાન સરકારી હસ્તકનું જોવા મળ્યું હતું.

(૪) અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓ પૈકી ૪૦ (૮૮.૮૯ ટકા) બાલવાડીઓમાં પીવાનું પાણી માટલાં કે કોઠીમાં ભરતા હતા. ૪ (૮.૮૯ ટકા) બાલવાડીઓમાં પીવાના પાણી માટે હેન્ડપંપનો ઉપયોગ કરતા જ્યારે ૧ (૨.૨૨ ટકા) બાલવાડીમાં પીવાનું પાણી ભરવા માટે સીમેન્ટની ટાંકીની સગવડ જોવા મળી હતી.

(૫) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાં પીવાના પાણીને શુધ્ધ કરવા મોટાભાગે પરંપરાગત ગળણાંનો ઉપયોગ ૪૩ (૯૫.૫૬ ટકા) બાલવાડીઓમાં થતો હતો. જ્યારે ૨ (૪.૪૪ ટકા) બાલવાડીઓમાં પાણી શુધ્ધીકરણની કોઈ વ્યવસ્થા ન હતી.

(૬) અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓ પૈકી મોટાભાગની ૩૬ (૮૦.૦૦ ટકા) બાલવાડીઓમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ હતી, જ્યારે ૯ (૨૦.૦૦ ટકા) બાલવાડીમાં આ સુવિધા ઉપલબ્ધ ન હતી.

(૭) અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓનાં મકાનમાં વિવિધ સુવિધાઓનાં સંદર્ભે કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૯ બાલવાડીઓમાં બારી-બારણાની (હવા-ઉજાસ આવે તેવા) સુવિધા, જોવા મળી હતી. અને ૧૪ બાલવાડીઓમાં મુતરડીની સુવિધા, ૭ બાલવાડીઓમાં જાજરૂની સુવિધા બાલવાડીઓનાં મકાનમાં જોવા મળી હતી. આ ઉપરાંત ૧૮ બાલવાડીઓમાં આગળનાં ભાગમાં માત્ર થોડી ખુલ્લી જગા બાળકોને રમવા માટે હતી.

(૮) અભ્યાસમાં પસંદ કરેલ બાલવાડીઓમાં બાળકોનાં આરોગ્ય અંગેની સુવિધાઓનાં સંદર્ભે કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૪૧ બાલવાડીઓમાં આરોગ્ય તપાસ થાય છે. ૭ બાલવાડીઓમાં ફસ્ટએડ બોક્ષની સુવિધાઓ અને ૮ બાલવાડીઓમાં પ્રાથમિક સારવાર અર્થે આનુષાંગિક દવાઓની સુવિધાઓ હતી.

(૯) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને અપાતા નાસ્તાનાં સંદર્ભે મહત્તમ (મોટાભાગની) બાલવાડીઓમાં ફક્ત કોરો નાસ્તો આપવામાં આવતો હતો. કુલ બાલવાડીઓમાંથી ૪૦ બાલવાડીઓમાં બાળકોને સેવમમરાનો નાસ્તો, ૩૫ બાલવાડીઓમાં સીંગ, ૩૪ બાલવાડીઓમાં મીક્ષ ચવાણું, ૩૨ બાલવાડીઓમાં ચણા અને ૩૧ બાલવાડીઓમાં બાળકોને બિસ્કીટનો નાસ્તો આપવામાં આવતો હતો.

ન્યૂનતમ બાલવાડીઓમાં બાળકોને ફળ, બાફેલા મગ, ઓરા (શેકેલી મગફળી), બટાકાપૌંઆ, મસાલાવાળી પુરી, બુંદી જેવો નાસ્તો ક્યારેક જ આપવામાં આવતો હતો.

(૧૦) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાંથી ૮ (૧૭.૭૮ ટકા) બાલવાડીનાં બાળકો અધવચ્ચે છોડી જતાં રહે છે. તેનાં કારણોમાં બાલવાડીનું વાતાવરણ અનુકુળ ન આવતા, અન્ય બાળકોની સાથે સમાયોજનનાં અભાવને કારણે, માંદગીને કારણે તેમજ સ્થળાંતર વગેરે કારણોસર બાળકો (બાલવાડીછોડી) અધવચ્ચે જતાં રહે છે. જયારે મોટાભાગની ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીમાં અધવચ્ચે છોડી બાળકો જતા નથી.

(૧૧) અભ્યાસમાં આવરેલ કેટલીક બાલવાડીઓમાં બાળકોને રૂચિ મુજબ શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક, સમુહજીવન, શારિરીક વિકાસ, બૌધ્ધિક વિકાસ તેમજ ભાષા વિકાસ વગેરે પ્રવૃત્તિઓ કરાવતા હતા.

(૧૨) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાંથી ૧૩ (૨૮.૮૯ ટકા) બાલવાડીઓનાં બાળકોને એક દિવસનાં પ્રવાસે લઈ જવામાં આવતા હતા. જયારે ૩૨ (૭૧.૧૧ ટકા) બાલવાડીઓમાં બાળકો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું ન હતું.

(૧૩) અભ્યાસમાં આવરેલ કેટલીક બાલવાડીઓમાં જે તે આદિવાસી જિલ્લાના તકેદારી અધિકારીશ્રી, મદદનીશ સમાજકલ્યાણ અધિકારીશ્રી, ખાતાકીય વડા અથવા કર્મચારી તેમજ બાલવાડીના સંચાલકશ્રી નિરીક્ષણ માટે આવતા હતા.

(૧૪) અભ્યાસ હેઠળની બાલવાડી ચલાવનાર કુલ ૪૫ સંસ્થાઓમાં ૧૬ (૩૫.૫૬ ટકા) સંસ્થાઓને અનુદાનની રકમ સમયસર મળે છે. જયારે ૨૯ (૬૪.૪૪ ટકા) સંસ્થાઓને આ રકમ સમયસર મળતી નહતી.

(૧૫) અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓમાં ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓને બાળકોનાં વાલીઓનો સહકાર મળે છે, જયારે ૮(૧૭.૭૮ ટકા) બાલવાડીઓને બાળકોનાં વાલીઓનો સહકાર મળતો નથી.

(૧૬) આદિવાસી વિસ્તારમાં ચાલતી અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની આદિવાસી સમાજ પર પડતી વિવિધ અસરોનાં સંદર્ભે જોતા સારી અને માઠી બંને પ્રકારની અસરો જોવા મળી હતી. બાલવાડીમાં બાળકોને સારુ શિક્ષણ અને સંસ્કાર મળે, રમત-ગમત દ્વારા આનંદ મળે, બાળકોમાં સમુહ ભાવના કેળવાય વગેરે બાબતોથી તેઓ સંતુષ્ટ હતાં.જયારે બાલવાડીનાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણની અપૂરતી સુવિધાઓને કારણે તેઓ અસંતુષ્ટ હતાં.

(૧૭) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને પ્રાર્થના, બાળવાર્તા, બાળગીતો, ચાર્ટ દ્વારા શબ્દજ્ઞાન, અક્ષરજ્ઞાન, ફળ-ફૂલોની ઓળખ વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી.

(૧૮) અભ્યાસમાં પસંદ કરેલ બાલવાડીઓની સંચાલિકા બહેનોના જણાવ્યા અનુસાર (બાલવાડીમાં આવતા) બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ માટે બાલવાડીમાં ચલાવવામાં આવતી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં બાળકની રૂચિ તેમજ જીજ્ઞાસા વૃત્તિને ખાસ ધ્યાનમાં રાખવા આવે છે.

(૧૯) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓની મોટાભાગની સંચાલિકા બહેનાના તેઓને મળતો પગાર ઓછો અને અનિયમિત મળવાની ફરિયાદ કરતા હતા.

(૨૦) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં ઉદ્ભવતી સમસ્યાઓ તેમજ પ્રશ્નો બાલવાડી સંચાલિા બહેનોનાં જણાવ્યા અનુસાર સંસ્થાનાં સંચાલકોના સહયોગ દ્વારા હલ કરવાનો પ્રયત્ન કરતા હતા.

**અભ્યાસ આધારિત સૂચનો :**

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ અંગે પ્રાપ્ત કરેલ માહિતીનાં આધારે તેમજ સંબંધિત કર્મચારીઓ તેમજ પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ સાથેની ચર્ચા અને અભ્યાસ દરમિયાનના નિરીક્ષણ આધારે કેટલાક સૂચનો આદિવાસી વિસ્તારની બાલવાડીઓનાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણને અસરકારક બનાવવા મદદરૂપ બનશે.

**બાલવાડીની સામાન્ય બાબતો અંગે સૂચનો :**

(૧) સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકોએ આદિજાતિ વિસ્તારનાં બાળકોને આપતા બાળશિક્ષણનાં કાર્યક્રમને સફળ બનાવવા બાલવાડીની સંચાલન વ્યવસ્થા સક્રિય કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

(૨) આદિવાસી વિસ્તારોની બાલવાડીઓમાં સંખ્યાત્મક વધારાની સાથે ગુણાત્મક સુધારો થાય તેવી કાર્યવાહી કરવી જોઈએ.

(૩) બાળકલ્યાણનાં હેતુથી શરૂ થયેલ સરકારનાં અનુદાન હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓની તકલીફોને સરકારે સમજવી જોઈએ અને તે અંગે જાગૃત ટ્રસ્ટોને (સંસ્થાઓને) પ્રોત્સાહન આપવું જોઈએ.

(૪) જે વિસ્તારમાં બાળકોની સંખ્યા વધારે હોય તે વિસ્તારમાં એક જ બાલવાડી હોય તો ત્યાં બાળકોનાં પ્રવેશના ઘસારાને નજર સમક્ષ રાખી જરૂરિયાત મુજબ બાલવાડીની સગવડ ઉભી કરવી જોઈએ.

(૫) પ્રત્યેક બાલવાડીમાં ઓછામાં ઓછી બે સંચાલિકા બહેનો હોય તો એક સંચાલિકાની સંજોગોવસાત (કારણોસર) રજા દરમ્યાન બાલવાડીમાં બાળકોને અપાતા શિક્ષણની કામગીરીને અસર ન થાય.

(૬) રાજયની કેટલીક બાલવાડીઓમાં શૈક્ષણિક કાર્યનો સમય બપોરનો હોવાથી મજૂરીએ જતાં બાળકોનાં વાલીઓ પોતાનાં બાળકોને બાલવાડીમાં ન મોકલતા તેમની સાથે મજૂરીનાં સ્થળે (તેમની નજર સમક્ષ રહે તે માટે) લઈ જાય છે. જેથી બાળકનો શૈક્ષણિક વિકાસ થતો અટકે છે. તો જે તે વિસ્તારની પરિસ્થિતિ ખ્યાલમાં રાખી બાલવાડીના સમયમાં ફેરફાર કરવા ઈચ્છવા યોગ્ય છે.

**શૈક્ષણિક કાર્યક્રમ અંગેનાં સૂચનો :**

(૧) બાલવાડીનાં બાળકોમાં સમૂહભાવના અને સહકારની ભાવના કેળવાય તે માટે બાલવાડીમાં નિયમિતપણે સમૂહ પ્રાર્થના થાય તે ઈચ્છનીય છે.

(૨) અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં શૈક્ષણિક સુવિધાઓનો અભાવ છે. તો રાજ્યની તમામ બાલવાડીઓમાં બાળકોનાં શૈક્ષણિક વિકાસ માટે શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

(૩) આદિવાસી બાળકો તેમના સ્થાનિક વાતાવરણમાં પોતાની પરંપરા મુજબ જે રમતો રમે છે તે રમતોમાં તેમને વધુ રસ હોય છે અને તેમાં તે નિપુણ હોય છે. એ ધ્યાનમાં રાખી શિક્ષણ સાથે રમત-ગમતની જોગવાઈ કરવી જોઈએ અને તે મુજબની તાલીમ આપવી જોઈએ.

(૪) આદિવાસી બાળકોમાં જે કુદરતી સર્જન શક્તિ પડેલી છે તેને પ્રોત્સાહિત કરવી જોઈએ અને તેને તેનાં નૈસર્ગિક સ્વરૂપે રજૂ કરવાની તક પૂરી પાડવી જોઈએ. બાળકો પોતાના સ્થાનિક માધ્યમો દ્વારા જે સુંદર કલાકૃતિનું સર્જન કરે છે તેને પ્રોત્સાહન આપવું જોઈએ.

(૫) બાલવાડી ચલાવતી સંસ્થાઓએ બાળકોને આપવામાં આવતો નાસ્તો પૌષ્ટિક તેમજ પૂરતો અપાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવું તાકીદે જરૂરી છે.

(૬) બાલવાડીનાં કાર્યકરો અસરકારક રીતે કામ કરે તે માટે તેમને પૂરતી સુવિધાઓ આપવી જોઈએ.

(૭) બાલવાડીને મળવાપાત્ર અનુદાનની રકમ જરૂરિયાતના સમયે તેમજ પૂરતી રકમ કોઈપણ મુશ્કેલી વગર અપાય તે અંગે સરકારશ્રીએ જે તે વિભાગનું ધ્યાન દોરવું જોઈએ.

(૮) બાલવાડીમાં આવતા આદિવાસી સમાજનાં બાળકો માટે બાલવાડી નજીકનાં ફળિયામાં હોય તે સાનુકુળ છે. કારણ તે વિસ્તારમાં હરતા-ફરતા, માતા-પિતા પોતાના બાળકને જોઈ શકે અને બાળકને પણ બાલવાડીમાં હોવા છતાં પોતાની માતાને જોવાથી તેમ માનસિક હૂંફ રહ્યા કરે.

(૯) બાલવાડીમાં લાંબા સમયથી કામ કરતી સંચાલિકા બહેનથી બાળકો આત્મીય રીતે જોડાયા હોય છે. પરંતુ તેની જગ્યાએ બદલી થવાથી નવી સંચાલિકા બહેન મુકવામાં આવે તો તે બાલવાડીનાં

બાળકો જલ્દીથી સ્વીકારતા નથી અને માનસિક રીતે અસ્વસ્થ રહેતા હોય છે. તો તે પરિસ્થિતિમાં બાળકોનો વિકાસ અટકે નહીં તેનું ધ્યાન આપવું જરૂરી છે.

(૧૦) અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં (જાજરૂ-મુતરડીની વ્યવસ્થા) પાયાની સુવિધાઓ પૂરતી ન હોય તેવું લાગ્યું. તો દરેક બાલવાડીમાં આ વ્યવસ્થા આવશ્યક હોઈ તે વ્યવસ્થા તાકીદે ઊભી કરવી જરૂરી છે.

(૧૧) બાલવાડીનું તેમજ તેની આજુબાજુનું વાતાવરણ સ્વચ્છ અને આરોગ્યપ્રદ રહે તે માટે સંસ્થાના સંચાલકોએ જાગૃતતા કેળવવી જરૂરી છે.

(૧૨) આદિવાસી વિસ્તારમાં ચાલતી બાલવાડીઓમાં આવતા આદિવાસી સમાજનાં બાળકોના યોગ્ય વિકાસ માટે તેમની ભાષામાં શિક્ષણ અપાય તે જરૂરી છે.

(૧૩) બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકો માટે આદર્શ-સંચાલિકાઓની અને તેડાગર બહેનો હોય તે અપેક્ષિત છે.

(૧૪) આદિવાસી વિસ્તારની બાલવાડી એ આદિવાસી સમાજનાં બાળકોની જ છે. એવી ભાવના ગ્રામજનોમાં દ્રઢ થવી જોઈએ.

આમ અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની બાલવાડીઓ જે જંગલ-પહાડી જેવા આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં છે તે આદિવાસી તેમજ અર્ધ-સામાજિક રીતે પછાત વિસ્તારનાં બાળકો માટે આશીર્વાદરૂપ હોઈ તેમના વિકાસ માટે સનિષ્ઠ, સર્વગ્રાહી પ્રયત્નો સમાજ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવે તે જરૂરી અને અનિવાર્ય છે.

# ગુજરાતની એક ચર્ચીત અનુસૂચિત જનજાતિ - હળપતિ-તલાવિયા

સારદોહન : ચંદ્રકાન્ત એસ. પટેલ

ભારતની વસતિના કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય કારણોસર બાકીની પ્રજાતી સરખામણીમાં ઘણાં પાછળ રહી જવા પામ્યાં છે. તેજ રીતે ગુજરાતમાં પણ કેટલાય જૂથો વિકાસિત સમાજ કરતાં પાછળ રહી જવા પામ્યા છે. આદિમ સમૂદાયોમાં સમાવિષ્ટ એવા ઘણા જૂથો કોઈને કોઈ કારણોસર પછાત રહી જવા પામ્યા છે. અનુસૂચિત જનજાતિમાં હળપતિ આદિવાસી જાતિ પણ પાછળ રહી ગયેલું, મહદ્અંશે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વસેલુ, પાંચ લાખથી વધુ વસતિ ધરાવતું એક જૂથ છે. તે ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ અને વડોદરા જિલ્લાઓના મેદાની વિસ્તારોમાં સવર્ણ જાતિઓ વચ્ચે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો અને કસબાઓમાં વસે છે. તેમના વિશે બહુ ઓછું લેખિત સાહિત્ય છે. પરંતુ તેમની આર્થિક કંગાળ પરિસ્થિતિ (હાળીપ્રથા)ને કારણે ઘણીવાર ચર્ચાઓમાં જરૂર રહી છે. ૧૯૯૧ની ગણતરી મુજબ ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં ૮.૮૭ની વસતિ સાથે વસતિ સંખ્યાએ બીજા ક્રમે છે. હળપતિ-તલાવિયાઓ કોણ છે, તેમની સ્થિતિ શું છે, તેમણી કેવીક સમસ્યાઓ છે. તેના તારણો, ઉકેલો શું છે, તેનો આ અભ્યાસ.

**અભ્યાસના હેતુ અને મહત્વ :**

(૧) હળપતિ જાતિની સામાજિક, આર્થિક તેમજ તેના વિવિધ પાસાંઓ (શિક્ષણ, ધર્મ, રાજકીય-જાતિપંચ, આરોગ્ય) અંગેની સ્થિતિ, તેનું માળખું કેવું છે તે જાણવા.

(૨) તેની વિકસીત-અણવિકસીત પરિસ્થિતિ તેમજ આયોજિત-બિન આયોજિત પરિબળો દ્વારા તેમના જોવા મળતું આંતર-બાહ્ય પરિવર્તન જાણવા.

(૩) જાતિની કૌટુંબિક માહિતી- તેનું જીવનધોરણ વગેરે સમજવા.

(૪) તેના રહેઠાણ અંગેની સ્થિતિનો ચિતાર મેળવવા અને તેની મુશ્કેલીઓ, ઉકેલો મેળવવા.

(૫) તેમની પરંપરાગત ગરીબી, કંગાળિતતા, હાળીપ્રથાથી થતુ તેમનું શોષણ વગેરે સ્થિતિ, તેમાં જોવા મળતું પરિવર્તન.

(૬) તેમના વિકાસની મંદગતિ, વિકાસની આડે આવતા પરિબળો, વિકાસ માટેના સૂચનો જાણવા.

(૭) તેના વિકાસ માટેનું આયોજન, સૂચનો,શક્ય ઉકેલો મેળવવા.

**સંશોધન પ્રવિધિઓ :**

વિષય અનુસંધાને વસવાટી તેમજ તેમની સામાન્ય કૌટુંબિક માહિતીના એકત્રિકરણ માટે હળપતિ-

તલવિયા જાતિ જે વિસ્તારોમાં વસવાટ કરે છે તે અને મહદ્અંશે વસવાટી સુવિધાવાળા કુટુંબોને પસંદ કરાયા હતા. આ કુટુંબોની માહિતી મેળવવા માટે કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધનની માહિતી માટે સંખ્યાધિક પાસાંઓની સાથે ગુણાત્મક પાસાંઓને મહત્વ આપવામાં આવ્યું હતું. તેની સાથે સંલગ્ન આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક માહિતી એકત્રિત કરવા માટે જુદી જુદી પ્રવિધિઓ ઉપયોગમાં લેવાઈ હતી. જેમાં નિરીક્ષણથી કેટલીક માહિતી ભેગી કરાઈ હતી. કેટલીક માહિતી મુલાકાત લઈને કેટલીક વ્યક્તિઓ પાસેથી મેળવી હતી. કેટલાક કુટુંબોની રૂબરૂ જાત મુલાકાત લઈને કૌટુંબિક તેમજ ભૌતિક સાધન સામગ્રીની વિગતો મેળવી હતી. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય કરાયું હતું.

કેટલીક માહિતી સંલગ્ન હોય તે ગ્રંથાલયની સહાયથી પ્રાપ્ત કરી હતી.

વિકાસના સૂચનો માટેની વિગતો હળપતિ સમાજમાંથી તેમના આગેવાનો, શિક્ષિત અનુભવી વ્યક્તિઓ અને લાગતા વળગતા અધિકારીગણ પાસેથી મેળવી પ્રસ્તુત કરી છે. ક્ષેત્રકાર્ય દ્વારા જોવા, જાણવા મળ્યું તે પરથી તેમની મુશ્કેલીઓ, સમસ્યાઓ અને તેના ઉપાયો પણ રાખ્યા છે. વિકાસના સૂચનો કેટલાક અંગત અનુભવના આધારે પણ મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

**વિસ્તાર અને કુટુંબ પસંદગી :**

હળપતિ-તલાવિયા દક્ષિણ ગુજરાતની એક મહત્વની વધુ વસતિ સંખ્યા ધરાવતી ચર્ચાયેલી, જાણીતી અને આગવી ભાત ધરાવતી અનુસૂચિત જનજાતિ છે. તેની મોટાભાગની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને સુરત જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, પલસાણા, ઓલપાડ, વાલોડ, મહુવા, માંડવી વગેરે તાલુકાઓમાં વસેલી છે. વલસાડ જિલ્લાના વલસાડ, ચીખલી, પારડી, ઉંમરગામ, ધરમપુર તાલુકાઓમાં અને નવસારી જિલ્લાના નવસારી, ગણદેવી તાલુકાઓમાં વસેલી છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, વાગરા, આમોદ, જંબુસર તાલુકાઓમાં થોડીઘણી વસે છે. વડોદરા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં આચ્છી વસતિ વસે છે. સુરત જિલ્લામાં ૪૪.૭૨ ટકા જેટલી સૌથી વધુ વસતિ તેઓની છે. એ પછી વલસાડ-નવસારી જિલ્લામાં ૪૧.૧૦ ટકા જેટલી વસતિ વસે છે. દક્ષિણ ગુજરાતના આ વિસ્તારોમાં હળપતિ-તલાવિયા જાતિની વસતિ સૌથી વધુ પ્રમાણમાં પથરાયેલી છે.

તપાસ માટે એટલે જ તો આ વિસ્તારોને પસંદ કરીને તેમાંથી તેમની વસતિ ધરાવતા ચાર વિસ્તારો સુરત, ભરૂચ, વલસાડ અને નવસારી જિલ્લાના ૧૬ તાલુકાઓના કુલ ૧૭ ગામોના કુલ ૧૧૦ જેટલા લાભાર્થી કુટુંબોને આવરીલેવાયા હતા. ઉપરોક્ત તપાસ વિસ્તારમાંથી સુરત જિલ્લાના છ તાલુકાઓમાંથી માંડવી તાલુકાના એરઠમાંથી ૫ લાભાર્થી કુટુંબો, બારડોલી તાલુકાના વાંકાનેરમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, વાલોડ તાલુકાના વાલોડમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, ઓલપાડ તાલુકાના સાયણમાંથી ૫ લાભાર્થી કુટુંબો, ચોર્યાસી તાલુકાના કોસાડમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો, કામરેજ તાલુકાના ઉભેળમાંથી ૧૦ લાભાર્થી કુટુંબો મળીને કુલ ૫૦ જેટલા લાભાર્થી કુટુંબોને આવરી લઈ તપાસ માટે મુલાકાત લીધી હતી. એ રીતે

ભરૂચ જિલ્લાના છ તાલુકાઓમાંથી વાગરા તાલુકાના વછનાદમાંથી ૪ કુટુંબો, આમોદ તાલુકાના સરભાણમાંથી બે કુટુંબો, જંબુસર તાલુકાના મગણાદમાંથી ૪ કુટુંબો, ભરૂચ તાલુકાના ત્રાલસીમાંથી ૪ કુટુંબો, અંકલેશ્વર તાલુકાના સજોદમાંથી બે ૨ કુટુંબો, હાંસોટ તાલુકાના શેરામાંથી ૪ કુટુંબને લાભાર્થી હોય તપાસ માટે મુલાકાત લીધી હતી. વલસાડ જિલ્લાના બે તાલુકાઓમાંથી વલસાડ તાલુકાના ફણસવાડામાંથી ૧૦ કુટુંબો, ધરમપુર તાલુકાના ધરમપુરમાંથી ૬ કુટુંબો અને તે જ તાલુકાના સેંગવામાંથી ૪ લાભાર્થી કુટુંબોને તપાસ માટે આવરી લીધા હતા. નવસારી જિલ્લાના બે તાલુકાઓમાંથી નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલીમાંથી ૧૦ કુટુંબો, ચીખલી તાલુકાના ઘેજ માંથી ૧૦ લાભાર્થી કુટુંબોને તપાસ માટે આવરી લેવાયા હતા.

**હળપતિઓ ઐતિહાસિક, ભૌતિક :**

ગુજરાત રાજયના જુદા જુદા ઓગણીસ જિલ્લાઓમાં આદિવાસી હળપતિ-તલાવિયા જાતિનીવસતિ આવેલી છે. તેમની કુલ વસતિ ૧૯૯૧ પ્રમાણે ૫,૪૬,૫૬૭ની એટલે કુલ આદિવાસી વસતિના ૮.૮૭ ટકાની છે. તેમની મોટાભાગની વસતિ સુરત ૪૪.૭૨ ટકા, વલસાડ ૪૧.૧૦ ટકા, ભરૂચ ૧૦.૨૬ ટકા અને વડોદરા ૩.૬૦ ટકાના વિસ્તારોમાં છે. તેમની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં ૮૩.૦૬ ટકા જેટલા મોટા પ્રમાણમાં વસે છે. માત્ર ૧૬.૯૪ ટકા વસતિ જ શહેરી વિસ્તારોમાં વસે છે.

હળપતિ જાતિ આઝાદી બાદ પ્રચલિત બનેલો શબ્દ છે. તેઓમાં તલાવિયા, રાઠોડ વગેરે નામો લેખ્ય વાળી અટકો છે. આઝાદી પહેલાં તેઓ દુબળા તરીકે પ્રચલિત હતા. પી.જી. શાહના પુસ્તક ગુજરાતના દૂબળાઓમાં દૂબળા શબ્દનો અર્થ દુર્બલ, શરીરે નબળા અને એ શબ્દથી એમ સૂચવાય છે કે લોકો ગરીબાઈ અને ગુલામીથી દબાયેલા છે. ડૉ. રાધા કૃષ્ણ રાવના મત મુજબ "દૂબળાઓ" બીજા લોકો કરતાં નબળા નથી. સંસ્કૃતમાં "દુર્બળ" શબ્દનો અર્થ નબળો કે માય કાંગલો છે. અત્યારે આ જાતિને હળપતિ-તલાવિયાના માનવાચક શબ્દથી સ્વીકારાય છે.

તલાવિયા શબ્દ સંદર્ભે પી.જી. શાહ પોતાના પુસ્તક "ગુજરાતના દૂબળાઓ" ૧૯૬૬માં આ જાતિના મૂળ વિશે આપેલી કેટલીક દંતકથાઓમાં પાન નં.૯ ઉપર ત્રીજી(૩) કિવદંતીમાં કેટલાક દૂબળાઓ તલાવિયા રાઠોડ તરીકે કેમ ઓળખાયા તે દર્શાવ્યું છે કે પરશુરામે પૃથ્વી નક્ષત્ર કરવા માંડી ત્યારે રાઠોડ-ક્ષત્રિયોની આ જાતિએ એનાથી બચવા એક યુક્તિ અજમાવી. એક દિવસ રાઠોડ લોકો એમના નાયક સાથે તળાવને કાંઠે બેઠા હતા. એવામાં પરશુરામ એમની ફરસી હાથમાં લઈ ત્યાં આવી પહોચ્યા. એમને લાગ્યું કે હવે આપણું આવી બન્યું. પરશુરામે જયારે પુછયુ કે તમે કોણ છો ? ત્યારે નાયકે જવાબ આપ્યો કે અમે રાઠોડ નથી તલાવિયા છીએ અને આ તળાવને કાંઠે રહીએ છીએ. ત્યારથી તેઓ તળાવિયા ઉર્ફે તલાવી રાઠોડ કહેવાયા. આ દંતકથા તેમને રજપૂત ઠરાવે છે. બીજું તલાવિયા તેમની જાતિમાં સૌથી ઉંચા છે એમ દર્શાવે છે.

આ જાતિના બીજા બે અભિપ્રાય છે કે તે આળસુ હોવા છતાં ભરોસાપાત્ર હોય છે.

**હળપતિઓનું વતન :**

હળપતિઓ દરિયા માર્ગે આવ્યા હોવા જોઈએ. એવું અનુમાન એ ઉપરથી થાય કે તેઓના દિવાસાના તહેવારના રીતરિવાજો અને માન્યતાઓ જ તેમને દરિયાપારના હશે એમ બતાવે છે. તેઓ ઢીંગલા-ઢીંગલીને પરણાવી નદીમાં મૂકી દરિયા પારના સાસરે વળાવે છે. તે પરથી તેમને દરિયાપારના દેશ સાથે સંબંધ હશે એમ થાય છે.

તેમની રક્ત પરીક્ષા પરથી તેઓ નીગ્રોના લોહી સાથે સંબંધ ધરાવે છે. તેથી તેઓ બીજા દેશના વતની હશે એમ પણ કેટલાક વિદ્વાનો માને છે.

**હળપતિઓની પેટા જાતિઓ :**

હળપતિઓમાં અનેક પેટા જાતિઓ જોવા મળે છે. આ પેટાજાતિઓમાં લાલા, વલસાડિયા, બારનિયા, ચોરિયા, દમણી, હારવિયા, ઈસરિયા, ખારચા, ખોડિયા ઉર્ફે સરાવિયા, સિપરિયા, તલાવિયા, ઉખટિયા, ઉમરિયા, વસાવા ઉર્ફે વસાવડા અને વહોરા આ બધામાં તળાવિયા, વહોટિયા અને ખારચા સૌથી મહત્વના ગણાય છે. તેઓમાંના ઘણા ખરા પોતાનામાં રાજપૂત લોહી હોવાનો દાવો કરે છે. એ બધામાંના મોટા ભાગના તળાવિયા રાઠોડ તરીકે કહેવાડાવે છે. તેમનામાં બીજો ભેદ ચોખલિયા અને વટોળિયા એવો છે. ચોખલિયા એટલે ચોખ્ખા. તેઓ હિંદુ ખેડૂતો સાથે રહે છે અને વટોલિયા એટલે વટલાયેલા. તેઓ પારસીઓ અને મુસલમાનોને ઘેર હાળી તરીકે રહે છે.

**હળપતિ/હાળીઓનો ઈતિહાસ :**

દક્ષિણ ગુજરાતનો ઈતિહાસ સુરત શહેરના ઈતિહાસ સાથે જ મુખ્યતઃ જોડાયેલો છે. ઈ.સ.૧૫૭૩માં અકબરે સુરત જીત્યુ તે વખતથી પોર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ કોઠીઓ અહી સ્થપાવા માંડી હતી. સુરતના અંદરના ગામડામાં સુરતના હાકેમોની સત્તા પહોંચતી ન હતી. જમીન મહેસુલ ઉઘરાવવા માટે સ્થાનિક વગદાર લોકોની નિમણૂક કરવામાં આવતી. આ લોકો દેસાઈ કહેવાતા (તેઓ ઘણે ભાગે અનાવિલ જ્ઞાતિના હતા.) સુરતમાં જમીન મહેસુલનો ઠરાવેલો ભાગ પહોંચાડવા પૂરતા જ આ લોકો તે કેન્દ્ર સત્તાને માનતા. બાકી એલોકો સ્વતંત્ર જ હતા. એમના પાસે પોતાની માલિકીની જમીન પણ ઘણી થઈ ગઈ હતી. એ લોકો ઘણા હાળીઓ રાખતા એવા અભિલેખિય પુરાવા મળે છે.

આગળ યાન બ્રેમન પોતાના પુસ્તક પેટોનેજ એન્ડ એકસપ્લોઈટેશન સમાશ્રય અને શોષણ ૧૯૭૪માં સુરતની આસપાસ હાકેમો/દેસાઈઓ ઘણા હાળીઓ રાખતા. એવા અભિલેખીય પુરાવા છે એમ બતાવી આગળ હળપતિઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ માટે તેમને ઈ.સ. ૧૮૬૪માં મુંબઈ થી સુરતની રેલ્વે ચાલુ થઈ ત્યારે દૂબળાઓ પણ કલ્યાણના ઈંટવાડામાં કે વસઈ તરફ મીઠાના અગરોમાં જતા થયા. ખેતીના

મુખ્ય પાકો શેરડી, કપાસના વેપારો સ્થાનિક વેપારીઓના હાથમાં રહ્યા. લોકોની આર્થિક સ્થિતિ બીજા વિશ્વયુધ્ધ સુધી નબળી રહી. ત્યારે પછી જ વેપાર ઉદ્યોગ અને ખેતીમાં વિકાસ થયો. સુરત, નવસારી, બીલીમોરા, વલસાડ જેવા શહેરોમાં નાના મોટા ઉદ્યોગ સ્થપાયા. દૂબળાઓને ત્યાં કામ મળવા લાગ્યું. આમ તે વખતે હળપતિઓનો ભૌગોલિક,ઐતિહાસિક ઈતિહાસ દૂબળા શબ્દ સંદર્ભે તેમને બતાવ્યો છે.

**ભૌતિક સંસ્કૃતિ અને સાધનો :**

હળપતિ, તલાવિયા જાતિમાં તેમની વિધિઓ, પ્રથાઓ, આચારો વગેરેમાં પરિવર્તનની ધીમી પણ સતત ચાલતી પ્રક્રિયા છે. તેમના સામાજિક રચનાતંત્રમાં આજે કોઈ સીધુ પરિવર્તન આવેલું દેખાતું નથી. હળપતિ-તલાવિયા જાતિમાં અનેકવિધ આંતર-બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની પ્રક્રિયા વિશેષ થતી જોવા મળે છે. શિક્ષણની વધતી જતી સુવિધાઓ, જુદા જુદા ધર્મોની પ્રવૃત્તિઓ, પંચાયત રાજની પ્રવૃત્તિઓ, શહેરીકરણની સાથે સાથે નવા નવા ઉદ્યોગોની ઔદ્યોગિકરણની અસરો, નવીનતમ ટેકનોલોજીની અસરો, રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ તેમના વિકાસ કાર્યક્રમો, સિંચાઈ યોજનાઓ, જુદા જુદા જાતિ સમૂદાયોની અસરોએ તેમનામાં પરિવર્તન લાવવા માટેનો મહત્વનો ભાગ ભજવ્યો છે. આ ધીમા છતાં મક્કમ ગતિના પરિબળોએ જે પરિવર્તન આણ્યું છે. જેને તેમનામાં ચેતના અને જાગૃતિ લાવવાનું ખૂબ જ મહત્વનું કામ કર્યું છે. આ નવીન પરિબળો દ્વારા પરિવર્તન સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઈ છે. સવર્ણ સમૂદાયો સાથે મહદ્અંશે વસતી હોવા છતાં અને ૫૦ વર્ષ આદિવાસી જાતિઓ માટે તેમના વિકાસ માટેવિકાસ યોજનાઓ ખાસ કરીને હોવા છતાં હળપતિ-તલાવિયા જાતિ આર્થિક, શૈક્ષણિક રીતે હજી ઘણી જગ્યાએ પાછળ જોવા મળે છે.

આગળ જોયુ તેમ હળપતિ-તલાવિયા જાતિમાં અનેકવિધ જુદા જુદા પરિબળો દ્વારા ક્યાંક ધીમી મંદતગિએ પરિવર્તનની પ્રક્રિયા સતત જોઈ જશકાય છે. તેમાં ધ્યાન ખેંચે તેવુ પરિવર્તન તો શિક્ષણની પ્રક્રિયાઓ તો શહેરી વસવાટ કે ક્યાંક શહેરીકરણની ઔદ્યોગિક અસરોએ, ક્યાંક રાજય સરકારની ગૃહનિર્માણની કે પશુપાલનની યોજનાઓએ તો ક્યાંક સવર્ણ સમૂદાયોની અસરોથી થયેલું છે. હળપતિ-તલાવિયાઓમાં પરિવર્તનની પ્રક્રિયા એક સરખી નથી. જેવો વિકસીત સમાજથી નજીક છે તેમનામાં અને દૂર છે તેમનામાં વધારે કે ઓછું પરિવર્તન છે. જેવો શિક્ષિત છે તેમનામાં અને સિંચાઈવાળા વિસ્તારોમાં ભૌતિક સાધનો તેઓમાં વિશેષ પણે જોવા મળે છે. એટલે તેમનામાં સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં પણ અંતર છે.

હળપતિ-તલાવિયા જાતિના આ અભ્યાસમાં આવરી લીધેલા ગામોમાંથી ભૌતિક સંપદા જાણવા મળી હતી તે નીચે મુજબ છે.

**ઘર-રહેઠાણ :**

કોઈ પણ જાતિ સમૂદાયમાં પરિવર્તન આવે છે, ત્યારે તે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં વિશેષ ઝડપથી આવે છે. હળપતિ-તલાવિયાઓના ઘર સામાનય રીતે કાચા અને એક માળના ઝૂંપડા

હોય છે. માટીની દિવાલોવાળા, ઘાસના છાજવાળા કે નળિયા-પતરાંની છાજવાળા હોય છે. તેમાં પરિવર્તન આવતાં કંઈક અંશે જેવો શિક્ષણને કારણે કે એ સિવાય નાની નોકરીમાં જોડાયા છે. તેઓના અને રાજય સરકાર દ્વારા આયોજિત વસાહતી ઘરો ધરાવે છે. તેવાના ઘરો વ્યવસ્થિત, સ્વચ્છ, દેશી વિલાયતી નળિયાવાળા કે સિમેન્ટના પતરાવાળા, ઈંટોની દિવાલવાળા એકાદ બે બારી કે બારણાવાળા કંઈક અંશે હવાઉજાસવાળા અને કવચિત વધુ સારી આર્થિક સ્થિતિ કોઈ કોઈ કિસ્સાઓમાં હોય તો રાચરચીલાથી સજજ પાકા મકાનો પણ છે. તેમ છતાં સમગ્ર રીતે જોઈએ તો તેઓના ઘરો મહદ્અંશે માટીની દિવાલોવાળા, ઘાસ કે નળિયાથી છાજેલા તદન કાચા સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઘરો છૂટાછવાયા ઝૂમખામાં, ક્યાંક હરોળમાં તો ક્યાંક ઉંચી નીચી જગ્યાએ વાંકાચૂકા બાંધેલા ગામની બહાર ખરાબામાં વસેલા જોવા મળે છે. ઘર માટેની જગ્યા પણ બહુ પહોળી કેલાંબી પણ ભાગ્યે જોવા મળે છે. મોટાભાગના ઘરોમાં જગ્યાના અભાવે સંકડાશ અનુભવાયતી જોવા મળે છે. ઝૂંપડામાં બે ખંડ પાડી દે છે. જેમાં અંદરના ભાગે મા-બાપ અને બહારના ભાગે છોકરાં સૂવે. જો એમની પાસે મરઘાં કે ઢોરઢાંખર હોય તો તેનો સમાવેશ પણ ઝૂપડાને એક ખૂણે કે બહાર કરે છે. સંકળાશને લીધે કોઈ મહેમાન આવી પડે તો સમાવવાનું ઘણું મુશ્કેલ બને છે.

હળપતિ-તલાવિયાના ઘરોનો કેટલાકને માત્ર એક જ બારણું જોવા મળે છે. કેટલાકને જગ્યા હોય તો આગળ પાછળ બારીબારણા જોવા પણ મળે છે. નવી વસાહતોમાં આગળ પાછળ બારણા અને જગ્યા હોય તો આગળ ઓસરી અને બાજુમાં ઢોરઢાંખર બાંધી રાખે છે. આગળ જગ્યા હોય તો માટીનો ઓટલો બંધાવી દે છે. ઘરના ખૂણાવાળી જગ્યાએ નાના ખેતીના સાધનો મૂકી રાખે છે. સાથે સાથે ઘરવખરીના સાધનો (ટોપલા-ટોપલી, ઘંટી, કપડાની પેટી, ચીમની-ફાણસ કે અન્ય) પણ ખૂણે મૂકી રાખે છે.

હળપતિ-તલાવિયાઓના રહેઠાણ ઘર જે જોવા મળે છે તેમાં (૧) ઝૂંપડા માટી અને ઘાસના છાજવાળા) (૨) કાચા ભીંતોના દેશી-વિલાયતી નળિયાવાળા (૩) પાકા મકાન જેમાં પતરા સીમેન્ટના, -વિલાયતી નળિયા કે ધાબુ ધરાવતા હોય. અભ્યાસ હેઠળના ઘરોની સ્થિતિ જોવા મળી હતી.

**ભાષા-બોલી :**

હળપતિ-તલાવિયાઓની કોઈ આગવી બોલી નથી. તેમજ લિપીબધ્ધ કરેલ ન હોઈ લેખિત સ્વરૂપે પણ તેમાં કોઈ પ્રકાશ પાડ્યો નથી. કોઈકે તેમનામાં જે કંઈ બોલી બોલાય છે તેના ઉપર માહિતી એકત્રિત કરી લેખિત મુકવું જોઈએ. જેથી તેમની તોછડી બોલી કે ભાષા વિશે કોઈ ઝાઝુ લેખિત સાહિત્યનથી તેમાં તેથી કંઈ તો પ્રકાશ પડશે.

હળપતિ-તલાવિયાઓની બોલીમાં સ્થાનીક તેમની સાથે વસતા વિવિધ જાતિ સમૂદાયો (દેસાઈઓ, પટેલો, કોળીઓ, મુસલમાનો, પારસીઓ અને આદિવાસી જાતિઓ)ની મહદ્અંશે દક્ષિણ ગુજરાતની તોછડી, ગાળ મિશ્રિત મીઠી બોલીની અસરો વર્તાય છે.

**પહેરવેશ :**

હળપતિ-તળાવિયા જાતિમાં પરંપરાગત રીતે પુરૂષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, ધોતિયુ, માથે ફાળિયુ કે રૂમાલ બાંધે છે. તેઓમાંના ઘણા ઉગાડા પગે હોય અથવા દેશી બનાવટના ચંપલ પહેરે છે. અભણ યુવાનો પેન્ટ કે લેંઘો, ખમીશ કે બુશર્ટ કે અર્ધી બાંયની ટીશર્ટ પહેરે છે. શિક્ષિત યુવાનો પેન્ટ કે જીન્સના સારા કપડાં પહેરે છે. ઘણા લૂંગી સાંજે પહેરે છે. સ્ત્રીઓ લાલ, પીળા, વાદળી લૂંગડા કે સાળી પહેરે છે. કામ વેળા કછોટો મારી માથે લૂંગડુ બાંધે છે. આજે રંગબેરંગી સાડીઓ પહેરવાનું પસંદ કરે છે. નાના બાળકો અર્ધનગ્ન ફરતા જોવા મળે છે. નિશાળ કે ઢોર ચરાવવા અથવા ખેતી કામે જાય ત્યારે ચડી- ખમીશ, ટીશર્ટ પહેરે છે. નાની છોકરીઓ ફ્રોક ચડીને બદલે અત્યારે ડ્રેસ પહેરતી જોવા મળે છે. જ્યાં શિક્ષણ પામેલા જોવા મળે છે ત્યાં પેન્ટ, બુશર્ટ, જર્સી બૂટ મોજા, ચંપલ પહેરે છે.

**ઘરેણાં :**

તેમનામાં પુરૂષ-સ્ત્રી બન્નેને ઘરેણાં પહેરવાનો શોખ છે. પુરૂષો ગળામાં કંઠી હાથમાં કડુ, આંગળીએ વીંટી પહેરે છે. સ્ત્રીઓ કાને એરિંગ, કલ્લા ગળામાં હાર કંઠી, ઘેર માદલિયુ, દર્શનિયું, નાકે જડ, હાથે આંગળે વીંટી, કલ્લાં, કેડે કંદોરો, પગમાં કડા, હાથે પ્લાસ્ટીક કાચની બંગળીઓ જેવા ઘરેણાં પહેરે છે. ઘરેણાં ચાંદી, સોના પહેરતા શક્તિ પ્રમાણે જોવા મળે છે. કેટલાક કાળી દોરી ગળે પહેરતા જોવા મળે છે. તેઓમાં છુંદણાં છુંદાવાનો રિવાજ નથી. જેઓ શિક્ષણ પામ્યા છે કે આર્થિક રીતે સધ્ધર છે તેઓમાં સોના-ચાંદીના ઘરેણાં વધુ પહેરતા થયા છે.

**ખોરાક-ખાનપાન :**

હળપતિ-તલાવિયાઓ પોતાના ખોરાકમાં જુવારનો રોટલા અથવા ભડકું ખાય છે. સાથે દાળ અને ભાત પણ તેમનો મુખ્ય ખોરાક છે. તેમનામાંના ઘણા ખરાને આર્થિક સ્થિતિને કારણે જુવારનો રોટલો અથવા ભડકા સિવાય બીજુ સારું ખાવાનું મળતું નથી. પોષણની રીતે જોઈએ તો તેમનો ખોરાક હલકો, ખામીવાળો છે. સાધન હોય તો કઠોળ, ચોખા, કંદમૂળ, ફળ અને માંસાહારમાં માંસ અને ઈંડા ખાઈ શકે છે. જો કે તેઓમાંના ઘણા આવો સારા ખોરાકથી વંચિત રહે છે. તેઓમાં માંસાહારમાં બકરા, સસલાનું માંસ ઉપરાંત મરઘી, ચકલી વગેરે પક્ષીઓનો પણ ઉપયોગ ખાવામાં કરે છે. આજે તેઓમાંના કેટલાક ગુજરાતની ઘણી વાનગીઓ અને ખવાતો ખોરાક બનાવતા થયા છે.

હળપતિઓમાં દારૂ-તાડી પીવાનું વ્યસન ઘર કરી ગયેલું જોવા મળે છે. છતાં પાછલા કેટલાક વર્ષોમાં દારૂ પીવાની ટેવ ઘણી ઓછી થઈ છે. જેઓ શિક્ષિત થયા છે કે કેટલીક સંસ્થાઓ કે કેન્દ્રોએ તેમને આ કુટેવમાંથી છોડાવ્યા છે. છતાં દરિયા કિનારે કે પ્રસંગોપાત દારૂ પીવાની તેમની ટેવ સદંતર છોડી શક્યા ન હોય તેમ જોવા મળે છે. આર્થિક સ્થિતિ તેમાં ઓટ આણી છે કે પીને છાટકા થવાની ટેવમાં સુધારો થયો છે. દારૂની ટેવ ઉપરાંત ચા કે ઉકાળો કાળો તેમના પીણાં છે. બીડી તમાકુનું વ્યસન તેમનામાં ખૂબ જ જોવા મળે છે.

# રીતરિવાજો

**જન્મ, નામકરણ :**

પ્રથમવાર ગર્ભ રહે ત્યારે પાંચમે કે સાતમે મહિને જુવાન સ્ત્રીઓ (એને સાસરે) ખોળો ભરવામાં આવે છે. સગર્ભા સ્ત્રીના ખોળામાં દોઢ શેર ઘઉં, સાત સોપારી, એક નાળિયેર વગેરે ભેટો ભરવામાં આવે છે. સીમંતિને નવી સાડી પણ અપાય છે. એનાં મા-બાપ પણ આવે છે અને વ્યવહાર કરે છે.

પ્રસુતિ માટે દાયણને બોલાવવી જરૂરી ગણાય છે. હળપતિ સ્ત્રીઓ પણ દાયણનું કામ કરે છે. પ્રસવ પીડાકારક હોય તો પેટ ફોડી માતાની બાધા રાખવામાં આવે છે. બાળકની નાળ છાપરાંની પાછળ દાટવામાં આવે છે. ત્યાં જ નવ રોજ સ્નાન કરે છે. છઠ્ઠીના દિવસે વિધાતાની પૂજા થાય છે. સુવાવડી માતા બારમે દિવસે સ્નાન કરે છે. અડત્રીસ દિવસ સુધી સૂતક પાળવામાં આવે છે. પછી સૂતક સ્નાન કરે છે. ત્યાર બાદ તે રસોઈ કરી શકે છે.

નામ પાડવા બ્રાહ્મણને બોલાવાતો નથી. કુટુંબના માણસો જ ખાસ કરીને બાળકની ફૂઈ નામ પસંદ કરે છે. જે વારે બાળક જન્મ્યું હોય તેના પરથી પણ નામ પડી શકે (સોમલો, બુધિયો વગેરે જેવા) બુરી અસર નિવારવા અનાકર્ષક નામ પણ પડાય (ભીખલી, ઉકડિયો વગેરે જેવા). હવે તો શાળા-આશ્રમશાળાઓમાં નવા નવા નામો અપાય છે. (અશોકકુમાર, લીલા વગેરે)

બાળક ત્રણ-ચાર વર્ષનું થાય ત્યારે તેની બાબરી ઉતારવામાં આવે છે. મોટા થતાં સુધીમાં બાળકો સારી એવી સ્વતંત્રતાથી ઉછરે છે. છોકરો ૧૮ વર્ષનો અને છોકરી ૧૫-૧૬ વર્ષની થાય ત્યારે તેમનામાં લગ્ન લાયકા ગણાય.

**લગ્ન :**

લગ્ન લગભગ ફરજિયાત 'દેહાઈ ને હળપતિ કંઈ કુવારા રેય હું ? એમ કહેવત છે. લગ્ન એમના પોતાના 'વીટા' (ગોળ કે એકડા)માં જ કરવાં પડે. વીટો એટલે અમુક ગામનો સમૂહ, જૂથ. છોકરા માટે કન્યા શોધવાનું કામ 'વસ્તારિયા' (મધ્યસ્થ) મારફતે થાય છે. છોકરાનો બનેવી, મામો, કન્યા શોધવામાં ખાસ પહેલ કરે છે. કન્યાવાળા છોકરાનું કુટુંબ જુએ, ધણિયામો જુએ, તે કામ કરે છે કે નહીં તે જુએ. તેનો સ્વભાવ પણ જુએ. કન્યામાં છોકરાવાળા કામઢામણું જુએ. કંઈ નક્કી થાય તો છોકરાનાં મા-બાપ કન્યા જોવા તેને ઘેર જાય છે અને થોડા દિવસ પછી છોકરો પણ જાય છે. છોકરો અને છોકરી આપસમાં પણ પરણવાનું નક્કી કરીને નાસી જાય છે. મા-બાપ પાછળથી સંમતિ આપીને લગ્ન કરે છે.

વિવાહની તારીખ નક્કી કરવાના દિવસે પહેલાં તાડી પીવાની (હવે ચા પીવાય છે) આ દિવસને નાની તાડી કહેવાય છે. ત્યાં વસ્તારિયા કન્યાના બાપ પાસે ઔપચારિક રીતે હા પડાવે છે. કે હવે અમે (નક્કી થયેલ તથા ત્યાં આવેલ પક્ષવાળા) છોકરા સાથે કન્યા પરણાવીશું. ત્યાર પછી પંચ દહેજ નક્કી કરે છે. દહેજ એટલે છોકરા પક્ષેથી છોકરી પક્ષને આપવાની રકમ રોકડ તથા બીજી ચીજો. તેમનામાં

કન્યા શુલ્કનો રિવાજ છે. આની અર્ધી રકમ નાની તાડીને દિવસે આપી દેવાય છે. કપડાં લેતાં કે ઘરેણાં મોટી તાડીને દિવસે અપાય છે. આ દિવસ નાની તાડી પછી છ એક મહિને આવે છે. તે દિવસે છોકરાપક્ષને જમાડવામાં અને ચા-પાણી કરાવવામાં આવે છે.

થોડા દિવસ પછી ધાણ ભરવામાં આવે છે. તે દિવસે વરપક્ષ કન્યાને ત્યાં એક ગુણ (ધાણ) ચોખા મોકલે છે અને બાકીનું (અર્ધું) દહેજ પણ આપી દેવાય છે. આ પ્રસંગે લગ્નની તિથિ પણ નક્કી થાય છે. લગ્ન મંડપ કન્યાને ઘેર લગ્નતિથિથી પાંચ દિવસ અગાઉ અને છોકરાને ઘેર ત્રણ દિવસ અગાઉ બાંધવામાં આવે છે. મંડપ આઠ થાંભલાનો બને છે, તેને વાંસડા વડે ઢાંકી દેવામાં આવે છે. વચ્ચે માટીની ચોરી બનાવાવમાં આવે છે. ધરમપુરમાં ચોરીને બદલે માંડવાની વચમાં એક થાંભલી રોપવામાં આવે છે. તેને મૂરતે બેરિયું કહે છે. મંડપ બંધાય તે દિવસ છોકરા-છોકરીને પીઠી ચોળવામાં આવે છે. પહેલાં ચોખા મૂકીને લગ્નમાં પધારવા નિમંત્રણ અપાતું. હવે કંકોતરી લખાય છે.

જાન છોકરાની જાય છે. વર, ધોતિયું, ખમીસ, કોટ, ટોપી (અથવા ફેંટો) અને હાર પહેરે છે. હાથમાં ફૂલની કલગી અને નાળિયેર હોય છે. એને હાથે બે મીંઢળ બાંધવામાં આવે છે. એમાંથી એક કન્યાને લગ્નવિધિ પછી બાંધી દેવાય છે. પછી તૂર અને વાજાં, ગીત અને નાચ સાથે જાન જાય છે.

લગ્નને દિવસે કન્યાને ઘેર સાંતેક થાય છે. પછી કન્યાને સ્નાન કરાવી એના મામાએ આપેલાં કપડાં પહેરાવે છે. વર કન્યાને બારણે એના બનેવીના ખભે બેસીને આવે છે. ત્યાં કન્યા માતા (એટલે એની સાસુ) એનું સ્વાગત કરે છે. જાનનું પણ સ્વાગત થાય છે.

હળપતિનો લગ્નવિધિ એમનો ગોર કરાવે છે. ગોરને ચોરીવાળાં કહે છે. વર અને કન્યાને ચોરીની પાસે સામ સામા પાટલે બેસાડવામાં આવે છે. બંનેની વચ્ચે અંતરપટ હોય છે. ચોરીવાળો વર બાંધેલ મીંઢળોમાંનું એક કન્યાને બાંધે છે અને ગંગા, ગોદાવરી, જમના વગેરે પવિત્ર નદિઓનાં તથા હિન્દુ દેવ-દેવીઓનાં નામ સાથે સાવધાન જેવો શબ્દો બોલે છે. ચોરીમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે.

ચોરીવાળો કન્યાની સાડીનો છેડો અને વરના ધોતીયાનો છેડો લઈ ગાંઠ વાળે છે. પછી કન્યા આગળ અને વર પાછળ એમ ચોરીમાં પ્રગટાવેલા અગ્નિની પ્રદક્ષિણા સાત વાર ફરે છે. પછી ભગત મંત્ર બોલે છે. ઢોલીમાં ઢોલ વગાડે છે અને લગ્ન પૂરાં થાય છે. પછી બધાં જમે છે.

જમણ બાદ કન્યાને સગાંવહાલાં ભેટ આપે છે, જેના ઉપર કન્યાનો હક્ક રહે છે. કન્યાને વળાવતી વખતે પણ ચાંલ્લાના રૂપિયા એનાં સગાંવહાલાં આપે છે. સાસરે જાય છે ત્યારે એનાં મા-બાપ એને શિખામણ આપે છે. ધરમપુરમાં પંચ સમક્ષ વરકન્યા એક બીજાને વફાદાર રહેવાના શપથ લે છે.

વર ઘર આવ્યા પછી ભરમદેવને પગે લાગવા નવદંપતી જાય છે. સાસરે બે ત્રણ દિવસ રહ્યા પછી એને વર જોડે પીયર તેડી જવામાં આવે છે. ત્યાં અઠવાડિયુએક રહ્યા પછી વર કન્યા વર ઘરે પાછાં આવે

છે. પછી મંડપ સફાઈ કરાય છે અને સામાન્ય જીવન શરૂ થાય છે.

હળપતિઓમાં છૂટાછેડા આપી શકાય છે. ફરિયાદી પુરૂષ હોય કે સ્ત્રી દરેક પ્રકરણ પંચ સમક્ષ લઈ જવાં પડે છે. કિસ્સાઓનો ઝીણવટથી અભ્યાસ કર્યા પછી ફારગતી અપાય છે. છૂટાછેડા લીધેલ સ્ત્રી કે પુરૂષ ફરીથી પરણી શકે છે. વિધવાનું પુર્નલગ્ન થાય છે. દિયરવટાનો પણ ચાલ છે.

મૃત્યુ :

માણસ મરે કે બધાં રોવા માંડે છે. કેટલાંક મોટેરાઓ તેમને છાનાં રાખે છે. ત્યારે બીજાઓ સ્મશાનયાત્રાની તૈયારીમાં પડે છે. નજીકનાં ગામોમાં રહેતાં સગાઓને બોલાવવામાં આવે છે. તેઓ આવે નહીં ત્યાં સુધી મૃતદેહને ખસેડતા નથી. જો કે બીજા દિવસ સુધી મડદું રાખી મુકવાનો રિવાજ નથી. મુડદાને નવડાવીને પીઠી ચોળવામાં આવે છે અને મૃત વ્યક્તિ પુરૂષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કપડું ઓઢાડાય છે.

મૃતદેહને ઠાઠડી ઉપર મૂકીને લઈ જવામાં આવે છે. મુખ્ય ડાઘુ મરનારનો સૌથી નાનો દિકરો બને છે. તેના હાથમાં હાંલ્લી હોય છે. જેમાં દેવતા રાખવામાં આવે છે. આનાથી મૃતદેહની ચિતા સળગાવાય છે. મડદાનું માથું દક્ષિણ તરફ રાખીને સ્મશાનયાત્રા નીકળે છે. અડધે રસ્તે વિસામો આવે છે ત્યાં પાણી ભરેલો ઘડો ફોડાય છે. સ્ત્રીઓ સ્મશાનયાત્રામાં ભાગ નથી લેતી, માત્ર વિસામા સુધી જાય છે. સ્ત્રીનો પતિ મરી જાય ત્યારે સ્મશાનયાત્રામાંથી પાછાં ફર્યા બાદ તેનાં સૌભાગ્ય ચિહ્નો ઉતારી લેવામાં આવે છે. હળપતિઓ મૃતદેહને બાળે છે. કેટલાક દાટે પણ છે. છતાંય દાટેલા પુરૂષનું નાનકડું પ્રતીક જેવું પૂતળું બનાવી તેને મરણાંત્તર અગિયારમે દિવસે બાળવામાં આવે છે. હળપતિઓ હિન્દુઓની પેઠે સૂતક પાળે છે.

એવું લાગે કે મૃતાત્મા અસંતુષ્ટ રહી ગયો છે તો તેનો ખતરી બેસાડવામાં આવે છે. ખતરી એટલે લાકડાનું નાનું પૂતળું, અપરિણીત યુવાનના ખતરીને બીજા ખતરી સાથે પરણાવવામાં પણ આવે છે. એમને ઘાટ-ઘુમ્મટ ચઢાવવામાં આવે છે.

તાજેતરમાં મરણ પામેલા કુટુંબીજનોનું સામુહિક શ્રાધ્ધ કરવામાં આવે છે. તેને પરજણ અથવા મોટો દહાડો કહેવાય છે. આ વખતે બધાં સગાં વહાલાં એકઠાં થાય છે. આ કામ માટે ભગતને બોલાવાતો હોય છે. જેટલા મૃતાત્માઓ હોય તેટલી ચોખાની ઢગલીઓ કરી તેના ઉપર પૈસા અને સોપારી મૂકે છે અને તેમની ઉપર નાળચાવાળા માટીના વાસણમાંથી થોડું થોડું પાણી ટપકતું રખાય છે. ભગત વાજાંવાળાને અને ગાંગલી નામના વાજિંત્ર વગાઢનારને ગીત વાદનમાં ઉદ્યત કરેછે. પછી એની માતા આવે છે અને એ દરેક મૃતાત્માનું નામ લઈ ધૂણે છે. સાટકો થોડી થોડીવાર ઝૂડે છે. બધાં મૃતજનોનાં નામ આવી જાય ત્યાં સુધી (લગભગ સવાર સુધી) આ કામ ચાલે છે. પછી બધાં રસોઈ કરી જમે છે અને બપોરના સમયે સૌ વિખરાય છે.

**પંચ :**

તેમનું પંચ પણ અગત્યની સામાજિક સંસ્થા છે. (અહીં આપણે કાયદાથી રચાયેલ પંચાયતની વાત કરતા નથી) હળપતિઓનું પંચ ગામ માટે એક ફળિયા માટે હોય છે. તે હળપતિઓ રોજિંદા જીવનનું નિયમન કરે છે. બીજું પંચ આખા જિલ્લાનું હોય છે. તેમાં આખા જિલ્લાના હળપતિઓનું પ્રતિનિધિત્વ હોય છે. તે સંબંધિત હળપતિઓના જીવનનું નિયમન કરે છે. ગ્રામપંચ એમના અંદર અંદરના પ્રશ્નોના તથા ઝઘડાઓનો નિકાલ કરે છે. એ સામાજિક ઉત્સવોનું પણ નિયમન કરે છે. આ પંચ ગામ/ફળિયાના વડીલોનું બનેલું હોય છે. ઝઘડાઓના નિકાલ માટે બંને પક્ષોની હકીકત સાંભળવામાં આવે છે. તેની પૂરેપૂરી ચર્ચાઓ પણ થાય છે. ગૂનેગારને દંડ થાય છે. એમાંથી ફરિયાદીને નુકશાની અપાય તથા પંચને ઉજાણી માટે કંઈક અપાય, ક્યાંક ફળિયા / ગ્રામપંચ શ્રાવણ માસમાં હવન પણ કરાવે છે. એની પાસે લગ્ન-મરણ પ્રસંગે ભોજન માટે વપરાતાં વાસણો, લાઈટો પણ હોય છે.

**પટેલ :**

હળપતિઓનો મુખી પટેલ કહેવાય છે. ઉંમર, અનુભવ, લાગવગ અને વ્યક્તિનો દરજ્જો : મુખીની પસંદગી આ બધું ધ્યાનમાં લેવાય છે. એનું ઘણું માન આપવામાં આવે છે. લગ્નની વિગતો નક્કી કરવામાં પણ તેની સલાહ લેવાય છે. કૌટુંબિક ઝઘડાઓમાં પણ એનોઅવાજ સર્વોપરિ ગણાય છે.

પંચ પાસે પરજાતિ સ્ત્રીગમન, મારામારી, ફારગતી વગેરે પ્રશ્નો આવે છે. અવલદાર સંબંધિત પક્ષોને બોલાવી પંચ સમક્ષ હાજર કરે છે. જે નિર્ણયો થાય છે તેની લેખિત નોંધ રખાય છે. છૂટાછેડાના નિર્ણયો અંગે એક દસ્તાવેજ કરવામાં આવે છે. તેને ફારગતીનામું કહે છે. આવાં ફારગતીનામાં એક ફાઈલમાં પંચનો પટેલ સાચવી રાખે છે.

હળપતિઓ પોતાની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા અન પોતાના રીતરિવાજોને સંગઠિત કરવા ઘણાં ગામોનું એક પંચ રચે છે. તેને બાર ગામનો ચોરો કહે છે. તાલુકા કે જિલ્લા મંડળો આ બાર ગામના ચોરાનું સુધારેલું રૂપ છે. હળપતિઓ આધુનિકતા અપનાવી રહ્યા છે. સમાજના રીતરિવાજોમાં એમણે ઘણા સુધારા દાખલ કર્યા છે.

**હળપતિઓની ધાર્મિક માન્યતાઓ :**

એમના સૌથી અગત્યનો દેવ ભરમદેવ છે. બધા હળપતિ એને માન આપે છે. રોગચાળો ફાટી નીકળે ત્યારે એનું આવાહન કરવામાં આવે છે. એની સ્થાપના કરી મરઘાં / બકરાંઓનો ભોગ અપાય છે. ભરમદેવની મૂર્તિ માટીની બનાવવામાં આવે છે. તે આશરે બે ફૂટ ઊંચી, નળાકાર અને ચપટી હોય છે. મથાળું બંધ હોય છે. મધ્યમાં ચાર કાણાં હોય છે. એક નાનકડી, ખાસ બનાવેલી ઝૂંપડીમાં એને મૂકવામાં આવે છે.

બળિયાકાકા બળિયા, ઓરી અને એવા પ્રકારનાં ફોલ્લાવાળાં દરદોનો દેવ છે. એ શુધ્ધ દેવ હોઈ એને પશુબલિ ચઢતો નથી. અગાહી માતા આકાશમાં બધે ફરતી રહે છે. ઘર બહાર રમતાં બાળકોને એની ઝાપટ લાગી જાય તો તે માંદા પડે છે. માંદગીમાં આ માતાની બાધા રાખવામાં આવે છે. દેવીને સાડી, ઘાટઘુમ્મટ વગેરે ચઢાવાય છે. પેટફોડી માતા કષ્ટકારક પ્રગતિમાંથી ઉગારે છે. ખોખલી માતા ઉધરસ ઉત્પન્ન કરનાર, ઘટાડનાર અને અટકાવનાર દેવી છે. એની પણ બાધા રાખવામાં આવે છે. કૉલેરા જેવા ચેપી રોગની અધિષ્ઠાત્રીદેવી મરી માતા કે મરી દેવી છે. જ્યારે ગામમાં મરકીની દહેશત ફેલાય ત્યારે ગામના લોકો આ દેવીને મરઘડો કે બકરો ચઢાવવાની બાધા રાખે છે. દેવીનું પૂતળું બનાવી એક ગામથી બીજે ગામ ફેરવી દરેક જગ્યાએથી માન અપાવી, છેલ્લે ગામે બાળી મૂકાય છે.

વેરાઈ માતા બધાં દુઃખો હરે છે. સામાન્ય રીતે મેલડીની સાથે એની આરાધના કરવામાં આવે છે. કેટલીકવાર ભવાનીને પણ એ બેની સાથે જોડે છે. વેરિયા (વેરમાં નાચનારા) પણ આ ત્રણેની પૂજા કરે છે. દેવલી માડીમાં વાલોડ અને વ્યારા તાલુકાના હળપતિઓ અને અન્ય આદિવાસીઓ ખૂબ શ્રધ્ધા રાખે છે. મુસીબતમાં કે લગ્ન જેવા શુભ પ્રસંગે આ માતાની બાધા રખાય છે. કંસારી દેવી એ અનાજની, કણની દેવી છે. લણણીની મોસમ પહેલાં એની પૂજા કરવામાં આવે છે.

હળપતિઓ ભૂત, ચૂડેલ અથવા વેંતરી અને ડાકણમાં માને છે. એમનાથી થયેલાં દર્દમાંથી બચવા તેઓ ભગતને બોલાવે છે. ભગત દરદીને માથે ઉતારેલા દાણા જુએ છે. પછી શું કરવું તે નક્કી કરે છે. સામાન્ય રીતે થોડાક દાણા મંતરી આપે છે જે દરદીને કમરે બાંધવાના કહે છે. જે દેવીનો કોપ હોય તેને અનુરુપ ચઢાવો કરવા પણ એ સૂચના આપે છે. એ વનસ્પતિ દવા પણ આપે છે. કેટલાક ભગતો સાપ અને વીંછી પણ ઉતારે છે.

**તહેવારો :**

હળપતિઓનો સૌથી મોટો તહેવાર દિવાઓ છે. તે ચોમાસાની મધ્યમાં (અષાઢ વદ અમાસે) આવે છે. તે દિવસે ઢીંગલા ઢીંગલીનાં લગ્ન લેવાય છે. જેમાં માત્ર કુંવારી કન્યાઓ જ ભાગ લે છે. પુરૂષો-સ્ત્રીઓ પ્રેક્ષકો તરીકે આવે છે. ગામનાં બધાં હળપતિ કુટુંબો આ ઉત્સવ સાથે ઉજવે છે. સૌથી મોટી ઢીંગલી બનાવી હોય તે ઘરે બધી ઢીંગલીઓનાં લગ્ન ઉજવાય છે. લગ્નમાં સાચાં લગ્ન જેવું જ બધું કરવામાં આવે છે. લગ્ન પતી ગયા પછી રાત્રે છોકરીઓ વાળું કરી ગીતો ગાય છે. બધી ઢીંગલીઓને પછી એક તૂમડીમાં મૂકી નદીમાં પધરાવવામાં આવે છે. ત્યારનું એક ગીત છે :

નદી તારી માસી રે, ઢીંગલી
દરિયો તારો દાદો રે, ઢીંગલી
દરિયાકાંઠે જાજે રે, ઢીંગલી
દિયાને દાદો કહેજે રે, ઢીંગલી

મોટાઢીંગલાને ઢીંગદેવ કહેવાય. તેની પાંચ વર્ષ બરાબર સેવા કરાય તો તેવી સેવિકાને સારો વર મળે એમ મનાય છે.

શીતળા સાતમને દિવસે હળપતિઓ ઉપવાસ કરે છે. ઘરમાં ચૂલો સળગાવતા નથી. સાંજે સ્ત્રીઓ ગરબા ગાય છે. નવરાત્રિમાં માતાની પૂજા કરવા 'ઘેર' બાંધે છે. જેમાં યુવાનો નાચે અને સુંદર ગીતો ગાય. દિવાળીમાં ધણિયામાને ત્યાંથી સારું ખાવાનું મળતું, હવે મુક્ત થયા પછી ફટાકડા ફોડે તથા દીવા પણ સળગાવે. આ દિવસોમાં જાત્રા ભરાતી હોય ત્યાં પણ હાંશેહાંશે સહકુટુંબ જાય. હોળીમાં ગામ ભેગા હોળી સળગાવી હોય ત્યાં જોવા, પગે લાગવા જાય છે. હળપતિ સ્ત્રીઓ હોળીનાં ગીતો ગાઈ ધણિયામાને ત્યાંથી બક્ષિસ માગતી (તેને હોળીનો ફગવો કહેતા.) જો કે બક્ષિસ મેળવવાના પ્રસંગો ઓછા થતા જાય છે.

**તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :**

હળપતિ જાતિના અભ્યાસમાં જાતિનો સામાન્ય પરિચય, તેની વસતિ, વિસ્તાર, ઉત્પત્તિ, પેટાજાતિઓ, તેનું સ્થાન, ભૌતિક સાધન સંપત્તિ, સામાજિક સંરચના-બીજી જાતિઓ સાથેના સંબંધો, કુટુંબ વ્યવસ્થા, જાતિપંચ, સામાજિક રીતરિવાજો (જન્મ, લગ્ન, મૃત્યુ), તેની ધાર્મિક માન્યતાઓ-દેવદેવીઓ, ઉત્સવો વગેરે ઉપરાંત તેની આર્થિક પરિસ્થિતિ (તેમનામાં જોવા મળતી હાળી પ્રથા-પરિવર્તન) સાથે સાથે શૈક્ષણિક સ્થિતિનું તેમનું ચિત્ર અભ્યાસ દરમ્યાન મૂકવા પ્રયત્ન કર્યો છે.

(૧) **મકાનો :** હળપતિ જાતિના ઘરો એટલી કંગાળ હાલતમાં જોવા મળે છે. ઝૂંપડા-છાપરા ટાઈપ નાના, સાંકડા અને ગંદા જોવા મળે છે. તેની આ હાલત જોઈ જૂના વખતમાં મુંબઈ સરકારે "હળપતિ ગૃહયોજના પાંચ વર્ષ માટે અમલી બનાવી, બીજી પંચવર્ષિય યોજનામાં ૩૦ લાખની જોગવાઈથી ૭૦૦ મકાનોની કરી હતી. જે ૧૯૫૪માં બંધ કરાઈ હતી. તે પછી ૧૯૮૪માં પાછી ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા શરૂ કરાઈ હતી. જેના કારણે ૨૩ હજાર જેટલા આવાસો ૨૦૦૩ સુધીમાં બનાવી પ્રસંસનીય કામગીરી કરાઈ હતી. જે હજુ યોજના અમલી છે. છતાં આવાસમાં જે સંકળાસ છે તે સુધારી ચાલુ રહેવી જોઈશે. તો તેમની રહેઠાણની સમસ્યા હળવી બનશે.

(૨) **આર્થિક સ્થિતિ :** હળપતિ જાતિનો અનેક પ્રશ્નોમાં તેમના સમગ્ર જીવનને સ્પર્શે તેવો પ્રશ્ન છે. તેમની આર્થિક કંગાળ પરિસ્થિતિનો. તેવો જમીન વિહોણ ખેતમજૂર હોઈ માત્રને માત્ર મહદ્અંશે ખેતમજૂરી જ તેઓને માટે વિકલ્પ હોઈ આર્થિક સ્થિતિ હંમેશાં કંગાળ રહી છે. તેમાંય તેમનામાં હાળીપ્રથાથી તેમની જે શોષણ પ્રક્રિયા ચાલી જેને લઈને તેવો હંમેશાં પીસાતા રહ્યા. દરરોજ ખેતમજૂરી કે કામ મળતું ન હોઈ આર્થિક સ્થિતિ વધુ કફોડી રહેવા પામે છે. મજૂરી મળી રહે તેવા વ્યવસાયો ઉભા કરવા, ગૃહઉદ્યોગ શક્ય તેટલા આપવા જેથી કામ મળી રહે, બીજા વિસ્તારોના

કામ સ્થળે વાળવા જોઈએ. જ્યાં ખરાબાની જમીન હોય ત્યાં આપવી જોઈએ. આર્થિક સ્થિતિ સુધારા સાથે તેઓ સ્વાશ્રય બને, તેમ વિશ્વાસ જગાવવો જોઈએ.

(૩) **શિક્ષણ :** હળપતિ જાતિમાં શિક્ષણની સ્થિતિ અત્યંત નિમ્ન કક્ષાની જોવા મળે છે. ઘણા પ્રયત્નો થવા છતાં, સવર્ણ જાતિઓ સાથેના વસવાટ અસરો હોવા છતાં શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યું નથી. જે આ જાતિની મોટી કરુણતા છે. તેની આર્થિક કંગાળિયતતા, આળસ, નિષ્કાળજી, તેઓની દારૂ પીવાની કુટેવો વગેરે ઉપરાંત તેઓ માનસિક રીતે ભાંગી પડેલ હોઈ શિક્ષણ પ્રત્યેની નીરસતા તેઓમાં ઘર કરી ગઈ હોઈ, તેઓમાં શિક્ષણનો વ્યાપ થઈ શક્યો નથી. તેઓ માટે ફરજિયાત, મફત શિક્ષણ કરવું. મા-બાપને સમજાવવા, શાળાના સમયમાં ફેરફારો કરીને, મધ્યાહન ભોજન વગેરે જેવી જ્યાં શક્ય છે, ત્યાં યોજના અમલી બનાવવી. તેમની રુચિ પ્રમાણે અભ્યાસક્રમ ગોઠવીને પણ પ્રેરવા જોઈએ. તેઓમાં નિવાસી શાળાનો પ્રયોગ કરવો જોઈએ. જેથી ઘરકામ, ખેતીકામ, ઢોર ચરાવવા જેવાથી બાળકો મુક્ત બનશે અને પ્રાથમિક શિક્ષણ પામશે. શિક્ષણનું મહત્વ સમજાવતી પ્રવૃત્તિઓ કરાવવી, સમજાવવીને આગળ વધવું જોઈએ.

(૪) **ખોરાક-પાણી-પીણાં :** હળપતિઓ આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ પૂરતો તેમજ ગુણવત્તાવાળો ખોરાક લઈ શકતા નથી. તેઓના રોજ-બરોજના ખર્ચાઓમાં ખોરાક પાછળ ખર્ચ સૌથી વધુ જોવા મળે પણ ગુણવત્તા કે તત્વોની રીતે પ્રોટીન અને વીટામીન્સ જેવા તત્વોનો અભાવ જોવા મળે છે. તેમની સામાન્ય આવક જોતાં તેઓ વિશેષ સારા ખોરાક પાછળ ખર્ચાઓ કરી શક્યાને સમર્થ નથી. ઘણીવાર મોંઘા ભાવના અનાજ ખરીદવા પૈસાને અભાવે સમય જતાં ખરીદવું પડે છે.

તેઓ માટે આખા વર્ષ દરમ્યાન સસ્તા વ્યાજબી ભાવે અનાજ મળી રહે તેવા ભંડાર ઉભા કરવા જોઈએ. ગામ-કસબાઓમાં ઘણી જગ્યાએ પાણીની તંગી કે વ્યવસ્થા હોતી નથી. ત્યાં ન હોઈ એટલે તળાવ, નદી, વહેળાઓથી કે કૂવા દૂર હોય ત્યાંથી પાણી ગમે તેવું હોય તે વાપરે છે. હેડપંપ ચાલુ ન હોય ત્યારે મુશ્કેલી અનુભવે છે. ચોખ્ખા પાણીના શક્ય તેટલા કૂવા કે બીજા હેડપંપ બનાવી વ્યવસ્થા ગોઠવાય તેમ કરવું જોઈએ.

પીણામાં દારૂ, તાડી જેવા વ્યસનો તેઓમાં હજુ છે. શક્ય હોય ત્યાં જાગૃતતા કેળવી તેઓને સારી ટેવો માટેના પ્રયત્ન રાખી વર્ગો ગોઠવી શકાય.

(૫) **સંસ્કૃતિ :** હળપતિઓમાં બાહ્ય સમાજોની, શહેરીકરણની અસરો થવાથી તેમના પારંપારિક સાંસ્કૃતિક વારસામાં (નૃત્યો, વાજિંત્રો, રહેણીકરણી) વિક્ષેપ પડ્યો છે. શિક્ષણની અસરથી કે સુધરેલા લોકોના સંપર્કથી તે વારસાને નુકશાન પહોંચ્યું છે. જેમાંથી તેઓ આનંદ પ્રમોદ મેળવી ઉત્સાહ મેળવતા હતા. તે તેમની પાસેથી ઝૂંટવાઈ ન જાય તે માટે સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખવા શક્ય પ્રયત્ન કરવા જોઈએ. કારણકે આંધળા અનુકરણને કારણે તેમના નૃત્યગીતો વાજિંત્રો સાવ વિસરાઈ

જશે તો તેવો સાવ મૂઢ અવસ્થા ભોગવશે. કાર્યશક્તિની ઊણપ વર્તશે માટે તેમ ન બને તે માટે જરૂરત પગલાં લઈ આર્થિક સ્થિતિ સુદઢ બનાવી પણ પ્રયાસો કરવા પડશે.

(૬) **સ્વાસ્થ્ય-આરોગ્ય :** જાતિની આર્થિક સ્થિતિ, તેમનો વસવાટ પણ સંકળાશવાળો, ગંદો હોય, ખોરાક, પાણીની ઉણપ-અછત હોય ત્યાં આરોગ્ય જળવાશે નહીં. એ સંજોગોમાં તેમનું સ્વાસ્થ્ય-આરોગ્ય સારું તો નથી જ, એ સંદર્ભે તેમના ખોરાક, પાણી માટે ઘટતાં પગલાં લેવા, તેમની વસવાટી સ્થિતિ માટે જરૂરી સ્વચ્છતાનાં પગલાં ભરવા જોઈએ. શક્ય હોય ત્યાં ફરતુ દવાખાનું રાખીને આરોગ્ય સંબંધી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.